
Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# તત્ત્વજ્ઞાન પાઠમાળા

ભાગ ૧



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

પંડિત બાબુભાઈ મહેતા ટ્રસ્ટ, ફતેપુર પુષ્પ–૨
[શ્રી ટોડરમલ ગ્રન્થમાળા, પુષ્પ નં. ૨૦]

# તત્ત્વજ્ઞાન પાઠમાલા ભાગ-૧

[હિંદી પરથી ગુજરાતી અનુવાદ]

(શ્રી વીતરાગ વિજ્ઞાન વિદ્યાપીઠ પરીક્ષા બોર્ડ દ્વારા નિર્ધારિત)

● લેખક–સંપાદક ●

**ડૉ. હુકમચન્દ ભારિલ્લ**
શાસ્ત્રી, ન્યાયતીર્થ, સાહિત્યરત્ન, એમ.એ., પી.એચ.ડી.
સંયુક્તમંત્રી, પં. ટોડરમલ સ્મારક ટ્રસ્ટ, જયપુર.

● અનુવાદક ●

**રમણલાલ માણેકલાલ શાહ**
બી.એસસી., બી.ટી.

● પ્રકાશક ●

**શ્રી ધર્મરત્ન પંડિત બાબુભાઈ ચુનીલાલ મહેતા**
**અભિનંદન સ્મૃતિ તત્ત્વજ્ઞાન પ્રચાર પ્રસાર ટ્રસ્ટ**
ફતેપુર, તા. પ્રાંતિજ–૩૮૩ ૨૦૫, જિ. સાબરકાંઠા.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

● સર્વાધિકાર સુરક્ષિત

● આવૃત્તિ : હિન્દી :

- પ્રથમાવૃત્તિ : ૫૫૦૦ (૧૯૭૨)
- દ્વિતીયાવૃત્તિ : ૪૦૦૦ (ઓક્ટો. ૧૯૭૭)
- તૃતીયાવૃત્તિ : ૫૨૦૦ (૧ જાન્યુ. ૧૯૮૩)
- ચર્તુથાવૃત્તિ : ૩૨૦૦ (૨ ઓક્ટો. ૧૯૮૯)

● આવૃત્તિ : ગુજરાતી :

- પ્રથમાવૃત્તિ : ૨૧૦૦ (૧૯૭૭)
- દ્વિતીયાવૃત્તિ : ૧૨૦૦ (૧૯૯૧)
- તૃતીયાવૃત્તિ : ૧૦૦૦ (૧૯૯૮)

● મૂલ્ય : રૂા. ૪-૦૦ પૈસા

● મુદ્રણ : દિલીપ એમ. પટેલ
મુદ્રણ સ્થાન : પટેલ કોમ્પ્યુટર એન્ડ ઓફસેટ પ્રિન્ટર્સ,
બસ સ્ટેશનની પાછળ, કાંકણોલ.
તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા. (ઉ.ગુજરાત)
ફોન : (ઓ.) ૪૨૪૯૯, (રહે.) ૪૨૮૦૫

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

## Thanks & Our Request

This shastra has been kindly donated by Dakshaben Sanghvi, Geneva, Switzerland who has paid for it to be "electronised" and made available on the internet.

Our request to you:

1) Great care has been taken to ensure this electronic version of Tattva Gnaan Pathmala Part 1 (Gujarati) is a faithful copy of the paper version. However if you find any errors please inform us on rajesh@AtmaDharma.com so that we can make this beautiful work even more accurate.

2) Keep checking the version number of the on-line shastra so that if corrections have been made you can replace your copy with the corrected one.

## Version History

| Version Number | Date | Changes |
|---|---|---|
| 001 | 26 April 2009 | First electronic version |

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# સમર્પણ

આ ભૌતિકવાદી યુગમાં, જ્યારે સમસ્ત જગત ભોગસન્મુખ થઈ રહેલ છે, અને અશાન્તિની જ્વાળાથી સંતપ્ત છે, એવા સમયમાં જેમણે આધ્યાત્મિકતાનો પ્રચાર અને પ્રસાર કરીને અપૂર્વ આત્મશાન્તિનો માર્ગ પ્રશસ્ત કર્યો છે, પોતે નિરંતર આત્મ-સાધનામાં લીન છે તથા મોહમાં ઘેલાં અમારા જેવાં પામર પ્રાણીઓને જેમણે મુક્તિનો માર્ગ બતાવીને મહાન-મહાન ઉપકાર કર્યો છે; પરમ પૂજ્ય આચાર્ય ધરસેન, કુન્દકુન્દ, ઉમાસ્વામી, સમન્તભદ્ર, અમૃતચન્દ્ર, નેમિચન્દ્ર આદિ વીતરાગી દિગંબર મુનિવરોમાં જેમને અપાર ભક્તિ છે અને પંડિતપ્રવર પાંડે રાજમલજી, કવિવર પં. બનારસીદાસજી અને આચાર્યકલ્પ પં. ટોડરમલજી પ્રત્યે જેમને અપાર શ્રધ્ધા છે; તે જિનવાણીના પરમ ભકત અને પ્રબળ પ્રચારક આધ્યાત્મિક સન્ત પૂજ્યવર **શ્રી કાનજીસ્વામી**નાં કરકમલોમાં સાદર સવિનય સમર્પિત.

પૂરણચન્દ ગોદીકા
અધ્યક્ષ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# નિવેદન

આ પુસ્તક શ્રી ટોડરમલ સ્મારક ભવન દ્વારા પ્રકાશિત અને વીતરાગ-વિજ્ઞાન વિદ્યાપીઠ પરીક્ષા બોર્ડના પાઠ્યક્રમમાં નક્કી થયેલ બાલબોધ પાઠમાળા ભાગ ૧,૨,૩ અને વીતરાગ-વિજ્ઞાન પાઠમાળા ભાગ ૧,૨,૩ ની પછીનું સાતમું પુસ્તક છે. તેથી આ પુસ્તકનું નિર્માણ ઉપરોક્ત છ પુસ્તકોના પૂર્વજ્ઞાનને આધાર માનીને થયું છે, સાથે ઉપરોક્ત પરીક્ષા બોર્ડની વિશારદ પરીક્ષાના અભ્યાસક્રમને પણ લક્ષમાં રાખવામાં આવેલ છે.

બાલબોધ પાઠમાળાઓ અને વીતરાગ-વિજ્ઞાન પાઠમાળાઓના, ત્રણથી ચાર વર્ષના થોડા સમયમાં કેટલાંય સંસ્કરણોનું બહાર પડવું અને બે લાખથી પણ વધારે પુસ્તકોનું વેચાણ થવું-એ તે પાઠમાળાઓની લોકપ્રિયતાનું પ્રત્યક્ષ પ્રમાણ છે અને તેનાથી અમને આ કાર્યમાં પ્રોત્સાહન મળ્યું છે. તેથી તે પુસ્તકોની જેમ આ પુસ્તકને પણ સર્વાંગસુંદર અને ઉપયોગી બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. એના પાઠોની પસંદગીમાં ચારેય અનુયોગોને સમાન રીતે પ્રતિનિધિત્વ તો આપવામાં આવ્યું છે; સાથે સાથે સાચા દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યે ભક્તિ અને બહુમાન ઉત્પન્ન કરવાના હેતુથી પૂજન અને સ્તુતિ સંબંધી પાઠો પણ રાખવામાં આવેલા છે.

સર્વશ્રી ખીમચંદ જેઠાલાલ શેઠ સોનગઢ; પં. રતનચંદજી શાસ્ત્રી, ન્યાયતીર્થ, એમ. એ. વિદિશા; પં. 'યુગલજી', એમ. એ. કોટા; શ્રી નેમીચંદજી પાટની આગરા-સર્વે એ આ પુસ્તક માટે પાઠો લખવાની અત્યંત કૃપા કરી છે અને સંસ્થાના સુયોગ્ય સંયુક્ત મંત્રી ડૉ. હુકમચંદજી ભારિલ્લ, શાસ્ત્રી, ન્યાયતીર્થ, એમ. એ. પી.એચ.ડી. એ પુસ્તકનું સુનિયોજિત સંપાદન અને બાકીના પાઠોનું લેખન કર્યું છે. ઉપરોક્ત બધાય મહાનુભાવોનો અમે હાર્દિક આભાર માનીએ છીએ.

જો જિજ્ઞાસુ પાઠકોને આનાથી થોડો પણ લાભ મળશે તો અમો અમારા પ્રયાસને સફળ લેખીશું.

• નિવેદકો •

નેમીચંદ પાટની
મંત્રી

પૂરણચંદ ગોદીકા
અધ્યક્ષ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

## પાઠ - ૧

# ❋ શ્રી સીમંધર પૂજન ❋

### સ્થાપના

ભવ - સમુદ્ર સીમિત કિયો, સીમંધર ભગવાન ।
કર સીમિત[૧] નિજજ્ઞાન કો, પ્રગટ્યો પૂરણ જ્ઞાન ॥
પ્રગટ્યો પૂરણ જ્ઞાન વીર્ય - દર્શન - સુખધારી,
સમયસાર અવિકાર વિમલ ચૈતન્ય - વિહારી ।
અંતર્બલ સે કિયા પ્રબલ રિપુ-મોહ પરાભવ,
અરે ભવાન્તક ! કરો અભય હર લો મેરા ભવ ॥

ૐ હ્રીં શ્રી સીમંધરજિન ! અત્ર અવતર અવતર સંવૌષટ્ । અત્ર તિષ્ઠ તિષ્ઠ ઠઃ ઠઃ ।
અત્ર મમ સન્નિહિતો ભવ ભવ વષટ્ ।

### જલ

પ્રભુવર તુમ જલ-સે શીતલ હો, જલ-સે નિર્મલ અવિકારી હો,
મિથ્યામલ ધોને કો જિનવર, તુમહી તો મલ-પરિહારી હો ।
તુમ સમ્યગ્જ્ઞાનજલોદધિ હો, જલધર અમૃત બરસાતે હો,
ભવિજન-મન-મીન-પ્રાણદાયક, ભવિજન-મન-જલજ ખિલાતે હો ।
હે જ્ઞાનપયોનિધિ સીમંધર ! યહ જ્ઞાન-પ્રતીક સમર્પિત હૈ,
હો શાન્ત જ્ઞેયનિષ્ઠા મેરી, જલ સે ચરણામ્બુજ ચર્ચિત હૈ ॥

ૐ હ્રીં શ્રી સીમંધરજિનેન્દ્રાય જન્મજરામૃત્યુવિનાશનાય જલમ્ નિર્વપામીતિ સ્વાહા ।

### ચંદન

ચંદન-સમ ચન્દ્રવદન જિનવર, તુમ ચન્દ્ર-કિરણ સે સુખકર હો,
ભવ-તાપ નિકંદન હે પ્રભુવર, સચમુચ તુમ હી ભવ-દુઃખ-હર હો ।

---

૧. જ્ઞાનને પરથી હઠાવી પોતામાં મગ્ન કરવું.

જલ રહા હમારા અન્તઃસ્તલ, પ્રભુ ઈચ્છાઓં કી જ્વાલા સે,
યહ શાન્ત ન હોગા હે જિનવર, રે ! વિષયોં કી મધુશાલા સે ।
ચિર અંતર્દાહ મિટાને કો, તુમહી મલયાગિરિ ચંદન હો,
ચંદનસે ચરચૂં ચરણાંબુજ, ભવતપહર ! શત શત વંદન હો ॥

ૐ હ્રીં શ્રી સીમંધરજિનેન્દ્રાય સંસારતાપવિનાશનાય ચંદનમ્ નિર્વપામીતિ સ્વાહા ।

## અક્ષત

પ્રભુ ! અક્ષતપુર કે વાસી હો, મૈં ભી તેરા વિશ્વાસી હૂઁ,
ક્ષત-વિક્ષત મેં વિશ્વાસ નહીં, તેરે પદ કા પ્રત્યાશી હૂઁ ।
અક્ષત કા અક્ષત-સંબલ લે, અક્ષત-સામ્રાજ્ય લિયા તુમને,
અક્ષત-વિજ્ઞાન દિયા જગ કો, અક્ષત-બ્રહ્માંડ [૧] કિયા તુમને ।
મૈં કેવલ અક્ષત અભિલાષી, અક્ષત અતએવ ચરણ લાયા,
નિર્વાણ-શિલા કે સંગમ-સા, ધવલાક્ષત મેરે મન ભાયા ॥

ૐ હ્રીં શ્રી સીમંધરજિનેન્દ્રાય અક્ષયપદપ્રાપ્તયે અક્ષતમ્ નિર્વપામીતિ સ્વાહા ।

## પુષ્પ

તુમ સુરભિત જ્ઞાન-સુમન હો પ્રભુ, નહીં રાગ-દ્વેષ દુર્ગંધ કહીં,
સર્વાંગ સુકોમલ ચિન્મય તન, જગ સે કુછ ભી સંબંધ નહીં ।
નિજ અંતર્વાસ સુવાસિત હો, શૂન્યાન્તર પર કી માયા સે,
ચૈતન્ય-વિપિન કે ચિતરંજન, હો દૂર જગત કી છાયા સે ।
સુમનોં સે મન કો રાહ મિલી, પ્રભુ કલ્પબેલ સે યહ લાયા,
ઈન કો પા ચહક ઉઠા મન-ખગ, ભર ચોંચ ચરણ મેં લે આયા ॥

ૐ હ્રીં શ્રી સીમંધરજિનેન્દ્રાય કામબાણવિધ્વંસનાય પુષ્પમ્ નિર્વપામીતિ સ્વાહા ।

## નૈવેદ્ય

આનંદ રસામૃત કે દ્રહ હો, નીરસ જડતા કા દાન નહીં,
તુમ મુક્ત ક્ષુધા કે વેદન સે, ષટ્રસ કા નામ-નિશાન નહીં ।
વિધ-વિધ વ્યંજન કે વિગ્રહ સે, પ્રભુ ભૂખ ન શાંત હુઈ મેરી,
આનંદ સુધારસ નિર્ઝર તુમ, અતએવ શરણ લી પ્રભુ તેરી ।

---

૧. પૂર્ણ શુદ્ધ સ્વભાવ પર્યાય.

ચિર-તૃપ્તિ-પ્રદાયી વ્યંજન સે, હો દૂર ક્ષુધા કે અંજન યે,
ક્ષુત્પીડા કૈસે રહ લેગી ? જબ પાયે નાથ નિરંજન યે ॥

ૐ હ્રીં શ્રી સીમંધરજિનેન્દ્રાય ક્ષુધારોગવિનાશનાય નૈવેદ્યં નિર્વપામીતિ સ્વાહા ।

## દીપ

ચિન્મય-વિજ્ઞાન-ભવન અધિપતિ, તુમ લોકાલોક પ્રકાશક હો,
કૈવલ્ય-કિરણ સે જ્યોતિત પ્રભુ ! તુમ મહામોહતમ નાશક હો ।
તુમ હો પ્રકાશ કે પુંજ નાથ ! આવરણોં કી પરછાંહ નહીં,
પ્રતિબિંબિત પૂરી જ્ઞેયાવલિ, પર ચિન્મયતા કો આંચ નહીં ।
લે આયા દીપક ચરણોં મેં, રે ! અંતર આલોકિત કર દો,
પ્રભુ તેરે મેરે અન્તર[1] કો, અવિલંબ નિરંતર સે ભર દો ॥

ૐ હ્રીં શ્રી સીમન્ધરજિનેન્દ્રાય મોહાંધકારવિનાશનાય દીપમ્ નિર્વપામીતિ સ્વાહા ।

## ધૂપ

ધૂ-ધૂ જલતી દુઃખ કી જ્વાલા, પ્રભુ ત્રસ્ત નિખિલ જગતીતલ હૈ,
બેચેત પડે સબ દેહી હૈં, ચલતા ફિર રાગ પ્રભંજન હૈ ।
યહ ધૂપ ઘૂમરી ખા ખાકર, ઉડ રહા ગગન કી ગલિયોં મેં,
અજ્ઞાનતમાવૃત ચેતન જ્યોં, ચૌરાસી કી રંગ-રલિયોં મેં ।
સંદેશ ધૂપ કા તાત્ત્વિક પ્રભુ, તુમ હુયે ઊર્ધ્વગામી જગ સે,
પ્રગટે દશાંગ[2] પ્રભુવર તુમ કો અંતઃદશાંગ કી સૌરભ સે ॥

ૐ હ્રીં શ્રી સીમન્ધરજિનેન્દ્રાય અષ્ટકર્મદહનાય ધૂપમ્ નિર્વપામીતિ સ્વાહા ।

## ફલ

શુભ-અશુભ વૃત્તિ એકાંત દુઃખ, અત્યંત મલિન સંયોગી હૈ,
અજ્ઞાન વિધાતા હૈ ઈનકા, નિશ્ચિત ચૈતન્ય વિરોધી હૈ ।
કાંટોં સી પૈદા હો જાતી, ચૈતન્ય-સદન કે આંગન મેં,
ચંચલ છાયા કી માયા સી, ઘટતી ક્ષણ મેં બઢતી ક્ષણ મેં ।

---

૧. ફરક. ૨. ઉત્તમ ક્ષમાદિ દશ ધર્મ.

તેરી ફલ-પૂજા કા ફલ પ્રભુ ! હો શાંત શુભાશુભ જ્વાલાયેં,
મધુકલ્પ ફલોં સી જીવન મેં પ્રભુ ! શાંતિ લતાયેં છા જાવેં ॥
ૐ હ્રીં શ્રી સીમંધરજિનેન્દ્રાય મોક્ષફલપ્રાપ્તયે ફલમ્ નિર્વપામીતિ સ્વાહા ।

## અર્ઘ

નિર્મલ જલ-સા પ્રભુ નિજ સ્વરૂપ, પહિચાન ઉસી મેં લીન હુએ,
ભવ-તાપ ઉતરને લગા તભી ચંદન-સી ઉઠી હિલોર હિયે ।
અભિરામ-ભવન પ્રભુ અક્ષત કા, સબ શક્તિ-પ્રસૂન લગે ખિલને,
ક્ષુત-તૃષા અઠારહ દોષ ક્ષીણ, કૈવલ્ય પ્રદીપ લગા જલને ।
મિટ ચલી ચપલતા યોગોં કી, કર્મો કે ઇંધન ધ્વસ્ત હુએ,
ફલ હુઆ પ્રભો ! ઐસા મધુરિમ, તુમ ધવલ નિરંજન સ્વસ્થ હુએ ॥
ૐ હ્રીં શ્રી સીમન્ધરજિનેન્દ્રાય અનર્ઘપદપ્રાપ્તયે અર્ઘમ્ નિર્વપામીતિ સ્વાહા ।

## જયમાલા

વૈદેહી હો દેહ મેં, અતઃ વિદેહી નાથ ।
સીમંધર નિજ સીમ મેં, શાશ્વત કરો નિવાસ ॥૧॥
શ્રી જિન પૂર્વ વિદેહ મેં, વિદ્યમાન અરહંત ।
વીતરાગ સર્વજ્ઞ શ્રી, સીમંધર ભગવંત ॥૨॥
હે જ્ઞાનસ્વભાવી સીમંધર, તુમ હો અસીમ આનંદરૂપ ।
અપની સીમા મેં સીમિત હો, ફિર ભી હો તુમ ત્રૈલોક્ય ભૂપ ॥૩॥
મોહાન્ધકાર કે નાશ હેતુ, તુમ હી હો દિનકર અતિ પ્રચંડ ।
હો સ્વયં અખંડિત કર્મ શત્રુ કો, કિયા આપને ખંડ-ખંડ ॥૪॥
ગૃહવાસ રાગ કી આગ ત્યાગ, ધારા તુમને મુનિપદ મહાન ।
આતમ-સ્વભાવ સાધન દ્વારા, પાયા તુમને પરિપૂર્ણ જ્ઞાન ॥૫॥
તુમ દર્શનજ્ઞાન-દિવાકર હો, વીરજ મંડિત આનંદકંદ ।
તુમ હુએ સ્વયં મેં સ્વયં પૂર્ણ, તુમ હી હો સચ્ચે પૂર્ણ ચંદ ॥૬॥
પૂરવ વિદેહ મેં હે જિનવર, હો આપ આજ ભી વિદ્યમાન ।
હો રહા દિવ્ય ઉપદેશ, ભવ્ય પા રહે નિત્ય અધ્યાત્મ-જ્ઞાન ॥૭॥



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

શ્રી કુંદકુંદ આચાર્યદેવ કો, મિલા આપસે દિવ્ય જ્ઞાન ।
આત્માનુભૂતિ સે કર પ્રમાણ, પાયા ઉનને આનંદ મહાન ॥૮॥

પાયા થા ઉનને સમયસાર, અપનાયા ઉનને સમયસાર ।
સમઝાયા ઉનને સમયસાર, હો ગયે સ્વયં વે સમયસાર ॥૯॥

દે ગયે હમેં વે સમયસાર, ગા રહે આજ હમ સમયસાર ।
હૈ સમયસાર બસ એક સાર, હૈ સમયસાર બિનસબ અસાર ॥૧૦॥

મૈં હૂઁ સ્વભાવ સે સમયસાર, પરણતિ હો જાવે સમયસાર ।
હૈ યહી ચાહ, હૈ યહી રાહ, જીવન હો જાવે સમયસાર ॥૧૧॥

ૐ હ્રીં સીમન્ધરજિનેન્દ્રાય અનર્ઘપદપ્રાપ્તયે જયમાલાર્ઘં નિર્વપામીતિ સ્વાહા ।

સમયસાર હૈ સાર, ઔર સાર કુછ હૈ નહીં ।
મહિમા અપરંપાર, સમયસારમય આપકી ॥૧૨॥

પુષ્પાંજલિ ક્ષિપેત્

# પાઠ - ૨

# ❋ સાત તત્ત્વો સંબંધી ભૂલો ❋

## આચાર્યકલ્પ પંડિત ટોડરમલજી
(વ્યક્તિત્વ અને કર્તૃત્વ)

આચાર્યકલ્પ પંડિત ટોડરમલજીના પિતાજી શ્રી જોગીદાસજી ખંડેલવાલ દિ. જૈન ગોદીકા ગોત્રીય હતા. તેમનાં માતુશ્રીનું નામ રંભાબાઈ હતું. તેઓ પરણેલા હતા. તેમને બે પુત્રો હતા.-હરિશ્ચંદ્ર અને ગુમાનીરામ. ગુમાનીરામ મહાન પ્રતિભાશાળી અને પિતાના જેવા જ ક્રાંતિકારી હતા. જો કે પંડિતજીનું મોટા ભાગનું જીવન જયપુરમાં જ વીત્યું તેમ છતાં તેમને પોતાની આજીવિકા માટે થોડો સમય સિંઘાણા અવશ્ય રહેવું પડ્યું હતું. ત્યાં તેઓ દિલ્હીના એક શાહુકારને ત્યાં કામ કરતા હતા.

જો કે પરંપરાગત માન્યતાનુસાર તેમનું આયુષ્ય ૨૭ વર્ષનું મનાય છે; પરંતુ તેમની સાહિત્યસાધના, જ્ઞાન અને તાજા પ્રાપ્ત થયેલા ઉલ્લેખો અને પ્રમાણોના આધારે એ નિશ્ચિત થઈ ચૂક્યું છે કે તેઓ ૪૭ વર્ષ સુધી જીવિત હતા. તેમની મૃત્યુતિથિ વિ.સં. ૧૮૨૩-૨૪ લગભગ નિશ્ચિત છે, તેથી તેમનો જન્મ વિ. સં. ૧૭૭૬-૭૭માં હોવો જોઈએ.

તેમનું સામાન્ય શિક્ષણ જયપુરની એક આધ્યાત્મિક (તેરાપંથ) ગોષ્ઠીમાં થયું. પરંતુ અગાધ વિદ્વત્તા તો માત્ર પોતાનાં ભારે શ્રમ અને પ્રતિભાના બળ વડે જ તેમણે પ્રાપ્ત કરી; અને તે વહેંચી પણ ખૂબ ઉદાર દીલે. તેઓ પ્રતિભાસંપન્ન, પ્રજ્ઞાવાન અને અધ્યયનશીલ હતા. પ્રાકૃત, સંસ્કૃત અને હિંદી ઉપરાંત તેમને કન્નડ ભાષાનું પણ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

જ્ઞાન હતું. તેમના સંબંધમાં વિ. સં. ૧૮૨૧માં બ્ર. રાયમલ ઈન્દ્રધ્વજવિધાન મહોત્સવ પત્રિકામાં લખે છે. - "આવા પ્રકાંડ પ્રજ્ઞાના ધારક પુરુષ આ કાળમાં થવા દુર્લભ છે, તેથી તેમને મળવાથી સર્વ સંદેહ દૂર થાય છે."

તેઓ પોતે મોક્ષમાર્ગ-પ્રકાશકમાં પોતાના અધ્યયન સંબંધમાં લખે છે.- " ટીકા સહિત સમયસાર, પંચાસ્તિકાય, પ્રવચનસાર, નિયમસાર, ગોમ્મટસાર, લબ્ધિસાર, ત્રિલોકસાર, તત્ત્વાર્થસૂત્ર ઈત્યાદિ શાસ્ત્ર; તથા ક્ષપણાસાર પુરુષાર્થસિદ્ધયુપાય, અષ્ટપાહુડ, આત્માનુશાસન આદિ શાસ્ત્ર; તથા શ્રાવક-મુનિના આચારનાં પ્રરૂપક અનેક શાસ્ત્ર; સુકથા સહિત પુરાણાદિ શાસ્ત્ર એ વગેરે અનેક શાસ્ત્ર છે, તેમાં મારી બુદ્ધિ અનુસાર અભ્યાસ વર્તે છે."

તેઓશ્રીએ પોતાના જીવનમાં નાની મોટી બાર રચનાઓ કરી છે. આ રચનાઓનું પરિમાણ લગભગ એક લાખ શ્લોક પ્રમાણ અર્થાત્ પાંચ હજાર પૃષ્ઠ લગભગ છે. તેમાં કેટલીક તો લોકપ્રિય ગ્રંથોની વિશાળ પ્રામાણિક ટીકાઓ છે. અને કેટલીક સ્વતંત્ર રચનાઓ છે. તે રચનાઓ ગદ્ય અને પદ્ય બંને રૂપોમાં મળી આવે છે. આ કૃતિઓ સમયાનુક્રમ પ્રમાણે નીચે મુજબ છે. :-

૧. રહસ્યપૂર્ણ ચિઠ્ઠી (વિ. સં. ૧૮૧૧)
૨. ગોમ્મટસાર જીવકાંડ ભાષા ટીકા
૩. ગોમ્મટસાર કર્મકાંડ ભાષા ટીકા
૪. અર્થસંદષ્ટિ અધિકાર
૫. લબ્ધિસાર ભાષા ટીકા
૬. ક્ષપણાસાર ભાષા ટીકા

} ■ સમ્યગ્જ્ઞાન ચંદ્રિકા. (વિ. સં. ૧૮૧૮)

૭. ગોમ્મટસાર પૂજા
૮. ત્રિલોકસાર ભાષા ટીકા
૯. સમવસરણ રચના વર્ણન

---

■ ગોમ્મટસાર જીવકાંડ અને કર્મકાંડ ભાષા ટીકા, લબ્ધિસાર અને ક્ષપણાસાર ભાષા ટીકા તથા અર્થસંદષ્ટિ અધિકારને "સમ્યગ્જ્ઞાન ચંદ્રિકા" પણ કહે છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

૧૦. મોક્ષમાર્ગ પ્રકાશક (અપૂર્ણ)
૧૧. આત્માનુશાસન ભાષા ટીકા
૧૨. પુરુષાર્થસિદ્ધયુપાય ભાષા ટીકા (અપૂર્ણ) ●

● પં. દોલતરામજી કાસલીવાલે વિ. સં. ૧૮૨૭માં આ પૂરી કરી.

તેમની ગદ્ય શૈલી પરિશુદ્ધ, પૌઢ અને સહજ બોધગમ્ય છે. તેમની શૈલીનું શ્રેષ્ઠ સ્વરૂપ તેમના મૌલિક ગ્રંથ મોક્ષમાર્ગ પ્રકાશકમાં જોવા મળે છે. તેમની મૂળ ભાષા વ્રજ હોવા છતાં તેમાં ખડી બોલીનું ખડાપન પણ છે અને સાથે સાથે સ્થાનીક રંગત પણ. તેમના ભાવોને પ્રગટ કરવામાં તેમની ભાષા પરિપૂર્ણ સમર્થ અને પરિસ્પષ્ટ છે. તેમના સંબંધમાં વિશેષ જાણકારી મેળવવા માટે ''પંડિત ટોડરમલ : વ્યક્તિત્વ અને કર્તૃત્વ'' નામના ગ્રંથનો અભ્યાસ કરવો.

આ પાઠ મોક્ષમાર્ગ પ્રકાશકના સાતમા અધિકારનો આધાર લઈ લખવામાં આવ્યો છે. નિશ્ચય-વ્યવહારની વિશેષ જાણકારી માટે મોક્ષમાર્ગ પ્રકાશકના સાતમા અધિકારનું અધ્યયન અવશ્ય કરવું જોઈએ.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# સાત તત્ત્વો સંબંધી ભૂલો

જ્યાં સુધી જીવાદિ સાત તત્ત્વોનું વિપરીતાભિનિવેશ [1] રહિત સાચું ભાવભાસન[2] ન થાય ત્યાં સુધી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઈ શકતી નથી. જૈન શાસ્ત્રોનું અધ્યયન કરી લેવા છતાં મિથ્યાદૃષ્ટિ જીવને તત્ત્વનું સાચું ભાવભાસન હોતું નથી.

## જીવ અને અજીવ સંબંધી ભૂલ

૧. જૈન શાસ્ત્રોમાં કહેલા જીવના ત્રસ-સ્થાવરાદિરૂપ તથા ગુણસ્થાનમાર્ગણાદિરૂપ ભેદોને તથા અજીવના પુદ્‌ગલાદિરૂપ ભેદોને અને વર્ણાદિરૂપ પર્યાયોને તો જાણે છે, પરંતુ અધ્યાત્મશાસ્ત્રોમાં ભેદવિજ્ઞાન તથા વીતરાગદશા થવાના કારણભૂત જેવું નિરૂપણ કર્યું છે તેવું જાણતો નથી.

૨. વળી જો કોઈ પ્રસંગથી તેવું પણ જાણવું થાય તો શાસ્ત્રાનુસાર જાણી લે છે, પરંતુ આપને આપરૂપ જાણી તેમાં પરનો અંશ પણ ન મેળવવો અને પોતાનો અંશ પણ પરમાં ન મેળવવો-એવું સાચું શ્રદ્ધાન કરતો નથી.

૩. અન્ય મિથ્યાદૃષ્ટિઓની જેમ આ પણ આત્માશ્રિત જ્ઞાનાદિમાં તથા શરીરાશ્રિત ઉપદેશ-ઉપવાસાદિ ક્રિયાઓમાં પોતાપણું માને છે.

૪. શાસ્ત્રાનુસાર આત્મા સંબંધી ચર્ચા કરતો હોવા છતાં પણ 'હું આત્મા છું અને શરીરાદિ મારાથી ભિન્ન છે' એવો ભાવ ભાસતો નથી. જેમ કોઈ બીજાની જ વાતો કરી રહ્યો હોય તેમ આ આત્મા અને શરીરની ભિન્નતા પ્રરૂપે છે.

૫. વળી જીવ અને પુદ્‌ગલના પરસ્પર નિમિત્તથી અનેક ક્રિયાઓ થાય છે, તે સર્વને બે દ્રવ્યોના મેળાપથી નિપજેલી માને છે; પણ આ જીવની ક્રિયા છે તેમાં પુદ્‌ગલ નિમિત્ત છે તથા આ પુદ્‌ગલની ક્રિયા છે તેમાં જીવ નિમિત્ત છે, એમ ભિન્ન ભિન્ન ભાવ ભાસતો નથી.

## આસ્રવ

૧. હિંસાદિરૂપ પાપાસ્રવ છે તેને તો હેય [3] માને છે પરંતુ

---

૧. ઊંધી માન્યતા અથવા ઊંધો અભિપ્રાય, ૨. અંતરંગ જ્ઞાન,
૨. ત્યાગ કરવા યોગ્ય

અહિંસાદિરૂપ પુણ્યાસ્ત્રવ છે તેને ઉપાદેય [1] માને છે., પણ આ બેઉ બંધનાં કારણ હોવાથી હેય જ છે.

૨. જ્યાં વીતરાગ થઈ જ્ઞાતા-દૃષ્ટારૂપ પ્રવર્તે ત્યાં જ નિર્બંધતા [2] છે, તેથી તે જ ઉપાદેય છે. જ્યાં લગી એવી દશા ન થાય ત્યાં લગી પ્રશસ્તરાગરૂપ [3] ભલે પ્રવર્તો, પરંતુ શ્રદ્ધાન તો એવું રાખો કે-આ પણ બંધનું કારણ છે, હેય છે; જો શ્રદ્ધાનમાં તેને મોક્ષમાર્ગ માને તો મિથ્યાદૃષ્ટિ જ છે.

૩. મિથ્યાત્વાદિ આસ્રવોના અંતરંગ સ્વરૂપને તો ઓળખતો નથી, એમના બાહ્ય રૂપને જ આસ્રવ માને છે. જેમ કે-

(ક) ગૃહીત મિથ્યાત્વને તો મિથ્યાત્વ જાણે છે, પરંતુ અનાદિ અગૃહીત મિથ્યાત્વ છે તેને ઓળખતો નથી.

(ખ) બાહ્ય જીવહિંસાને તથા ઈન્દ્રિય-મનના વિષયોમાં પ્રવૃત્તિને અવિરતિ જાણે છે, પરંતુ હિંસામાં પ્રમાદપરિણતિ મૂળ છે તથા વિષયસેવનમાં અભિલાષા [4] મૂળ છે તેને ઓળખતો નથી.

(ગ) બાહ્ય ક્રોધાદિ થાય તેને જ કષાય માને છે, પણ અભિપ્રાયમાં જે રાગ-દ્વેષ રહે છે તેને ઓળખતો નથી.

(ઘ) બાહ્ય ચેષ્ટા થાય તેને જ યોગ માને છે, પણ અંતરંગ શક્તિભૂત યોગોને જાણતો નથી.

૪. જે અંતરંગ અભિપ્રાયમાં મિથ્યાત્વાદિરૂપ રાગાદિભાવ છે વસ્તુતઃ તે જ આસ્રવ છે. તેને નહીં ઓળખવાથી આસ્રવ તત્ત્વનું પણ સાચું શ્રદ્ધાન નથી.

## બંધ

૧. પાપબંધનાં કારણો જે અશુભ ભાવો છે તેને તો બૂરા જાણે છે પણ પુણ્યબંધનાં કારણો જે શુભ ભાવો છે તેને ભલા માને છે. પુણ્ય-પાપનો ભેદ તો અઘાતિ કર્મોમાં છે. ઘાતિ તો પાપરૂપ જ છે,

---

૧.ગ્રહણ કરવા યોગ્ય, ૨. બંધનો અભાવ, ૩. શુભરાગ, ૪. ઈચ્છા

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

તથા શુભ ભાવોના કાળમાં પણ ઘાતિ કર્મોનો બંધ તો થયા જ કરે છે, તેથી શુભ ભાવો બંધનું જ કારણ હોવાથી ભલા કેમ હોઈ શકે?

## સંવર

૧. અહિંસાદિરૂપ શુભાસ્રભાવોને સંવર માને છે, પણ એક જ કારણ વડે પુણ્યબંધ અને સંવર-બેઉ કેમ બની શકે? આની એને ખબર નથી.

૨. શાસ્ત્રમાં કહેલાં સંવરનાં કારણો જે ગુપ્તિ, સમિતિ, ધર્મ, અનુપ્રેક્ષા, પરિષહજય અને ચારિત્ર છે તેના સ્વરૂપને પણ યથાર્થ જાણતો નથી. જેમ કે-

(ક) પાપ ચિંતવન ન કરે, મૌન ધારે તથા ગમનાદિ ન કરે, તેને તે ગુપ્તિ માને છે. પણ ભક્તિ આદિરૂપ પ્રશસ્તરાગ વડે વિવિધ પ્રકારના વિકલ્પો[૧] થાય છે તેના તરફ તો લક્ષ નથી. વીતરાગભાવ થતાં જ્યાં મન-વચન-કાયાની ચેષ્ટા થાય નહીં એ જ સાચી ગુપ્તિ છે.

(ખ) એ જ પ્રમાણે યત્નાચાર પ્રવૃત્તિને સમિતિ માને છે. પણ એને એ ખબર નથી કે હિંસાના પરિણામોથી તો પાપ થાય છે, તથા રક્ષાના પરિણામોથી સંવર કહેશો તો પુણ્યબંધ ક્યા કારણ વડે થશે? મુનિઓને કિંચિત્ રાગ થતાં ગમનાદિ ક્રિયા થાય છે, ત્યાં તે ક્રિયાઓમાં અતિ આસક્તિના અભાવથી પ્રમાદરૂપ પ્રવૃત્તિ થતી નથી તથા અન્ય જીવોને દુઃખી કરીને તેઓ પોતાનું ગમનાદિ પ્રયોજન સાધતા નથી અને તેથી સ્વયં જ દયા પળાય છે; એ જ સાચી સમિતિ છે.

(ગ) વળી બંધાદિકના ભયથી અથવા સ્વર્ગ-મોક્ષના લોભથી તે ક્રોધાદિ કરતો નથી, પણ ત્યાં ક્રોધાદિ કરવાનો અભિપ્રાય તો મટ્યો નથી, છતાં પોતાને ક્ષમાદિ ધર્મનો ધારક માને છે. જ્યારે તત્ત્વજ્ઞાનના અભ્યાસથી કોઈ પદાર્થ ઈષ્ટ-અનિષ્ટરૂપ ભાસે નહિ ત્યારે ક્રોધાદિ સ્વયં જ ઉપજતા નથી; અને ત્યારે જ સાચો ધર્મ થાય છે.

(ઘ) અનિત્યાદિ ભાવનાના ચિંતવનથી શરીરાદિને બૂરાં જાણી તેનાથી

૧. રાગ-દ્વેષયુક્ત વિચાર



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ઉદાસ થવું તેનું નામ તે અનુપ્રેક્ષા કહે છે, પરંતુ તેની એવી ઉદાસીનતા તો દ્વેષરૂપ છે. વસ્તુના યથાર્થ સ્વભાવને ઓળખીને તેને ભલી જાણી રાગ ન કરવો તથા બૂરી જાણી દ્વેષ ન કરવો - એ જ સાચી ઉદાસીનતી છે.

(ચ) ક્ષુધાદિક લાગતાં તેના નાશનો ઉપાય ન કરવો તેન તે પરિષહજય માને છે, અંતરમાં ક્લેશરૂપ પરિણામો થાય છે તે તરફ ધ્યાન દેતો નથી. ઈષ્ટ-અનિષ્ટ સામગ્રી મળતાં સુખી-દુ:ખી ન થવું તથા જ્ઞાતા-દ્દષ્ટા રહી પ્રવર્તવું એ જ સાચો પરિષહજય છે.

(છ) વળી હિંસાદિના ત્યાગને ચારિત્ર માને છે. ત્યાં મહાવ્રતાદિરૂપ શુભોપયોગને ઉપાદેય માને છે, પણ તત્ત્વાર્થસૂત્રમાં આસ્રવ-અધિકારમાં અણુવ્રત-મહાવ્રતને આસ્રવરૂપ કહ્યાં છે. તો એ ઉપાદેય કેવી રીતે હોઈ શકે? વળી બંધનાં કારણ હોવાથી મહાવ્રતાદિને ચારિત્રપણું સંભવતું નથી. સર્વ કષાય રહિત જે ઉદાસીનભાવ છે એનું જ નામ ચારિત્ર છે. મુનિરાજ મંદ કષાય-રૂપ મહાવ્રતાદિનું પાલન તો કરે છે પરંતુ તેને મોક્ષમાર્ગ માનતા નથી.

## નિર્જરા

૧. વીતરાગભાવરૂપ તપને તો તે જાણતો નથી, બાહ્યક્રિયામાં જ લીન રહે અને તેને જ તપ માની તે વડે નિર્જરા માને છે.

૨. તેને એ ખબર નથી કે જેટલો શુદ્ધ ભાવ છે તે તો નિર્જરાનું કારણ છે અને જેટલો શુભ ભાવ રહે તે બંધનું કારણ છે. નિશ્ચયધર્મ તો વીતરાગભાવ છે, અને તે જ નિર્જરાનું કારણ છે.

## મોક્ષ

૧. તે મોક્ષ અને સ્વર્ગના સુખની એક જાતિ માને છે, જ્યારે સ્વર્ગસુખ ઈન્દ્રિયજનિત છે અને મોક્ષસુખ અતીન્દ્રિય છે.

૨. તે સ્વર્ગ અને મોક્ષનું કારણ પણ એક માને છે, જ્યારે સ્વર્ગનું કારણ શુભ ભાવ છે અને મોક્ષનું કારણ શુદ્ધ ભાવ છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

આ પ્રમાણે સાતેય તત્ત્વોનું વિપરીત શ્રદ્ધાન જૈન શાસ્ત્રોનું અધ્યયન કર્યા પછી પણ બન્યું રહે છે.

**પ્રશ્ન :-**

૧. જૈન શાસ્ત્રોનું અધ્યયન કરી લેવા છતાં પણ શું કોઈ જીવ મિથ્યાદૃષ્ટિ હોઈ શકે? જો હા, તો કેવી રીતે? સ્પષ્ટ કરો.

૨. આ આત્મા જીવ અને અજીવ સંબંધી શું ભૂલ કરે છે?

૩. પુણ્યને મુક્તિનું કારણ માનવામાં શું દોષ છે? આ માન્યતાથી ક્યા ક્યા તત્ત્વો સંબંધી ભૂલો થાય.

૪. સ્વર્ગ અને મોક્ષનાં કારણ અને સ્વરૂપ સંબંધી ભેદ બતાવો.

૫. ટૂંક નોંધ લખો :-

ગુપ્તિ, સમિતિ, ધર્મ, અનુપ્રેક્ષા, ચારિત્ર, મિથ્યાત્વ, અવિરતિ, કષાય.

૬. પં. ટોડરમલજીના વ્યક્તિત્વ અને કર્તૃત્વ સંબંધી સંક્ષિપ્ત પરિચય આપો.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# પાઠ - ૩

# ❋ લક્ષણ અને લક્ષણાભાસ ❋

## અભિનવ ધર્મભૂષણ યતિ

*વ્યક્તિત્વ અને કર્તૃત્વ.*

*(૧૩૫૮-૧૪૧૮ ઈ.)*

ધર્મભૂષણ નામના કેટલાય જૈન સાહિત્યકાર થયા છે. તે બધાથી ભિન્ન દર્શાવવા માટે આમના નામ આગળ અભિનવ શબ્દ અને અંતમાં યતિ શબ્દ જોડેલો મળી આવે છે. તેઓ કુન્દકુન્દ-આમ્નાયી હતા અને તેમના ગુરુનું નામ વર્ધમાન હતું. [૧] તેમનો હયાતી કાળ ઈ.સ. ૧૩૫૮ થી ૧૪૧૮ સુધી માનવામાં આવે છે. [૨]

એમનાં પ્રભાવ અને વ્યક્તિત્વ દર્શાવતા જે ઉલ્લેખો મળી આવે છે તે પરથી માલૂમ પડે છે કે તેઓ પોતાના સમયના ખૂબ જ પ્રભાવશાળી વ્યક્તિત્વ ધરાવતા મહાપુરુષ હતા. રાજાધિરાજ પરમેશ્વરની ઉપાધિથી અંલકૃત પ્રથમ દેવરાય તેમનાં ચરણોમાં શિર ઝુકાવતા હતા. [૩]

જૈનધર્મની પ્રભાવના કરવી-એ તો એમના જીવનનું ધ્યેય હતું જ, ઉપરાંત ગ્રન્થ-રચનાના કાર્યમાં પણ તેમણે પોતાની અનોખી સૂઝ-સમજ, તાર્કિક શક્તિ અને વિદ્વત્તાનો પૂરેપૂરો ઉપયોગ કર્યો છે. આજ આપણને તેમની એકમાત્ર અમર કૃતિ ''ન્યાયદીપિકા'' પ્રાપ્ત છે જેનું જૈન ન્યાયશાસ્ત્રમાં પોતાનું એક આગવું વિશિષ્ટ સ્થાન છે. ''ન્યાયદીપિકા'' સંક્ષિપ્ત છતાં અત્યંત સુવિશદ અને મહત્ત્વપૂર્ણ કૃતિ છે. એમાં પ્રમાણ અને નય સંબંધીનું સંક્ષેપમાં તર્કસંગત વર્ણન છે. જો કે ન્યાયગ્રંથોની ભાષા મહદંશે દુર્ગમ્ય અને ગંભીર હોય છે, છતાં એની ભાષા સરળ અને સુબોધ સંસ્કૃત છે.

આ પાઠ એના આધારે જ લખવામાં આવ્યો છે.

---

૧. ન્યાયદીપિકા પ્રસ્તાવના : વીર સેવા મંદિર, સરસાવા, પૃષ્ઠ ૯૨-૯૩

૨. ન્યાયદીપિકા પ્રસ્તાવના : વીર સેવા મંદિર, સરસાવા, પૃષ્ઠ ૯૯-૧૦૦

૩. મિડિયાવલ જૈનિઝમ, પૃષ્ઠ : ૨૯૯.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# લક્ષણ અને લક્ષણાભાસ

પ્રવચનકાર : કોઈ પણ વસ્તુને જાણવા માટે એનું લક્ષણ (પરિભાષા) જાણવું ઘણું આવશ્યક છે, કેમ કે લક્ષણને જાણ્યા વિના વસ્તુને ઓળખવી અને સત્ય-અસત્યનો નિર્ણય કરવો સંભવિત નથી. વસ્તુના સ્વરૂપનો સાચો નિર્ણય કર્યા વિના તેનું વિવેચન અસંભવિત છે, કદાચિત્ કરવામાં આવે તો જે કાંઈ કહેવામાં આવે તે અયથાર્થ હોય. તેથી દરેક વસ્તુને ઉંડાણથી જાણતા પહેલાં તેનું લક્ષણ જાણવું જરૂરી છે.

જિજ્ઞાસુ : લક્ષણ જાણવું આવશ્યક છે એ તો ઠીક છે, પરંતુ લક્ષણ કોને કહે છે? પહેલાં એ તો બતાવો.

પ્રવચનકાર : તમારો પ્રશ્ન બરાબર છે. કોઈ પણ વસ્તુનું લક્ષણ જાણતા પહેલાં લક્ષણની પરિભાષા જાણવી પણ આવશ્યક છે, કેમ કે જો આપણે લક્ષણની પરિભાષા જ ન જાણતા હોઈએ તો પછી વિવક્ષિત વસ્તુનું જે લક્ષણ નિશ્ચિત કર્યું હોય તે સાચું જ છે એવો નિર્ણય કેવી રીતે કરી શકાય?

**“અનેક મળેલી વસ્તુઓ (પદાર્થો)માંથી કોઈ એક વસ્તુ (પદાર્થ)ને ભિન્ન પાડનાર જે હેતુ વિશેષ છે તેને લક્ષણ કહે છે.”**[૧] તેવું જ અકલંકદેવે રાજવાર્તિકમાં કહ્યું છે :-

**“પરસ્પર મળેલી વસ્તુઓમાંથી કોઈ એક વસ્તુ જે વડે અલગ કરવામાં આવે તેને લક્ષણ કહે છે.”** [૨]

જિજ્ઞાસુ : અને લક્ષ્ય?

પ્રવચનકાર : **જેનું લક્ષણ નિશ્ચિત કરવામાં આવે તે વસ્તુને લક્ષ્ય**

---

૧. “व्यतिकीर्णवस्तुव्यावृत्ति हेतुर्लक्षणम् ।”

– ન્યાયદીપિકા : વીર સેવા મંદિર, સરસાવા પૃષ્ઠ – ૫.

૨. “परस्परव्यतिकरे सति येनाऽन्यत्वं लक्ष्यते तल्लक्षणम् ।”



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

**કહે છે.** જેમ કે જીવનું લક્ષણ ચેતના છે. આમાં 'જીવ' લક્ષ્ય છે અને 'ચેતના' લક્ષણ. લક્ષણ વડે જેને ઓળખવામાં આવે તે જ લક્ષ્ય છે.

લક્ષણ બે પ્રકારનાં હોય છે - આત્મભૂત લક્ષણ અને અનાત્મભૂત લક્ષણ.

**જે લક્ષણ વસ્તુના સ્વરૂપમાં મળેલું હોય તેને આત્મભૂત લક્ષણ કહે છે.** જેમ કે -અગ્નિની ઉષ્ણતા. ઉષ્ણતા અગ્નિના સ્વરૂપભૂત હોવાથી જલાદિ પદાર્થોથી તેને જુદી (ભિન્ન) પાડે છે, તેથી ઉષ્ણતા અગ્નિનું આત્મભૂત લક્ષણ છે. **જે લક્ષણ વસ્તુના સ્વરૂપમાં મળેલું ન હોય, પણ એનાથી ભિન્ન હોય, તેને અનાત્મભૂત લક્ષણ કહે છે.** જેમ કે - દંડવાળા પુરુષ (દંડી)નો દંડ. જો કે દંડ પુરુષથી ભિન્ન છે તેમ છતાં તે એને અન્ય પુરુષોથી જુદો (ભિન્ન) પાડે છે, તેથી તે અનાત્મભૂત લક્ષણ છે.

રાજવાર્તિકમાં પણ આ ભેદોનું સ્પષ્ટીકરણ આ જ પ્રકારે કર્યું છે-''ઉષ્ણતા અગ્નિનું આત્મભૂત લક્ષણ છે - અને દંડ દેવદત્તનું અનાત્મભૂત લક્ષણ છે.''[૧]

આત્મભૂત લક્ષણ વસ્તુનું સ્વરૂપ હોવાથી વાસ્તવિક લક્ષણ છે; ત્રણે કાળે વસ્તુની ઓળખ એના વડે જ કરી શકાય છે. અનાત્મભૂત લક્ષણ સંયોગની અપેક્ષાએ કહેવામાં આવે છે, તેથી તે સંયાગવાળી વસ્તુને સંયોગરહિત અન્ય વસ્તુઓથી ભિન્ન ઓળખ કરાવવામાં માત્ર તત્કાલીન બાહ્ય પ્રયોજન સિદ્ધ કરે છે. ત્રિકાળી અસંયોગી વસ્તુનો (વસ્તુસ્વરૂપનો) નિર્ણય કરવા માટે આત્મભૂત (નિશ્ચય) લક્ષણ જ કાર્યકારી છે. અસંયોગી આત્મતત્ત્વનું જ્ઞાન એના વડે જ થઈ શકે છે.

કોઈ પણ વસ્તુનું લક્ષણ નિશ્ચિત કરતી વખતે ખૂબ જ સાવધાની રાખવાની જરૂરિયાત છે, કેમ કે તે જ લક્ષણ આગળ જતાં

---

૧. ''तत्रात्मभूतमग्नेरौष्ण्यमनात्मभूतं देवदत्तस्य दण्डः।''
- ન્યાયદીપિકા : વીર સેવા મંદિર, સરસાવા પૃષ્ઠ - ૬.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

પરીક્ષાનો આધાર બને છે. જો લક્ષણ સદોષ હોય તો તે પરીક્ષાની કસોટીમાં પાર ઉતરી શકે નહીં અને અસત્ય સાબિત થાય.

શંકાકાર : તો શું લક્ષણ સદોષ પણ હોય છે ?

પ્રવચનકાર : લક્ષણ તો નિર્દોષ લક્ષણને જ કહે છે. (**જે લક્ષણ સદોષ હોય તેને લક્ષણાભાસ કહેવામાં આવે છે.**) લક્ષણાભાસોમાં ત્રણ પ્રકારના દોષ હોય છે-

(૧) અવ્યાપ્તિ, (૨) અતિવ્યાપ્તિ અને (૩) અસંભવ.

**લક્ષ્યના એકદેશમાં રહેવાવાળા લક્ષણને અવ્યાપ્તિ દોષ કહે છે.** જેમ કેઃ- ગાયનું લક્ષણ શામળાપણું અથવા પશુનું લક્ષણ શિંગડાં કહેવું. શામળાપણું બધી ગાયોમાં હોતું નથી. તે જ પ્રમાણે શિંગડાં પણ બધા પશુઓને હોતા નથી. તેથી એ બેઉ લક્ષણો અવ્યાપ્તિ દોષ સહિત છે. ૧

શંકાકાર : જો ગાયનું લક્ષણ શિંગડાં માનીએ તો ?

પ્રવચનકાર : તો પછી તે લક્ષણ અતિવ્યાપ્તિ દોષયુક્ત થાય, કેમ કે **જે લક્ષણ લક્ષ્ય અને અલક્ષ્ય બંનેમાં રહે-તેને અતિવ્યાપ્તિ દોષયુક્ત કહે છે.** ૨

જિજ્ઞાસુ : આ અલક્ષ્ય શું છે ?

પ્રવચનકાર : **લક્ષ્ય સિવાયના બીજા પદાર્થોને અલક્ષ્ય કહે છે.** જો કે બધી ગાયોને શિંગડાં હોય છે, પરંતુ ગાયો સિવાયનાં અન્ય પશુઓને પણ શિંગડાં હોય છે. અહીં 'ગાય' લક્ષ્ય છે અને 'ગાય સિવાયના અન્ય પશુઓ' અલક્ષ્ય છે, તથા કહેવામાં આવેલું જે ગાયનું લક્ષણ 'શિંગડાં' તે લક્ષ્ય એવી 'ગાયો'

---

૧. "लक्ष्यैकदेशवृत्यव्याप्तं, यथा-गोः शावलेयत्वं।"
- ન્યાયદીપિકા : વીર સેવા મંદિર, સરસાવા પૃષ્ઠ - ૭.

૨. "लक्ष्यालक्ष्यवृत्यतिव्याप्तं, यथा तस्यैव पशुत्वं।"
- ન્યાયદીપિકા : વીર સેવા મંદિર, સરસાવા પૃષ્ઠ - ૭.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

તથા અલક્ષ્ય એવાં 'ગાયો સિવાયનાં અન્ય પશુઓમાં' પણ જોવા મળે છે. તેથી આ લક્ષણ અતિવ્યાપ્તિ દોષયુક્ત છે.
લક્ષણ એવું હોવું જોઈએ જે પૂરા લક્ષ્યમાં તો હોય પણ અલક્ષ્યમાં ક્યાંય ન હોય. પૂરા લક્ષ્યમાં વ્યાપ્ત ન હોય તો અવ્યાપ્તિ અને લક્ષ્ય તથા અલક્ષ્ય બેઉમાં વ્યાપ્ત હોય તો અતિવ્યાપ્તિ દોષ આવે છે.

જિજ્ઞાસુ : અને અસંભવ ?

પ્રવચનકાર : **લક્ષ્યમાં લક્ષણના અસંભવપણાને અસંભવ દોષ કહે છે.** જેમ કે-"મનુષ્યનું લક્ષણ શિંગડાં" અહીં મનુષ્ય લક્ષ્ય છે અને શિંગડાં હોવાં તેનું લક્ષણ કહ્યું છે. મનુષ્યને શિંગડાં હોવાની સંભાવના પણ નથી અને કરી પણ શકાય નહિ, તેથી આ લક્ષણ અસંભવ દોષ-યુક્ત છે. [૧]
હું માનું છું કે હવે તો લક્ષણ અને લક્ષણાભાસોનું સ્વરૂપ તમારી સમજમાં બરાબર આવી ગયું હશે.

શ્રોતા : આવી ગયું ! બરાબર આવી ગયું ! !

પ્રવચનકાર : આવી ગયું, તો બતાવો-જેમાં "કેવલજ્ઞાન હોય તેને જીવ કહે છે," શું જીવનું આ લક્ષણ સાચું છે ?

શ્રોતા : ના, કેમ કે અહીં જીવ 'લક્ષ્ય' છે અને કેવલજ્ઞાન લક્ષણ. લક્ષણ સંપૂર્ણ લક્ષ્યમાં હોવું જોઈએ, પરંતુ કેવલજ્ઞાન બધા જીવોમાં હોતું નથી, તેથી આ લક્ષણ અવ્યાપ્તિ દોષ સહિત છે. જો આ લક્ષણને સાચું માની લઈએ તો મતિ-શ્રુતજ્ઞાન સહિત એવા અમે અને આપ સૌ અજીવ ઠરીએ.

પ્રવચનકાર : તો મતિ-શ્રુતજ્ઞાનને જીવનું લક્ષણ માનો.

શ્રોતા : એમ પણ નહીં. કેમ કે એમ માનીએ તો અરહંત અને સિદ્ધોને અજીવ માનવા પડે, કારણ કે તેમને મતિ-શ્રુતજ્ઞાન હોતાં નથી.

---

૧. "बाधितलक्ष्यवृत्यसम्भवि, यथा नरस्य विषाणित्वम्।"
- ન્યાયદીપિકા : વીર સેવા મંદિર, સરસાવા પૃષ્ઠ - ૭.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

તેથી આમાં પણ અવ્યાપ્તિ દોષ છે.

પ્રવચનકાર : તમે બરાબર કહ્યું. હવે કોઈ અન્ય શ્રોતા જવાબ આપે. -'જે અમૂર્તિક હોય તેને જીવ કહે છે,' શું આ બરાબર છે ?

શ્રોતા : હા. કેમ કે બધા જ જીવ અમૂર્તિક છે, તેથી એમાં અવ્યાપ્તિ દોષ નથી.

પ્રવચનકાર : આ લક્ષણ પણ સાચું નથી. જો કે તેમાં અવ્યાપ્તિ દોષ નથી, પણ અતિવ્યાપ્તિ દોષ છે, કેમ કે જીવો સિવાયનાં આકાશ દ્રવ્ય, ધર્મ દ્રવ્ય, અધર્મ દ્રવ્ય અને કાલ દ્રવ્ય પણ અમૂર્તિક છે. આ લક્ષણમાં "જીવ" લક્ષ્ય છે અને "જીવ" સિવાયનાં અન્ય દ્રવ્યો એટલે કે અજીવ દ્રવ્યો અલક્ષ્ય છે. જો કે બધા જીવો અમૂર્તિક છે, પણ જીવ સિવાયનાં આકાશાદિ દ્રવ્યો પણ અમૂર્તિક તો છે, મૂર્તિક તો એકમાત્ર પુદ્‌ગલ દ્રવ્ય જ છે. તેથી આ લક્ષણ લક્ષ્યમાં અને સાથે અલક્ષ્યમાં પણ વ્યાપ્ત હોવાથી અતિવ્યાપ્તિ દોષયુક્ત છે. જો "જે અમૂર્તિક તે જીવ" એમ માનવામાં આવે તો આકાશાદિ બીજાં ચાર દ્રવ્યોને પણ જીવ માનવાં પડે.

શંકાકાર : જો આત્માનું લક્ષણ વર્ણ-ગંધ-રસ-સ્પર્શવાન માનવામાં આવે તો ?

પ્રવચનકાર : આ વાત તમે ખૂબ મજાની કહી ! શું ઊંઘતા હતા, ભાઈ ? આ તો અસંભવ વાત છે. આત્મામાં વર્ણાદિકનું હોવું સંભવિત જ નથી, તેથી આમાં તો અસંભવ નામનો દોષ આવે છે. આવા જ દોષને અસંભવ દોષ કહેવામાં આવે છે.

શંકાકાર : આ લક્ષણો તો આપે દોષયુક્ત બતાવ્યા, તો હવે આપ બતોવોને કે જીવનું સાચું લક્ષણ શું હોય ?

પ્રવચનકાર : જીવનું સાચું લક્ષણ ચેતના અર્થાત્ ઉપયોગ છે. તત્ત્વાર્થ-સૂત્રમાં કહ્યું છે-"उपयोगो लक्षणम्" આમાં નથી અવ્યાપ્તિ દોષ, કેમ કે ચેતના (ઉપયોગ) બધા જ જીવોમાં હોય છે; અને નથી અતિવ્યાપ્તિ દોષ, કેમ કે ઉપયોગ જીવ સિવાય કોઈ પણ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

દ્રવ્યમાં હોતો નથી. વળી અસંભવ દોષ તો હોઈ જ શકતો નથી કેમ કે બધા જીવોને ઉપયોગ (ચેતના) સ્પષ્ટ જોવામાં આવે છે.

આ જ પ્રમાણે પ્રત્યેક લક્ષણ ઉપર ઘટાવી લેવું જોઈએ અને નવીન લક્ષણ નિશ્ચિત કરતી વેળા આ વાતોનું પૂરેપૂરું ધ્યાન રાખવું જોઈએ.

શ્રોતા : એક-બે બીજાં ઉદાહરણો આપીને સમજાવો ને ?

પ્રવચનકાર : ના, સમય પૂરો થઈ ગયો છે. મેં એક ઉદાહરણ અંતરંગ એટલે કે આત્માનું અને એક ઉદાહરણ બાહ્ય એટલે કે ગાય, પશુ વગેરેનું આપીને સમજાવ્યું છે. હવે તમારે પોતે અન્ય ઉપર ઘટિત કરી લેવું. જો સમજમાં ન આવે તો પરસ્પર ચર્ચા કરવી. તેમ છતાં જો સમજમાં ન આવે તો કાલે ફરીથી વિસ્તારથી અનેક ઉદાહરણો આપી હું સમજાવીશ.

ધ્યાન રાખો કે સમજવાથી સમજ આવે છે, સમજાવવાથી નહીં, તેથી સમજવા માટે સ્વયં પ્રયત્નશીલ અને ચિંતનશીલ બનવું જોઈએ.

**પ્રશ્ન :-**

૧. *લક્ષણ કોને કહે છે ?*

૨. *લક્ષણાભાસોમાં કેટલા પ્રકારના દોષ હોય છે ? નામ સાથે લખો.*

૩. *નીચેનામાં પરસ્પર તફાવત બતાવો.*
   *(ક) આત્મભૂત લક્ષણ અને અનાત્મભૂત લક્ષણ.*
   *(ખ) અવ્યાપ્તિ દોષ અને અતિવ્યાપ્તિ દોષ.*

૪. *નીચે જણાવેલાં વિધાનોની કસોટી કરો :-*
   *(ક) જે અમૂર્તિક હોય તેને જીવ કહે છે.*
   *(ખ) ગાયને પશુ કહે છે.*
   *(ગ) પશુને ગાય કહે છે.*
   *(ઘ) જે ખાટું હોય તેને લીંબુ કહે છે.*
   *(ચ) જેમાં સ્પર્શ, રસ, ગંધ, વર્ણ હોય તેને પુદ્ગલ કહે છે.*

૫. *અભિનવ ધર્મભૂષણ યતિનાં વ્યક્તિત્વ અને કર્તૃત્વ સંબંધી પરિચય આપો.*



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

## પાઠ - ૪

# ❋ પાંચમા ગુણસ્થાનવર્તી શ્રાવકની અગિયાર પ્રતિમાઓ ❋

### કવિવર પં. બનારસીદાસ
### (વ્યક્તિત્વ અને કર્તૃત્વ)

અધ્યાત્મ અને કાવ્ય બન્ને ક્ષેત્રોમાં સર્વોચ્ચ પ્રતિષ્ઠા પ્રાપ્ત પંડિત બનારસીદાસ સત્તરમી શતાબ્દીના રસસિદ્ધ કવિ અને આત્માનુભવી વિદ્વાન હતા.

તેમનો જન્મ શ્રીમાલ વંશમાં જૌનપુર નિવાસી લાલા ખરગસેનને ત્યાં સં. ૧૬૪૩માં માહ સુદી અગિયારસ ને રવિવારના દિવસે થયો હતો. તે વખતે તેમનું નામ વિક્રમજીત રાખવામાં આવ્યું હતું પરંતુ બનારસની જાત્રા વખતે પાર્શ્વનાથની જન્મભૂમિ વારાણસીના નામ પરથી તેમનું નામ બનારસીદાસ રાખવામાં આવ્યું.[૧] બનારસીદાસને એકે ભાઈ ન હતા પરંતુ બેનો બે હતી.[૨]

તેમણે પોતાના જીવનમાં ઘણી જ ચઢતી-પડતી જોઈ હતી. આર્થિક મુશીબતોનો સામનો પણ તેમને ઘણીવાર કરવો પડ્યો હતો, તથા તેમનું કૌટુંબિક જીવન પણ કાંઈ સારું રહ્યું ન હતું. તેમના ત્રણ વાર લગ્ન થયાં, ૯ સંતાનો થયા-૭ પુત્ર અને ૨ પુત્રીઓ. પરંતુ એક પણ સંતાન જીવિત ન રહ્યું. તેમણે ''અર્ધકથાનક''માં પોતે લખ્યું છે-

કહી પચાવન બરસ લૌં, બાનારસિ કી બાત,
તીનિ બિવાહીં ભારજા, સુતા દોઈ સુત સાત,
નૌ બાલક હુએ મુએ, રહે નારિ-નર દોઈ,
જ્યોં તરુવર પતઝાર હ્વૈ રહે ઠૂઁઠ સે હોઈ.[૩]

---

૧. અર્ધકથાનક : હિન્દી ગ્રંથરત્નાકર કાર્યાલય, મુંબઈ, પૃષ્ઠ - ૧૧.
૨. એ જ, પૃષ્ઠ - ૩૨. ૩. એ જ પૃષ્ઠ - ૭૧



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

આથી વિષમ પરિસ્થિતિમાં પણ તેમની ધીરજ ભાંગી નહીં, કારણ કે તેઓશ્રી આત્માનુભવી પુરુષ હતા.

કવિવર પંડિત બનારસીદાસ એક એવી આધ્યાત્મિક ક્રાન્તિના જન્મદાતા હતા જે તેરહપંથના નામથી ઓળખવામાં આવે છે અને જેણે જિનમાર્ગ ઉપર છવાયેલ ભટ્ટારકવાદને મૂળથી ઉખાડી ફેંકી દીધો હતો તથા જે આગળ જતાં આચાર્યકલ્પ પંડિત ટોડરમલજીનો સંસ્પર્શ પામીને આખાય ઉત્તર ભારતમાં ફેલાઈ ગઈ હતી.

કાવ્યપ્રતિભા તો તેમને જન્મથી જ વરેલી હતી. ૧૪ વર્ષની ઉંમરે તેઓ ઉચ્ચ કોટિની કવિતા કરવા લાગ્યા હતા, પરંતુ શરૂઆતના જીવનમાં શૃંગારમય કવિતાઓ રચવામાં મગ્ન રહ્યા. તેમની સૌ પ્રથમ કૃતિ "નવ રસ" ૧૪ વર્ષની ઉંમરે તૈયાર થઈ ગઈ હતી. તેમાં મહદ્ અંશે શૃંગારરસનું જ વર્ણન હતું. તે શૃંગારરસની એક શ્રેષ્ઠ રચના હતી અને વિવેક જાગૃત થતાં કવિએ તેને ગોમતી નદીમાં પધરાવી દીધી હતી.

તે પછી તેમનું જીવન અધ્યાત્મમય થઈ ગયું. તે પછીની રચેલી ચાર કૃતિઓ-નાટક સમયસાર, બનારસી વિલાસ, નામમાલા અને અર્ધકથાનક- ઉપલબ્ધ છે.

"અર્ધકથાનક" એ હિંદી ભાષામાં સર્વ પ્રથમ આત્મકથા છે અને તે સ્વયં એક પ્રૌઢતમ રચના છે. એમાં કવિનું ૫૫ વર્ષનું જીવન જાણે દર્પણના રૂપમાં આલેખાયેલું છે. વિવિધતાઓથી ભરેલા તેમના જીવનનો વિશેષ પરિચય મેળવવા આ રચના અવશ્ય વાંચવી જોઈએ.

"બનારસી વિલાસ" એ કવિની અનેક કૃતિઓનો સંગ્રહ-ગ્રંથ છે, અને "નામમાલા" એ કોષ-કાવ્ય છે.

"નાટક સમયસાર" એ અમૃતચંદ્રાચાર્યના કળશોનો એક પ્રકારે પદ્યાનુવાદ છે, પરંતુ કવિની મૌલિક સૂઝ-સમજને લીધે તેના અધ્યયનમાં સ્વતંત્ર કૃતિના જેવો જ આનંદ આવે છે. આ ગ્રંથરાજ અધ્યાત્મરસથી છલોછલ ભરપૂર છે. આ પાઠ આ જ નાટક સમયસારના ચૌદ ગુણસ્થાન અધિકારનો આધાર લઈ લખવામાં આવ્યો છે. વિશેષ અધ્યયન માટે મૂળ ગ્રંથનું અધ્યયન કરવું જોઈએ.

કવિશ્રી પોતાની આત્મ-સાધના અને કાવ્ય-સાધના-બન્નેમાં અજોડ છે.

# પાંચમા ગુણસ્થાનવર્તી શ્રાવક અને તેની અગિયાર પ્રતિમાઓ.

આચાર્ય ઉમાસ્વામીનું સૂત્ર છે કે - "सम्यग्दर्शनज्ञानचारित्राणिमोक्ष-मार्गः"-સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર આ ત્રણેયની એકતા જ મોક્ષમાર્ગ છે. સમ્યગ્દર્શન પ્રાપ્ત જીવની શ્રદ્ધા (પ્રતીતિ) તો સમ્યક્ થઈ ગઈ, તદનુસાર જ્ઞાન પણ સમ્યક્ થઈ ગયું તથા સ્વરૂપમાં આંશિક સ્થિરતા પ્રગટ થઈ જવાથી મોક્ષમાર્ગનો પ્રારંભ પણ થઈ ગયો; પરંતુ માત્ર એટલી જ સ્વરૂપસ્થિરતા ચારિત્ર નામને પ્રાપ્ત થતી નથી. આ કારણથી તે જીવને ચોથા ગુણસ્થાનવર્તી અવ્રતી શ્રાવક કહેવામાં આવે છે.

ઉપરોક્ત ચોથા ગુણસ્થાનવર્તી શ્રાવક વિશેષ પુરુષાર્થપૂર્વક સ્વરૂપસ્થિરતા (લીનતા) વધારીને પાંચમું ગુણસ્થાન પ્રાપ્ત કરે છે. આ સ્વરૂપસ્થિરતા જ દેશચારિત્ર છે અને તે જ પાંચમા ગુણસ્થાનવર્તી શ્રાવક છે. આ પ્રમાણે જે સ્વરૂપસ્થિરતા (વીતરાગતા)ની વૃદ્ધિ થાય છે અને રાગાંશ ઘટે છે તેને નિશ્ચય પ્રતિમા (નિશ્ચય દેશચારિત્ર) કહે છે. આ યથોચિત સ્વરૂપસ્થિરતારૂપ નિશ્ચય પ્રતિમાની સાથે જે કષાયની મંદતારૂપ ભાવ રહે છે તે વ્યવહાર પ્રતિમા અથવા વ્યવહાર દેશચારિત્ર છે. તેની સાથે જ તેને અનુકૂળ જે બાહ્ય પ્રવૃત્તિ હોય છે તે યથાર્થપણે તો વ્યવહાર પ્રતિમા પણ નથી પરંતુ ઉપરોક્ત કષાયમંદતાની સાથે તેને અનુકૂળ જ બાહ્ય પ્રવૃત્તિ હોય છે, તેથી તેને પણ વ્યવહારથી પ્રતિમા કહેવામાં આવે છે.

નિજ ત્રિકાલ જ્ઞાયકસ્વભાવનો અનુભવ અને તેમાં લીનતા વિના એકલી કષાયોની મંદતા અને તેને અનુકૂળ બાહ્ય ક્રિયા-એ પ્રતિમા નથી. તેથી જેને પાંચમું ગુણસ્થાન ન હોય તેને સાચી પ્રતિમા હોતી નથી.

સમ્યગ્દર્શનપૂર્વક આત્માના જ્ઞાયકસ્વરૂપમાં પાંચમા ગુણસ્થાનને યોગ્ય જે સ્થિરતા થાય તે જ સાચું દેશચારિત્ર છે અને તે જ નિશ્ચયથી પ્રતિમા છે અને તે આત્માનુભવ વિના સંભવિત નથી.

અવિરત સમ્યગ્દષ્ટિ (ચોથા ગુણસ્થાનવર્તી) શ્રાવકનું સ્વરૂપ પં. બનારસીદાસે આ પ્રમાણે લખ્યું છે-

સત્ય પ્રતીતિ અવસ્થા જાકી, દિન-દિન રીત ગહૈ સમતા કી ।<br>
છિન-છિન કરૈ સત્યકો સાકૌ, સમકિત નામ કહાવૈ તાકૌ ॥ [૧]

---

૧. નાટક સમયસાર : બનારસીદાસ, ચતુર્દશ ગુણસ્થાન અધિકાર, છંદ ૨૭.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

જેની પ્રતીતિ (શ્રદ્ધા)માં આત્માનું સાચું સ્વરૂપ ભાસ્યુ હોય, જેને સાચા સ્વરૂપનો સાક્ષાત્કાર ક્ષણે-ક્ષણે વધતો ચાલે તથા દિન પ્રતિદિન સમતાભાવ વૃદ્ધિગત થતો હોય તે અવિરત સમ્યગ્દૃષ્ટિ છે.

ઉપરોક્ત અનુભૂતિની નિત્ય વૃદ્ધિને પામતી અપ્રત્યાખ્યાનાવરણ કષાયના અભાવરૂપ જે અવસ્થા તે જ પાંચમું ગુણસ્થાન છે.

ચોથા ગુણસ્થાનવર્તી શ્રાવકને પોતાના આત્માના આનંદનો સાક્ષાત્ નિર્વિકલ્પ અનુભવ તો થઈ ગયો છે, પરંતુ તેમાં લીન થવાનો પુરુષાર્થ મંદ હોવાથી તે અનુભવ તેને વારંવાર થતો નથી અને બહુ ઓછો સમય ટકે છે તથા આ અવસ્થામાં અવ્રતના પરિણામ જ રહે છે, વ્રતના પરિણામ થતા નથી; પરંતુ પાંચમા ગુણસ્થાનવર્તી શ્રાવકને અપ્રત્યાખ્યાનરૂપી અચારિત્રભાવ અથવા કષાયોનો; સ્વરૂપ-રમણતાના ઉગ્ર પુરુષાર્થ વડે અભાવ કરી દેવાથી અનુભવ પણ જલદી-જલદી થાય છે તેમ જ સ્થિરતાનો કાળ પણ વધી જાય છે તથા પરિણતિમાં વીતરાગતા પણ વધી જાય છે. આ કારણને લીધે જ તે સાધક જીવને સંસાર, દેહ અને ભોગો પ્રત્યે આસક્તિ સહજપણે જ ઓછી થતી જાય છે અને તેના પ્રત્યે સહજ ઉદાસીનતા આવી જાય છે. તેને તે ભૂમિકાને અયોગ્ય એવા અશુભ ભાવોને છોડવાની પ્રતિજ્ઞા લેવાનો ભાવ જાગે છે અને સાથે સાથે સહજપણે જ (હઠ વિના) બાહ્ય આચરણમાં પણ તેને અનુકૂળ એવું પરિવર્તન થઈ જાય છે, કહ્યું પણ છે કે-

સંયમ અંશ જગ્યો જહાઁ, ભોગ અરુચિ પરિણામ।
ઉદય પ્રતિજ્ઞા કૌ ભયો, પ્રતિમા તાકૌ નામ ॥ [૧]

ઉપરોક્ત સાધકની અંતરંગ શુદ્ધિ અને બાહ્ય દશા કઈ-કઈ પ્રતિમામાં કેટ-કેટલી વધતી જાય છે તે આચાર્યોએ શ્રાવકના અગિયાર દરજ્જાઓ (પ્રતિમાઓ)માં વિભાગ પાડીને સમજાવ્યું છે. તથા અંતરંગ શુદ્ધ દશાને જ્ઞાનધારા અને તેની સાથે રહેવાવાળા શુભાશુભ ભાવોને કર્મધારા કહી છે.

સાધક જીવ તો પોતાની સ્વરૂપસ્થિરતા વધે તેનો પુરુષાર્થ કરતો હોય છે, અને તે અનુસાર તેને વીતરાગતાની વૃદ્ધિ થતી જાય છે; તેની

૧. નાટક સમયસાર : બનારસીદાસ, ચતુર્દશ ગુણસ્થાન અધિકાર, છંદ ૫૮.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

સાથે જ કાંઈ રાગાંશ પણ વિદ્યામાન રહે છે અને તદનુકૂળ બાહ્ય ક્રિયાઓ પણ હોય છે તેને વ્યવહાર ચારિત્ર કહેવામાં આવે છે.

આ પ્રમાણે સાધક જીવ પોતાની ભૂમિકા સમજીને પોતાની અંદર ઉત્પન્ન થતા રાગ અથવા વિકલ્પોને ઓળખીને ચરણાનુયોગના કથનને અનુસરી [અવિરોધપણે] પોતાની સ્વરૂપસ્થિરતાનું માપ કાઢે છે. અમુક ભૂમિકામાં (પ્રતિમામાં) જે વિકલ્પોનો (રાગભાવોનો) સદ્ભાવ સંભવે છે તે પ્રકારના રાગનો સદ્ભાવ દેખીને વિચલિત (આશંક્તિ) થતો નથી, પરંતુ તેનો અભાવ કરવા માટે સ્વરૂપસ્થિરતા વધારવાનો પુરુષાર્થ કરતો રહે છે. સાથે જ ચરણાનુયોગમાં દર્શાવ્યા મુજબ તે ભૂમિકામાં દોષ ઉત્પન્ન કરવાવાળો જે રાગાંશ અંતરમાં ઉત્પન્ન થાય છે તેને પણ જાણી લે છે કે અંતરંગ સ્થિરતામાં શિથિલતા આવી જવાથી આ પ્રકારનો રાગ ઉત્પન્ન થયો છે. આ શિથિલતાજન્ય વિકલ્પ જ તે વ્રતોના અતિચાર છે. તે પોતામાં સ્વરૂપસ્થિરતા વધારીને તેને દૂર કરવા પ્રયત્ન કરે છે.

કોઈ મિથ્યાદૃષ્ટિ જીવને સ્વરૂપની યથાર્થ શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા ન હોય અને માત્ર કષાયની મંદતા તથા તેને અનુકૂળ એવી બાહ્ય ક્રિયાઓ (હઠપૂર્વક) હોય એ તો સંભવિત છે; પરંતુ એ સંભવિત નથી કે સાધક જીવને સ્વરૂપાનંદની અનુભૂતિ તે-તે પ્રતિમાને યોગ્ય થઈ હોય અને તેને તે-તે પ્રતિમામાં નિષિદ્ધ વિકલ્પો અંતરમાં ઉઠતા રહે તથા નિષેધ કરેલી બાહ્ય ક્રિયાઓ બનતી રહે. નિશ્ચય અને વ્યવહારની આ જ સંધિ છે.

હવે દરેક પ્રતિમાનું સંક્ષેપમાં વર્ણન કરવામાં આવે છે.

## ૧. દર્શન પ્રતિમા

આઠ મૂલગુણ સંગ્રહૈ, કુવ્યસન ક્રિયા ન હોય ।
દર્શનગુણ નિર્મલ કરૈ, દર્શન પ્રતિમા સોય ॥ [૧]

અંતર્મુખ શુદ્ધપરિણતિપૂર્વક કષાયમંદતા વડે આઠ મૂલગુણોનું ધારવું અને સાત વ્યસનોના ત્યાગરૂપ ભાવોનું સહજ (હઠ વિના) પ્રગટ થવું - એ જ દર્શન પ્રતિમા છે. મદ્ય, માંસ, મધુ અને પાંચ

૧. નાટક સમયસાર : બનારસીદાસ, ચૌદ ગુણસ્થાન અધિકાર, છંદ ૫૯.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ઉદુમ્બર[1] ફળો ખાવાનો રાગ ઉત્પન્ન ન થવો અર્થાત્ આ વસ્તુઓનો ત્યાગ કરવો-એ આઠ મૂલગુણોનું ધારવું છે. જુગાર રમવો, માંસ ખાવું, દારૂ પીવો, વેશ્યાગમન કરવું, શિકાર કરવો, ચોરી કરવી અને પરસ્ત્રીસેવન કરવું-એ સાત વ્યસન છે. એનો ત્યાગ કરવો એ જ સાત વ્યસનોનો ત્યાગ છે. નિરતિચાર સમ્યગ્દર્શનનું હોવું એ જ દર્શનગુણની નિર્મળતા છે. સમ્યક્ત્વપૂર્વક ભૂમિકાને યોગ્ય શુદ્ધ પરિણતિ એ નિશ્ચય દર્શન પ્રતિમા છે, તથા તેની સાથે સહજ (હઠ વિના) રહેતો જે કષાયમંદતારૂપ ભાવ અને બાહ્યાચાર તે વ્યવહાર દર્શન પ્રતિમા છે.

આચાર્ય સમન્તભદ્રના[2] અભિપ્રાય મુજબ દર્શન પ્રતિમામાં પાંચ અણુવ્રત પણ આવી જાય છે. આ વાતને પંડિત જયચંદજી છાબડાએ આ પ્રમાણે સ્પષ્ટ કરી છે -

"કોઈ ગ્રંથમાં એમ કહ્યું છે કે પાંચ અણુવ્રત પાળવાં અને મદ્ય, માંસ, મધુ-એનો ત્યાગ કરવો, એમ આઠ મૂલગુણ છે. તો આમાં કાંઈ વિરોધ નથી. વિવક્ષાભેદ છે. પાંચ ઉદુમ્બર ફળ અને ત્રણ મકારનો ત્યાગ કહેવાથી જે જે વસ્તુઓમાં સાક્ષાત્ ત્રસ જીવો જોવામાં આવે તે બધી જ વસ્તુઓનું ભક્ષણ નહીં કરવું, દેવાદિક નિમિત્તે તથા ઔષધાદિક નિમિત્તે વગેરે કારણથી જોવામાં આવે તે ત્રસ જીવોનો ઘાત નહીં કરવો, એમ આશય છે. તેથી આમાં તો અહિંસાણુવ્રત આવી ગયું. અને સાત વ્યસનોના ત્યાગમાં જૂઠ, ચોરી અને પરસ્ત્રીનો ત્યાગ આવી ગયો. વળી અન્ય વ્યસનોના ત્યાગમાં અન્યાય, પરધન અને પરસ્ત્રીનું ગ્રહણ નહીં, તેથી એમાં અતિ લોભનો ત્યાગ થતાં પરિગ્રહનું પરિમાણ થવું આવી ગયું. આ પ્રમાણે પાંચ અણુવ્રતનો સમાવેશ થાય છે. તેના અતિચાર ટળે નહીં તેથી અણુવ્રતી નામ પામે નહીં. આ પ્રમાણે દર્શન પ્રતિમાનો ધારક પણ અણુવ્રતી છે, તેથી દેશવ્રતી શ્રાવકના સંયમાચરણ ચારિત્રમાં તેને પણ ગણ્યાં છે."[3]

---

૧. વડફળ, પીપળફળ, ઊમર, પાકરફળ, કઠૂમર (ગૂલર)

૨. રત્નકરણ્ડ શ્રાવકાચાર : આ. સમન્તભદ્ર, શ્લોક ૬૬.

૩. અષ્ટપાહુડ ટીકા : પં. જયચંદજી, ચારિત્રપાહૂડ, ગાથા ૨૩.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

## ૨. વ્રત પ્રતિમા

પાંચ અણુવ્રત આદરૈ, તીન ગુણવ્રત પાલ ।
શિક્ષાવ્રત ચારોં ધરૈ, યહ વ્રત પ્રતિમા ચાલ ॥ [૧]

પહેલી પ્રતિમામાં જે વીતરાગતા અને શુદ્ધિ પ્રાપ્ત હોય તેને બીજી પ્રતિમાધારી શ્રાવક વધારતો રહે છે તથા તેને નિમ્ન કોટિના રાગભાવો થતા નથી. તેથી તેના ત્યાગની પ્રતિજ્ઞા કરે છે. આ પ્રતિમાને યોગ્ય શુદ્ધ પરિણતિ તે નિશ્ચય પ્રતિમા છે અને બાર દેશવ્રતના કષાયમંદતારૂપ ભાવો તે વ્યવહાર પ્રતિમા છે. [૨]

## ૩. સામાયિક પ્રતિમા

દ્રવ્ય ભાવ વિધિ સંજુગત, હિયે પ્રતિજ્ઞા ટેક ।
તજી મમતા સમતા ગહૈ, અન્તર્મુહૂરત એક ॥

જો અરિ મિત્ર સમાન વિચારૈ, આરત રૌદ્ર કુધ્યાન નિવારૈ ।
સંયમ સહિત ભાવના ભાવૈ, સો સામાયિકવંત કહાવૈ ॥ [૩]

બીજી પ્રતિમાની સરખામણીએ આત્મામાં વિશેષ લીનતા વધી જવાને લીધે જે દિવસમાં ત્રણ વાર એક અંતર્મુહૂર્ત સુધી પ્રતિજ્ઞાપૂર્વક સર્વ સાવદ્યયોગનો ત્યાગ કરીને શાસ્ત્ર આજ્ઞા પ્રમાણે દ્રવ્ય અને ભાવ સહિત પોતાના જ્ઞાયકસ્વભાવના આશ્રયપૂર્વક મમતાને ત્યાગીને સમતા ધારણ કરે અર્થાત્ સમતાનો અભ્યાસ કરે, શત્રુ અને મિત્ર બંનેને સમાન વિચારે, આર્ત અને રૌદ્ર ધ્યાનનો અભાવ કરે તથા પોતાના પરિણામોને આત્મામાં સંયમિત કરવાનો અભ્યાસ કરે, તે ત્રીજી સામાયિક પ્રતિમાધારી શ્રાવક છે. આ પ્રતિમાધારી શ્રાવકને આત્માનંદમાં લીનતા (શુદ્ધ પરિણતિ) વધી જવાથી બીજી પ્રતિમાની અપેક્ષાએ બહારમાં આસક્તિભાવ ઓછો થઈ જાય છે.

---

૧. નાટક સમયસાર : બનારસીદાસ, ચૌદ ગુણસ્થાન અધિકાર, છંદ ૬૦.

૨. બાર વ્રતોનું વિસ્તૃત વિવેચન વીતરાગ-વિજ્ઞાન પાઠમાલા ભાગ ૩ના પાઠ ૬માં આવી ગયું છે.

૩. નાટક સમયસાર : બનારસીદાસ, ચૌદ ગુણસ્થાન અધિકાર, છંદ ૬૧-૬૨.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

માત્ર અંતર્મુહૂર્ત એકાંતમાં બેસીને પાઠ બોલી જવો વગેરેથી સામાયિક થતી નથી. પરંતુ ઉપર જણાવ્યા પ્રમાણે જ્ઞાયકસ્વભાવની રુચિ અને લીનતાપૂર્વક સામ્યભાવનો અભ્યાસ કરવો એ જ સાચી સામાયિક છે.

## ૪. પ્રોષધોપવાસ પ્રતિમા

પ્રથમહિં સામાયિક દશા, ચાર પહર લોં હોય।
અથવા આઠ પહર રહૈ, પ્રોષધ પ્રતિમા સોય ॥ [૧]

જ્યારે સામાયિકની દશા ઓછામાં ઓછા ચાર પહોર સુધી એટલે કે બાર કલાક સુધી તથા વિશેષ કરીને આઠ પહોર એટલે કે ચોવીસ કલાક સુધી રહે, તેને પ્રોષધ પ્રતિમા કહે છે. પ્રોષધ પ્રતિમાધારી શ્રાવક જ્ઞાયકસ્વભાવમાં શ્રદ્ધા-જ્ઞાનપૂર્વક પહેલાં કરતાં લીનતા વધી જવાથી ઓછામાં ઓછા માસમાં ચાર વખત દરેક આઠમ અને ચૌદશને દિવસે આહાર આદિ સર્વ સાવદ્યયોગનો ત્યાગ કરે છે. તેને સંસાર, શરીર અને ભોગો પ્રતિ આસક્તિ ઘટી જાય છે, તેથી આહાર વગેરેનો ત્યાગ કરીને ઉપવાસની પ્રતિજ્ઞા લે છે. આ પ્રોષધપ્રતિમાધારી શ્રાવક છે.

માસમાં ચાર વખત ઉપવાસ કરી લેવા માત્રથી જ ચોથી પ્રતિમાધારી શ્રાવક બની જતો નથી તથા કેવળ ભોજન ન કરવું તેનું નામ ઉપવાસ નથી.

कषायविषयाहारत्यागो यत्र विधीयते ।
उपवासः स विज्ञेयः शेषं लंधनकं विदुः ॥

જ્યાં કષાય, વિષય, આહાર ત્રણેનો ત્યાગ હોય તે ઉપવાસ છે, બાકી બધું લાંઘણ છે. [૨]

## ૫. સચિત્તત્યાગ પ્રતિમા

જો સચિત્ત ભોજન તજૈ, પીવૈ પ્રાસુક નીર।
સો સચિત્ત ત્યાગી પુરુષ, પંચ પ્રતિજ્ઞાગીર ॥ [૩]

પાંચમી પ્રતિમાધારી સાધકની આત્મલીનતા ચોથી પ્રતિમાથી

---

૧. નાટક સમયસાર : બનારસીદાસ, ચૌદ ગુણસ્થાન અધિકાર, છંદ ૬૩.
૨. મોક્ષમાર્ગ પ્રકાશક : પંડિત ટોડરમલ, પૃષ્ઠ ૨૩૪ (ગુ.)
૩. નાટક સમયસાર : બનારસીદાસ, ચૌદ ગુણસ્થાન અધિકાર, છંદ ૬૪.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

પણ વધારે હોય છે, તેથી આસક્તિભાવ પણ ઘટી જાય છે. શરીરને ટકાવી રાખવા માટે ભોજન લેવાનો ભાવ તો આવે છે પરંતુ સચિત્ત ભોજન-પાન કરવાનો વિકલ્પ ઊઠતો નથી, તેથી તે સચિત્ત ભોજનનો ત્યાગ કરી દે છે અને પ્રાસુક પાણી ઉપયોગમાં લે છે. પાંચમી પ્રતિમાધારી શ્રાવકને જે આંતરિક શુદ્ધિ છે તે નિશ્ચય પ્રતિમા છે અને મંદકષાયરૂપ શુભભાવ તથા સચિત્ત ભોજન-પાનનો ત્યાગ છે તે વ્યવહાર પ્રતિમા છે.

જેમાં ઊગવાની યોગ્યતા હોય એવાં અનાજ અને લીલી વનસ્પતિને સચિત્ત કહે છે.[1]

## ૬. દિવામૈથુનત્યાગ પ્રતિમા

જો દિન બ્રહ્મચર્ય વ્રત પાલૈ, તિથિ આયે નિશિ દિવસ સંભાલૈ।
ગહિ નવ વાડ[2] કરૈ વ્રત રક્ષા, સો ષટ્ પ્રતિમા શ્રાવક અખ્યા ॥ [3]

આ પ્રતિમાને યોગ્ય યથોચિત શુદ્ધિ તે નિશ્ચય પ્રતિમા છે તથા ત્યાગરૂપ શુભભાવ તે વ્યવહાર પ્રતિમા છે. સાધક જીવે બીજી પ્રતિમા ધારણ કરતાં સ્વ-સ્ત્રી સંતોષવ્રત તો લીધું હતું, પણ હવે તેની અપેક્ષાએ સ્વરૂપસ્થિરતા વધી જવાથી આસક્તિ પણ ઘટી ગઈ છે તેથી છઠ્ઠી પ્રતિમાધારી શ્રાવક નવ વાડ સહિત દિવસના સમયે હમેશાં અને આઠમ, ચૌદશ વગેરે તિથિ પર્વને દિવસે રાત્રે પણ બ્રહ્મચર્યવ્રત પાળે છે અને એવા અશુભ ભાવો ઉત્પન્ન ન થાય તેની પ્રતિજ્ઞા કરે છે.

આચાર્ય સમન્તભદ્રે છઠ્ઠી પ્રતિમાને રાત્રિભુકિતત્યાગ પ્રતિમા પણ

---

૧. રત્નકરણ્ડ શ્રાવકાચાર : આ. સમન્તભદ્ર, શ્લોક ૧૪૧.

૨. **નવ વાડ** :- ૧. સ્ત્રીઓના સમાગમમાં ન રહેવું, ૨. રાગભરી દૃષ્ટિ વડે નહીં દેખવું, ૩. પરોક્ષ રીતે (છૂપાઈને) વાતચીત, પત્ર-વ્યવહાર વગેર ન કરવા. ૪. પૂર્વે ભોગવેલા ભોગો યાદ નહીં કરવા, ૫. કામોત્પાદક ગરિષ્ઠ ભોજન નહીં કરવું, ૬. કામોત્પાદક શ્રૃંગાર નહીં કરવો, ૭. સ્ત્રાઓનાં આસન, પલંગ વગેરે પર બેસવું કે સુવું નહીં, ૮. કામોત્પાદક કથા, ગીત વગેરે સાંભળવા નહીં, ૯. ભૂખ કરતાં વધારે ભોજન નહીં કરવું.

૩. નાટક સમયસાર : બનારસીદાસ, ચૌદ ગુણસ્થાન અધિકાર, છંદ ૬૫.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

કહી છે.[1] આમ તો સાધારણ શ્રાવકને પણ રાત્રિભોજનનો ત્યાગ તો હોય છે. પણ આ પ્રતિમામાં કૃત, કારિત અનુમોદનાપૂર્વક સર્વ પ્રકારના આહારોનો (રાત્રિમાં) ત્યાગ થઈ જાય છે.

## ૭. બ્રહ્મચર્ય પ્રતિમા

જો નવ વાડિ સહિત વિધિ સાધૈ, નિશદિન બ્રહ્મચર્ય આરાધૈ।
સો સપ્તમ પ્રતિમાધારી જ્ઞાતા, શીલ શિરોમણિ જગત વિખ્યાતા ॥[2]

સાતમી પ્રતિમાધારી શ્રાવકને સ્વરૂપાનંદમાં વિશેષ લીનતા (શુદ્ધ પરિણતિ) વધી ગઈ હોવાથી આસક્તિભાવ પણ વિશેષ ઘટી જાય છે; તેથી હમેશાં દિન-રાત પૂર્ણ રૂપથી નવ વાડ સહિત બ્રહ્મચર્ય વ્રત પાળે છે તથા ઉપરોક્ત પ્રકારના (કુશીલના) ભાવો ન થાય તેની પ્રતિજ્ઞા લે છે. તેથી તેની પ્રવૃત્તિ પણ તેને અનુકૂળ જ હોય છે. આવા શ્રાવકને શીલ-શિરોમણિ કહેવામાં આવે છે.

## ૮. આરંભત્યાગ પ્રતિમા

જો વિવેક વિધિ આદરૈ, કરૈ ન પાપારંભ।
સો અષ્ટમ પ્રતિમા ધની, કુગતિ વિજય રણથંભ ॥[3]

આઠમી પ્રતિમાધારી શ્રાવકની યથોચિત શુદ્ધિ નિશ્ચય પ્રતિમા છે. સંસાર, દેહ અને ભોગો પ્રતિ ઉદાસીનતાને લીધે રાગ અલ્પ થઈ જવાથી વિકલ્પો પણ મર્યાદિત થઈ જાય છે. તેથી થતો બાહ્ય આરંભનો ત્યાગ તે વ્યવહાર પ્રતિમા છે. આઠમી પ્રતિમાધારી શ્રાવક સ્વરૂપસ્થિરતારૂપ ધર્માચરણમાં વિશેષ સાવધાની રાખે છે. તેથી તે અસિ, મસિ, કૃષિ, વાણિજ્ય આદિ પાપારંભ સંબંધી વિકલ્પોને તજી દેતાં બધા જ પ્રકારના વેપારનો ત્યાગ કરી દે છે.

---

૧. રત્નકરણ્ડ શ્રાવકાચાર : આ. સમન્તભદ્ર, શ્લોક ૧૪૨.
૨. નાટક સમયસાર : બનારસીદાસ, ચૌદ ગુણસ્થાન અધિકાર, છંદ ૬૬.
૩. નાટક સમયસાર : બનારસીદાસ, ચૌદ ગુણસ્થાન અધિકાર, છંદ ૬૮.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

## ૯. પરિગ્રહત્યાગ પ્રતિમા

જો દશધા પરિગ્રહકો ત્યાગી, સુખ સંતોષ સહિત વૈરાગી।
સમરસ સંચિત કિંચિત ગ્રાહી, સો શ્રાવક નૌ પ્રતિમાવાહી ॥ [1]

નવમી પ્રતિમાધારી શ્રાવકની શુદ્ધિ એથીય વિશેષ વધી જાય છે, તે નિશ્ચય પરિગ્રહત્યાગ પ્રતિમા છે. એની સાથે જ કષાય મંદ થઈ જવાથી અતિ આવશ્યક એવી સીમિત વસ્તુઓ રાખીને બાકી બધા જ (દશ) પ્રકારનો પરિગ્રહત્યાગ કરવાનો શુભભાવ અને બાહ્ય પરિગ્રહત્યાગ તેને વ્યવહાર પરિગ્રહત્યાગ પ્રતિમા કહે છે. આ પ્રતિમાધારી શ્રાવકનું જીવન વૈરાગ્યમય, સંતોષી અને સામ્યભાવધારી બની જાય છે.

## ૧૦. અનુમતિત્યાગ પ્રતિમા

પરકૌં પાપારંભકો જો ન દેઈ ઉપદેશ।
સો દશમી પ્રતિમાધની, શ્રાવક વિગત કલેશ ॥ [2]

આ દસમી પ્રતિમાધારી શ્રાવકની શુદ્ધિ પહેલાં કરતાં પણ વધી ગઈ હોય છે, તે શુદ્ધ પરિણતિ એ નિશ્ચય પ્રતિમા છે. તેની સહજ (હઠ વિના) ઉદાસીનતા અર્થાત્ રાગની મંદતા એટલી વધી ગઈ હોય છે કે પોતાના કુટુંબીજનો અને હિતેચ્છુઓને પણ કોઈ પ્રકારના આરંભ (વેપાર, લગ્ન, વિવાહ વગેરે) સંબંધમાં સલાહ, સૂચન કે અનુમતિ વગેરે આપતો નથી, આ વ્યવહાર પ્રતિમા છે. આ શ્રાવકને ઉત્તમ શ્રાવક કહેવામાં આવે છે.

## ૧૧. ઉદ્દિષ્ટત્યાગ પ્રતિમા

જો સુછંદ વરતે તજ ડેરા, મઠ મંડપ મેં કરૈ વસેરા।
ઉચિત આહાર ઉદંડ વિહારી, સો એકાદશ પ્રતિમાધારી ॥ [3]

અગિયારમી પ્રતિમા એ શ્રાવકનો સર્વશ્રેષ્ઠ અંતિમ દરજ્જો છે. આ શ્રાવક બે પ્રકારના હોય છે-ક્ષુલ્લક તથા ઐલક. આ પ્રતિમાની ઉત્કૃષ્ટ દશા ઐલક હોય છે. તેના પછી મુનિદશા થાય છે.

---

૧. નાટક સમયસાર : બનારસીદાસ, ચૌદ ગુણસ્થાન અધિકાર, છંદ ૬૯.
૨. તે જ : છંદ ૭૦.
૩. તે જ : છંદ ૭૧.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

આ પ્રતિમાધારી શ્રાવકની પરિણતિમાં વીતરાગતા ખૂબ જ વધી ગયેલી હોય છે અને નિર્વિકલ્પ દશા પણ જલદી જલદી આવે છે અને વધારે કાળ સુધી ટકે છે. તેની આ અંતરંગ શુદ્ધ પરિણતિ તે નિશ્ચય ઉદ્દિષ્ટત્યાગ પ્રતિમા છે તથા તેની સાથે રહેતો કષાયમંદતારૂપ બહિર્મુખ શુભભાવ અને તદનુસાર બાહ્ય ક્રિયા તે વ્યવહાર ઉદ્દિષ્ટત્યાગ પ્રતિમા છે.

આવી દશાને પહોંચનાર શ્રાવકની સંસાર, દેહ વગેરે પ્રતિ ઉદાસીનતા વધી જાય છે. આ પ્રતિમાધારી શ્રાવક મુનિની જેમ નવકોટિ પૂર્વક ઉદ્દિષ્ટ આહારનો [૧] ત્યાગી તથા ઘર, કુટુંબ વગેરેથી અલગ થઈને સ્વચ્છંદ વિહારી બને છે.

ઐલક દશામાં માત્ર લંગોટી અને પીંછી-કમંડળ સિવાય સમસ્ત બાહ્ય પરિગ્રહનો ત્યાગ થઈ જાય છે. ક્ષુલ્લક દશામાં, ઐલક દશા જેટલો અનાસક્તિ ભાવ બનતો નથી, તેથી તેની આહાર-વિહારની ક્રિયાઓ ઐલકના જેવી હોવા છતાં લંગોટી ઉપરાંત ઓઢવા માટે ખંડ-વસ્ત્ર (ચાદર) તથા પીંછીને બદલે વસ્ત્ર રાખવાનો, કેશલોચને બદલે હજામત કરાવવાનો તથા પાત્રમાં ભોજન કરવાનો રાગ રહી જાય છે.

આ પ્રતિમાધારી શ્રાવક નિયમથી ઘરથી વિરક્ત જ થઈ જાય છે. [૨]

જે પ્રમાણે મુનિને અન્તર્મુહૂર્તની અંદર અંદર નિર્વિકલ્પ આનંદનો અનુભવ તથા નિરંતર વીતરાગતા વર્તે છે તે ભાવલિંગ છે અને તેની સાથે રહેતા ૨૮ મૂલગુણ વગેરેના શુભ વિકલ્પ તે દ્રવ્યલિંગ છે અને તેને અનુકૂળ ક્રિયાને પણ દ્રવ્યલિંગ કહેવામાં આવે છે. તે જ પ્રમાણે પાંચમા ગુણસ્થાનવર્તી શ્રાવકને, જેમાં કોઈ-કોઈવાર સ્વરૂપાનંદનો નિર્વિકલ્પ અનુભવ થતો હોય છે તેવી નિરંતર વર્તતી યથોચિત વીતરાગતા

---

૧. મુનિ, ઐલક અને ક્ષુલ્લકના નિમિત્તે બનાવેલી વસ્તુઓ ઉદ્દિષ્ટની શ્રેણીમાં આવે છે. આમ તો ઉદ્દિષ્ટનો શબ્દાર્થ ઉદ્દેશ્ય થાય છે.

૨. સાતમી પ્રતિમાથી દસમી પ્રતિમાધારી શ્રાવક ગૃહવિરત અને ગૃહનિરત-બંને પ્રકારના હોય છે.

તે ભાવ પ્રતિમા અર્થાત્ નિશ્ચય પ્રતિમા છે અને તે-તે પ્રતિમાને અનુકૂળ શાસ્ત્ર-વિહિત કષાયમંદતારૂપ ભાવ તે દ્રવ્ય પ્રતિમા અર્થાત્ વ્યવહાર પ્રતિમા છે. તેને અનુકૂળ બાહ્ય ક્રિયાઓનો વ્યવહાર પ્રતિમા સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ હોવાથી તે ક્રિયાઓને પણ વ્યવહાર પ્રતિમા કહેવામાં આવે છે. જે જીવને એકલી દ્રવ્ય પ્રતિમા હોય અને તેને તે સાચી પ્રતિમારૂપ ચારિત્ર માનતો હોય તો તેને વિપરિત માન્યતાને કારણે મિથ્યાત્વનો બંધ થાય, તથા મિથ્યાત્વના બંધની સાથે કષાયની મંદતાના પ્રમાણમાં પુણ્ય-બંધ જરૂર થાય, તેનાથી સ્વર્ગાદિક પણ મળે, પરંતુ તે વડે તેના સંસારનો અંત બની શકતો નથી.

પાંચમા ગુણસ્થાનમાં ૧૧ પ્રતિમાઓ ગ્રહણ કરવાનો ઉપદેશ છે; તે આરંભથી (શરૂઆતથી) ઉત્તરોત્તર ગ્રહણ કરવી જોઈએ. નીચેની પ્રતિમાઓની દશા જે ગ્રહણ કરી હોય તે પછી-પછીની પ્રતિમાઓમાં છૂટતી નથી, વૃદ્ધિ પામે છે. પહેલીથી છઠ્ઠી પ્રતિમા ધારણ કરનાર જઘન્યવ્રતી શ્રાવક, સાતમીથી નવમી પ્રતિમા ધારણ કરનાર મધ્યમવ્રતી શ્રાવક અને દસમી તેમ જ અગિયારમી પ્રતિમાધારી ઉત્કૃષ્ટવ્રતી શ્રાવક કહેવાય છે.

**પ્રશ્ન :-**

*૧. નીચેનાની પરિભાષા લખો :-*

*પ્રતિમા, વ્રત પ્રતિમા, દર્શન પ્રતિમા, ઉદ્દિષ્ટત્યાગ પ્રતિમા, અનુમતિત્યાગ પ્રતિમા.*

*૨. નીચેનાનો પરસ્પર તફાવત જણાવો :-*

*(ક) નિશ્ચય પ્રતિમા અને વ્યવહાર પ્રતિમા.*

*(ખ) બ્રહ્મચર્યાણુવ્રત અને બ્રહ્મચર્ય પ્રતિમા.*

*(ગ) ક્ષુલ્લક અને ઐલક.*

*(ઘ) પરિગ્રહત્યાગ વ્રત અને પરિગ્રહત્યાગ પ્રતિમા.*

*૩. કવિતર પંડિત બનારસીદાસના વ્યક્તિત્વ અને કર્તૃત્વ સંબંધી પરિચય આપો.*

## પાઠ - ૫

# ❋ સુખ શું છે ? ❋

એ તો સર્વમાન્ય હકીકત છે કે બધા જ જીવો સુખ ચાહે છે અને દુઃખથી ડરે છે. પરંતુ પ્રશ્ન તો એ છે કે વાસ્તવિક સુખ છે શું ? વસ્તુતઃ સુખ કહે છે કોને ? સુખનું સાચું સ્વરૂપ સમજ્યા વિના માત્ર સુખની ઈચ્છા કરવાનો કાંઈ અર્થ નથી.

પ્રાયઃ સામાન્ય લોકો ભોગ-સામગ્રીને સુખ-સામગ્રી માને છે અને તે મળતાં સુખ મળ્યું એમ સમજે છે અને તેથી તેમનો પ્રયત્ન પણ તે મેળવવા પ્રત્યે રહે છે. એમની દૃષ્ટિએ સુખ કેમ પ્રાપ્ત કરાય એનો અર્થ થાય છે ''ભોગસામગ્રી કેમ પ્રાપ્ત કરવામાં આવે ?'' એમના હૃદયમાં ''સુખ શું છે ?'' એવા પ્રકારનો પ્રશ્ન જ ઊઠતો નથી, કેમ કે એમનું અંતર્મન એમ માની બેઠું છે કે ભોગમય જીવન જ સુખમય જીવન છે. તેથી જ્યારે જ્યારે સુખ-સમૃદ્ધિની ચર્ચા થાય છે ત્યારે એમ જ કહેવામાં આવે છે કે પ્રેમથી રહો, મહેનત કરો, ખૂબ અનાજ ઉગાડો, ઔદ્યોગિક અને વૈજ્ઞાનિક ઉન્નતિ કરો-એથી દેશમાં સમૃદ્ધિ આવશે અને બધા જ સુખી થઈ જશે. આદર્શમય વાતો કહેવામાં આવે છે કે એક દિવસ એવો આવશે કે પ્રત્યેક માનવી પાસે ખાવા માટે પૌષ્ટિક ભોજન, પહેરવા માટે ઋતુઓને અનુકૂળ ઉત્તમ વસ્ત્ર અને રહેવા માટે આધુનિક અને વૈજ્ઞાનિક સુવિધાઓવાળો બંગલો હશે અને ત્યારે બધા જ સુખી બની જશે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

આ બધું બનશે કે નહીં-એ વાત પર આપણે ચર્ચા કરવા માગતા નથી, પણ આપણો પ્રશ્ન તો એ છે કે આ બધું જ બનવા પામે છતાં શું જીવન સુખી બની જશે? જો હા, તો જેમની પાસે આ બધું જ છે તેઓ તો આજ પણ સુખી હશે? અથવા જે દેશો આ સમૃદ્ધિની સીમા પર પહોંચેલા છે ત્યાં તો બધા જ સુખી અને શાંત હોવા જોઈએ? પરંતુ દેખવામાં તો એમ આવે છે કે બધા જ આકુળ-વ્યાકુળ અને અશાન્ત છે, ભયાકુળ અને ચિંતાતુર છે, તેથી "સુખ શું છે" આ વિષય પર ગંભીરતાથી વિચાર કરવો જોઈએ. "સાચું સુખ શું છે અને તે ક્યાં છે?" એનો નિર્ણય કર્યા વિના એ દિશામાં સાચો પુરુષાર્થ બની શકતો નથી અને સાચું સુખ મેળવી શકાતું નથી.

કેટલાક બુદ્ધિશાળી લોકો એથી આગળ વધીને કહે છે- ભાઈ, વસ્તુમાં (ભોગ-સામગ્રીમાં) સુખ નથી, સુખ-દુઃખ તો કલ્પનામાં છે. તેઓ પોતાની વાતને સિદ્ધ કરવા માટે ઉદાહરણ પણ આપે છે કે-એક આદમીનું મકાન બે મજલાવાળું છે, પણ એની જમણી બાજુ પાંચ મજલાવાળું મકાન છે તથા ડાબી બાજુએ એક ઝૂંપડી છે. જ્યારે તે જમણી બાજુ દેખે છે તો પોતાને દુઃખી હોવાનો અનુભવ કરે છે અને જ્યારે તે ડાબી બાજુએ જુએ છે તો સુખી; તેથી સુખ-દુઃખ ભોગ-સામગ્રીમાં નહીં હોતાં કલ્પનામાં છે. તે ડાહ્યા પુરુષો સલાહ આપે છે કે જો સુખી થવું હોય તો પોતાનાથી ઓછી ભોગ-સામગ્રી હોય તેમની તરફ જુઓ તો સુખી થશો. જો તમારી દૃષ્ટિ તમારાથી વધારે વૈભવવાળાઓ તરફ રહેશે તો હંમેશાં દુઃખનો અનુભવ થશે.

સુખી થવાનો આ ઉપાય પણ સાચો નથી, કેમ કે અહીં "સુખ શું છે?" એ સમજવાનો પ્રયન્ત કરવામાં આવ્યો નથી પરંતુ ભોગ-જનિત સુખને જ સુખ માની વિચારવામાં આવેલ છે. "સુખ ક્યાં છે?" નો ઉત્તર "કલ્પનામાં છે" એમ આપવામાં આવ્યો છે. "સુખ કલ્પનામાં છે" એનો અર્થ જો એમ કરીએ કે સુખ કાલ્પનિક છે, વાસ્તવિક નથી-તો શું એમ માનવામાં આવે કે સુખની વાસ્તવિક સત્તા છે જ નહીં? પણ આ વાત સંભવતઃ આપને પણ સ્વીકૃત નહીં હોય.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

તેથી સ્પષ્ટ છે કે ભોગપ્રાપ્તિ વડે થતું સુખ જેને ઈન્દ્રિયસુખ કહે છે તે કાલ્પનિક છે તથા વાસ્તવિક સુખ એનાથી ભિન્ન છે. તે સાચું સુખ શું છે? મૂળ પ્રશ્ન તો એ છે.

સુખ તો કલ્પનામાં છે, સુખ મેળવવું હોય તો ઝૂંપડી તરફ જુઓ, પોતાનાથી દીન દુઃખી હોય તેમની તરફ જુઓ-એમ કહેવું એ પણ અસંગત છે, કેમકે દુઃખી લોકોને દેખીને તો લૌકિક સજ્જન પણ દયાર્દ્ર થઈ જાય છે. દુઃખીજનોને જોઈને એવી કલ્પના કરીને પોતાને સુખી માનવોકે - હું એનાથી સારી સ્થિતિમાં છું-એ એનાં દુઃખ પ્રત્યે અકરુણાનો ભાવ તો છે જ, સાથે જ માન-કષાયનું પોષણ કરી સંતોષ મેળવવાની સ્થિતિ છે. એને કદીય સુખ કહી શકાય નહીં, તે સુખ તો છે જ નહીં. વાસ્તવિક સુખ કલ્પનામાં નહીં પણ આત્મામાં છે. આત્મા અનંત આનંદનો કંદ છે, તે સુખમય છે અને સુખ આત્માનો ગુણ છે. સુખ ઝૂંપડીમાં નથી, તેની પ્રાપ્તિ ઝૂંપડીમાંથી થાય નહીં. સુખ શું ઝૂંપડીમાં ભરેલું છે કે તેની તરફ નજર કરતાં મળી જાય? જ્યાં સુખ છે તેની તરફ જ્યાં લગી નજર નહીં જાય ત્યાં લગી સાચું સુખ મળશે નહીં. પોતાનું સુખ પોતાના આત્મામાં છે, તેથી સુખની ઈચ્છા કરવાવાળાઓએ આત્મોન્મુખી થવું જોઈએ, પર સન્મુખ નજર રાખનારાઓને સાચું સુખ કદીય મળી શકતું નથી.

ભોગ-સામગ્રીમાંથી પ્રાપ્ત થતું સુખ સાચું સુખ છે જ નહીં, તે તો દુઃખનો તારતમ્યરૂપ ભેદ છે. આકુળતામય હોવાથી તે દુઃખ જ છે. સુખનો સ્વભાવ તો નિરાકુળતા છે અને ઈન્દ્રિયજનિત સુખમાં નિરાકુળતા હોતી નથી, તથા આત્મા અતીન્દ્રિય હોવાથી જેમ ઈન્દ્રિયો દ્વારા પ્રાપ્ત કરી શકતો નથી તેવી જ રીતે અતીન્દ્રિય સુખ પણ આત્મામય હોવાથી ઈન્દ્રિયો દ્વારા મેળવી શકાતું નથી.

કેટલાક લોકો કહે છે કે- તમે આ કરો, તે કરો, તમારી મનો-કામના પૂરી થશે, તમને ઈચ્છિત વસ્તુ મળી જશે અને તમે સુખી થઈ જશો. આ પ્રમાણે કહેનારાઓ ઈચ્છાઓની પૂર્તિ થવી એ જ સુખ અને ઈચ્છાઓની પૂર્તિ ન થવી એ જ દુઃખ - એમ માનતા હોય છે.

એક તો ઈચ્છાઓની પૂર્તિ થવી એમાં સુખ છે જ નહીં, એ તો શિર પરનો બોજો ખભા પર મુકીને સુખ માનવા જેવું છે. બીજું તેમની પૂર્તિ થવી સંભવિત પણ નથી, કેમકે અનંત જીવોની અનંત ઈચ્છાઓ છે અને ભોગ-સામગ્રી તો મર્યાદિત છે. રોજ ને રોજ બદલાતી નવી નવી ઈચ્છાઓની પૂર્તિ કદીય સંભવિત નથી. તેથી મનોકામના પૂર્ણ થશે, તમારી ઈચ્છાઓ પૂર્ણ થશે અને તમે સુખી થઈ જશો એવી કલ્પનાઓ માત્ર મૃગમરીચિકા (મૃગજળ) જ સિદ્ધ થાય છે. બધી ઈચ્છાઓ કદીય પૂરી થવાની નથી અને આ જીવ ઈચ્છાઓની પૂર્તિ વડે કદીય સુખી થનાર નથી. જો કોઈ એમ કહે કે જેટલી ઈચ્છાઓ પૂરી થશે તેટલું તો સુખ થશે જ, ભલે પૂર્ણ સુખ ન થાય., તો આ વાત પણ બરાબર નથી, કેમકે સાચું સુખ તો ઈચ્છાઓના અભાવમાં છે, ઈચ્છાઓની પૂર્તિમાં નહીં. જો એમ કહેવામાં આવે કે ઈચ્છા પૂર્ણ થતાં સમાપ્ત થઈ જાય છે તેથી એને સુખ કહેવું જોઈએ, તો આમ કહેવું પણ ભૂલભરેલું છે કેમ કે ઈચ્છાઓનો અભાવ એનો અર્થ ઈચ્છાઓની પૂર્તિ થવી નહીં પણ ઈચ્છાઓનું ઉત્પન્ન જ ન થવું - એમ છે.

અતીન્દ્રિય આનંદ ઈન્દ્રિયાતીત હોવાથી તે ઈન્દ્રિયો દ્વારા ભોગવી શકાતો નથી. જે ઇન્દ્રિયો દ્વારા ભોગવવામાં આવે છે તે વિષય સુખ છે, તે વસ્તુતઃ દુઃખનો જ એક પ્રકાર છે. તે તો માત્ર નામનું જ સુખ છે.

સાચું સુખ તો આત્મા દ્વારા અનુભવની વસ્તુ છે. કહેવાની નહીં, દેખાડવાની પણ નહીં. સમસ્ત પર પદાર્થો ઉપરથી દૃષ્ટિ હઠાવી લઈ અંતર્મુખ બનીને પોતાના જ્ઞાનાનન્દ સ્વભાવી આત્મામાં તન્મય થવાથી જ તે પ્રાપ્ત કરી શકાય છે. આત્મા સુખમય છે, તેથી આત્માનુભૂતિ જ સુખાનુભૂતિ છે. જે પ્રમાણે અનુભૂતિ વિના આત્મા પ્રાપ્ત કરી શકાતો નથી, તે જ પ્રમાણે આત્માનુભૂતિ વિના સાચું સુખ પણ પ્રાપ્ત કરી શકાતું નથી.

ઉંડાણથી વિચાર કરીએ તો એ પ્રતીત થાય છે કે આત્માને સુખ પ્રાપ્ત કરવાનું છે નહીં, કેમ કે તે પોતે સુખ વડે જ રચાયેલો છે,

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

સુખમય જ છે, સુખ જ છે. જે સ્વયં સુખસ્વરૂપ છે તેને શું પામવું ? સુખ પામવાની નહીં, ભોગવવાની વસ્તુ છે, અનુભવ કરવાની ચીજ છે. સુખ માટે તડપવું શું ? સુખમાં તડપન નથી. તડપનમાં સુખનો અભાવ છે. તડપન પોતે જ દુઃખ છે, તડપનનો અભાવ જ સુખ છે. એ જ પ્રમાણે સુખની ઈચ્છા શું કરવી ? ઈચ્છા સ્વયં દુઃખરૂપ છે, ઈચ્છાનો અભાવ જ સુખ છે.

"હું કોણ છું ?", "આત્મા શું છે ? તે કેમ પ્રાપ્ત થાય ?" "સુખ શું છે ?", "સુખ ક્યાં છે ? તે કેમ પ્રાપ્ત થાય ?" આ બધા પ્રશ્નોનો એક જ ઉત્તર છે, એક જ સમાધાન છે અને તે છે આત્માનુભૂતિ. તે આત્માનુભૂતિ પ્રાપ્ત કરવાનો પ્રથમ ઉપાય તત્ત્વવિચાર છે, પણ ધ્યાન રાખો કે તે આત્માનુભૂતિ પોતાની પ્રાથમિક ભૂમિકા જે તત્ત્વવિચાર તેનો પણ અભાવ કરીને ઉત્પન્ન થાય છે. તે આત્માનુભૂતિ કેમ ઉત્પન્ન થાય-એ એક જુદો વિષય છે, તેથી તે સંબંધી જુદું જ વિવેચન કરવું અપેક્ષિત છે.

**પ્રશ્ન :-**

૧. સુખ કોને કહે છે અને તે કેવી રીતે પ્રાપ્ત કરી શકાય છે ?
૨. "શું સુખ-દુઃખ કલ્પનામાં છે, વાસ્તવિક નથી ?" આ કથન પર તર્કસંગત વિચારો પ્રગટ કરો.
૩. "સુખ શું છે. ?" આ વિષય ઉપર એક નિબંધ પોતાની ભાષામાં લખો.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# ❊ પાંચ ભાવો ❊

## *આચાર્ય ગૃદ્ધપિચ્છ ઉમાસ્વામી*
*(વ્યક્તિત્વ અને કર્તૃત્વ)*

*तत्त्वार्थसूत्रकर्त्तारं गृद्धापिच्छोपलक्षितम् ।*
*वन्दे गणीन्द्रसंजातमुमास्वामीमुनीश्वरम् ॥*

ઓછામાં ઓછું લખીને વધારેમાં વધારે પ્રસિદ્ધિ પ્રાપ્ત કરનાર આચાર્ય ગૃદ્ધપિચ્છ ઉમાસ્વામીના તત્ત્વાર્થસૂત્રથી જૈન સમાજ જેટલો અધિક પરિચિત છે, તેટલો જ તેમના જીવન-પરિચય સંબંધમાં અપરિચિત છે.

તેઓ કુન્દકુન્દાચાર્યના પટ્ટ શિષ્ય હતા તથા વિક્રમની પહેલી શતાબ્દીના અંતિમ કાળમાં તથા દ્વિતીય શતાબ્દીના પૂર્વાર્ધમાં ભારતભૂમિને પવિત્ર કરી રહ્યા હતા.

આચાર્ય ગૃદ્ધપિચ્છ ઉમાસ્વામી એ ગૌરવશાળી આચાર્યોમાંના એક છે, જેમને સમગ્ર આચાર્ય પરંપરામાં પૂર્ણ પ્રામાણિકતા અને સન્માન પ્રાપ્ત થયેલાં છે. જે મહત્ત્વ વૈદિકોમાં ગીતાનું, ઈસાઈઓમાં બાઈબલનું અને મુસલમાનોમાં કુરાનનું મનાય છે, તે જ મહત્ત્વ જૈન પરંપરામાં ગૃદ્ધપિચ્છ ઉમાસ્વામીએ રચેલા તત્ત્વાર્થસૂત્રનું મનાય છે. તેનું બીજું નામ મોક્ષશાસ્ત્ર પણ છે. આ સંસ્કૃતભાષાનો સર્વપ્રથમ જૈન ગ્રંથ છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

આ મહાન ગ્રંથ ઉપર દિગંબર અને શ્વેતાંબર બન્ને પરંપરાઓમાં સંસ્કૃત અને હિંદી ભાષાઓમાં અનેકાનેક ટીકાઓ અને ભાષ્ય લખાયાં છે. દિગંબર પરંપરામાં સંસ્કૃત ભાષામાં આચાર્ય પૂજ્યપાદ દેવનંદિની સર્વાર્થસિદ્ધિ, અકલંકદેવની તત્ત્વાર્થ રાજવાર્તિક અને વિદ્યાનંદની તત્ત્વાર્થ શ્લોકવાર્તિક સર્વાધિક પ્રસિદ્ધ રચનાઓ છે. આચાર્ય સમન્તભદ્રે આ ગ્રંથરાજ પર ગંધહસ્તિ મહાભાષ્ય નામનો મહાગ્રન્થ લખ્યો હતો જે ઉપલબ્ધ નથી, પરંતુ તે સંબંધી ઉલ્લેખ મળી આવે છે. શ્રુતસાગર સૂરિની પણ એક ટીકા સંસ્કૃત ભાષામાં ઉપલબ્ધ છે.

હિંદી ભાષાના પ્રાચીન વિદ્વાનોમાં પં. સદાસુખદાસ કાસલીવાલની અર્થપ્રકાશિકા ટીકા પ્રસિદ્ધ છે. અર્વાચીન વિદ્વાનોમાં પં. ફૂલચંદજી સિદ્ધાન્તાચાર્ય, પં. કૈલાશચંદ્રજી સિદ્ધાંતાચાર્ય, પં. પન્નાલાલજી સાહિત્યાચાર્ય વગેરે અનેક વિદ્વાનો દ્વારા લખાયેલી ટીકાઓ ઉપલબ્ધ છે. શ્રી રામજીભાઈ માણેકચંદ દોશી, સોનગઢ દ્વારા લખાયેલી ૮૧૦ પાનાંની એક વિશાળ ટીકા પણ છે.

આ ગ્રંથરાજ જૈન સમાજ દ્વારા સંચાલિત બધા જ પરીક્ષા બોર્ડોના અભ્યાસક્રમોમાં નિર્ધારિત છે અને આખાય ભારતવર્ષના જૈન વિદ્યાલયોમાં ભણાવવામાં આવે છે.

આ પાઠ તત્ત્વાર્થસૂત્રના બીજા અધ્યાયના આધારે લખવામાં આવેલ છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# પાંચ ભાવો

પ્રવચનકાર : આ ''તત્ત્વાર્થસૂત્ર'' બીજું નામ ''મોક્ષશાસ્ત્ર'' નામનું મહાશાસ્ત્ર છે. એનો બીજો અધ્યાય ચાલે છે. અહીં જીવના અસાધારણ ભોવોનું પ્રકરણ ચાલી રહ્યું છે. આત્માનું હિત ઈચ્છનારાઓએ આત્મ-ભાવોની ઓળખ બરાબર કરવી જોઈએ, કેમ કે આત્માને ઓળખ્યા વિના અનાત્માને પણ ઓળખી શકાય નહીં. અને જે આત્મા-અનાત્મા બંનેને જાણતો નથી તેનું હિત થવું કેવી રીતે સંભવિત છે ?

જીવના અસાધારણ ભાવો કેટલા અને ક્યા ક્યા છે, એ પ્રશ્નનું સમાધાન કરતાં આચાર્ય ઉમાસ્વામી લખે છે -

''औपशमिकक्षायिकौ भावौ मिश्रश्च जीवस्य स्वतत्त्वमौदयिक-पारिणामिकौ च ।'' [૧]

ઔપશમિક, ક્ષાયિક, મિશ્ર (ક્ષાયોપશમિક), ઔદયિક અને પારિણામિક એ જીવના પાંચ અસાધારણ ભાવ અથવા નિજતત્ત્વ છે. જીવ સિવાય કોઈ અન્ય દ્રવ્યમાં તે હોતા નથી.

આ ભાવોનું વિશેષ વિશ્લેષણ આચાર્ય અમૃતચંદ્રે ''પંચાસ્તિકાય સંગ્રહ'' ની ૫૬ મી ગાથાની ટીકામાં આ પ્રમાણે કર્યું છે.-

**કર્મોનો ફળદાનસામર્થ્યરૂપ ઉદ્‌ભવ તે 'ઉદય' છે, અનુદ્‌ભવ તે 'ઉપશમ' છે, ઉદ્‌ભવ તથા અનુદ્‌ભવ તે 'ક્ષયોપશમ' છે, અત્યંત વિશ્લેષ (વિયોગ) તે 'ક્ષય' છે. દ્રવ્યનો આત્મલાભ (અસ્તિત્વ) જેનો હેતુ છે તે 'પરિણામ' છે.** ત્યાં ઉદયથી યુક્ત તે 'ઔદયિક' છે, ઉપશમથી યુક્ત તે 'ઔપશમિક' છે, ક્ષયોપશમથી યુક્ત તે 'ક્ષાયોપશમિક' છે.

---

૧. તત્ત્વાર્થસૂત્ર, અ. ૨ સૂત્ર ૧



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ક્ષયથી યુક્ત તે 'ક્ષાયિક છે, પરિણામથી યુક્ત તે 'પારિણામિક' છે.

કર્મોપાધિની ચાર પ્રકારની દશા (ઉદય, ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષય) જેમનું નિમિત્ત છે એવા ચાર ભાવો છે; જેમાં કર્મોપાધિરૂપ નિમિત્ત બિલકુલ નથી, માત્ર દ્રવ્યસ્વભાવ જ જેનું કારણ છે એવો એક પારિણામિક ભાવ છે.

જિજ્ઞાસુ : હજુ સંપૂર્ણપણે સમજમાં આવ્યું નથી, કૃપા કરી વિસ્તારથી સમજાવો.

પ્રવચનકાર : સાંભળો ! હું એ અલગ-અલગ સમજાવું છું. સમજવાનો પ્રયત્ન કરો, જરૂર સમજમાં આવશે.

## ૧. ઔપશમિક ભાવ

(આત્માની મુખ્યતાથી) **આત્માના સ્વસન્મુખ પુરુષાર્થરૂપ શુદ્ધ પરિણામથી જીવનો શ્રદ્ધા તથા ચરિત્ર સંબંધી જે ભાવમલ તેના દબાઈ જવા રૂપે ઉપશામક ભાવ હોય છે તેને ઔપશમિક ભાવ કહે છે.** અને તે જ સમયે દર્શનમોહનીય તથા ચારિત્રમોહનીય કર્મનો પણ સ્વયં ફલદાનસમર્થરૂપે અનુદ્દભવ હોય છે તેને કર્મનો ઉપશમ કહે છે.

(કર્મની મુખ્યતાથી) **દર્શનમોહનીય અને ચારિત્રમોહનીય કર્મનો ફલદાનસમર્થરૂપે અનુદ્દભવ હોવો તે કર્મનો ઉપશમ છે અને એવા ઉપશમથી યુક્ત જીવનો ભાવ તે ઔપશમિક ભાવ છે.**

## ૨. ક્ષાયિક ભાવ

**આત્માના સ્વસન્મુખ પુરુષાર્થ વડે કોઈ ગુણની અવસ્થામાં અશુદ્ધતાનો સર્વથા ક્ષય થવો અર્થાત્ પૂર્ણ શુદ્ધ અવસ્થા પ્રગટ થવી તે ક્ષાયિક ભાવ છે.** તે જ સમયે સ્વયં કર્માવરણનો સર્વથા નાશ થવો તે કર્મનો ક્ષય છે.

## ૩. ક્ષાયોપશમિક ભાવ

(આત્માની મુખ્યતાથી) **ધર્મી જીવને સ્વસન્મુખ પુરુષાર્થ વડે શ્રદ્ધા અને ચારિત્રની આંશિક શુદ્ધ અવસ્થા હોય છે તેને જીવનો શ્રદ્ધા અને ચારિત્રની અપેક્ષાએ ક્ષાયોપશમિક ભાવ કહે છે.** અને તે જ સમયે દર્શનમોહનીય તથા ચારિત્રમોહનીય કર્મોનો સ્વયં ફલદાનસમર્થરૂપે ઉદ્દભવ અને અનુદ્દભવ હોય છે તેને તે કર્મનો ક્ષયોપશમ કહે છે.

(કર્મની મુખ્યતાથી) **દર્શનમોહનીય અને ચારિત્રમોહનીય કર્મોનો ફલદાનસમર્થરૂપે ઉદ્દભવ તથા અનુદ્દભવ હોય છે તેને તે કર્મનો ક્ષયોપશમ કહે છે. અને તેનાથી યુક્ત જીવની શ્રદ્ધા અને ચારિત્ર સંબંધી જે અવસ્થા હોય છે તેને જીવનો શ્રદ્ધા અને ચારિત્રનો ક્ષાયોપશમિક ભાવ કહેવામાં આવે છે.** [૧]

આત્માનાં જ્ઞાન, દર્શન અને વીર્ય વગેરેના આંશિક વિકાસ તથા આંશિક અવિકાસને જ્ઞાન, દર્શન, વીર્ય વગેરેનો ક્ષાયોપ-શમિક ભાવ સમજી લેવો. આ બધા છદ્મસ્થ જીવોને હોય છે.

## ૪. ઔદયિક ભાવ

**કર્મોના ઉદયકાળમાં આત્મામાં વિભાવરૂપ પરિણમન થવું તે ઔદયિક ભાવ છે.**

## ૫. પારિણામિક ભાવ

**સહજ સ્વભાવ, ઉત્પાદ-વ્યય નિરપેક્ષ, ધ્રુવ, એકરૂપ રહેવાવાળો ભાવ તે પારિણામિક ભાવ છે.**

આ ભાવોના ક્રમશઃ બે, નવ, અઢાર, એકવીસ અને ત્રણ ભેદ છે. [૨]

ઔપશમિક ભાવના ઔપશમિક સમ્યક્ત્વ અને ઔપશમિક ચારિત્ર એ બે ભેદ છે. [૩]

---

૧. પંચાસ્તિકાય સંગ્રહ ગાથા ૫૬.

૨. द्विनवाष्टादशैकविंशतित्रिभेदा यथाक्रमम् । તત્ત્વાર્થસૂત્ર, અ. ૨, સૂત્ર ૨.

૩ सम्यक्त्वचारित्रे । તત્ત્વાર્થસૂત્ર, અ. ૨, સૂત્ર ૩.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

ક્ષાયિક ભાવના કેવલજ્ઞાન, કેવલદર્શન, ક્ષાયિક દાન, ક્ષાયિક લાભ, ક્ષાયિક ભોગ, ક્ષાયિક ઉપભોગ, ક્ષાયિક વીર્ય, ક્ષાયિક સમ્યક્ત્વ અને ક્ષાયિક ચારિત્ર એ પ્રમાણે નવ ભેદ છે. [૧]

મિશ્ર (ક્ષાયોપશમિક) ભાવના મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન-એ ચાર જ્ઞાન; કુમતિ, કુશ્રુત, કુઅવધિ-એ ત્રણ અજ્ઞાન; ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન-એ ત્રણ દર્શન; ક્ષાયોપશમિક દાન, લાભ, ભોગ, ઉપભોગ, વીર્ય-એ પાંચ લબ્ધિઓ; ક્ષાયોપશમિક સમ્યક્ત્વ, ક્ષાયોપશમિક ચારિત્ર અને સંયમાસંયમ-એ પ્રમાણે કુલ ૧૮ ભેદ છે. [૨]

ઔદયિક ભાવના ૨૧ ભેદ છે-નરક, તિર્યંચ, મનુષ્ય, દેવ - એ ચાર ગતિ; ક્રોધ, માન, માયા, લોભ-એ ચાર કષાય; સ્ત્રીવેદ, પુરૂષવેદ, નપુંસક વેદ-એ ત્રણ વેદ; કૃષ્ણ, નીલ, કાપોત, પીત, પદ્મ, શુકલ-એ છ લેશ્યાઓ; મિથ્યાદર્શન, અજ્ઞાન, અસંયમ અને અસિદ્ધત્વ. [૩]

પારિણામિક ભાવના ત્રણ ભેદ છે-જીવત્વ, ભવ્યત્વ અને અભવ્યત્વ. [૪]

આ પ્રમાણે બધા મળીને જીવના અસાધારણ ભાવોના ૫૩ ભેદો છે.

જિજ્ઞાસુ : એમને જાણવાથી શું લાભ છે? એમનાથી શું સિદ્ધ થાય છે?

પ્રવચનકાર : ૧. પારિણામિક ભાવથી એ સિદ્ધ થાય છે કે જીવ અનાદિ-અનંત, એક, શુદ્ધ, ચૈતન્યસ્વભાવી છે.

---

१. ज्ञानदर्शनदानलाभभोगोपभोगवीर्याणिच। तत्त्वार्थसूत्र, અ. ૨, સૂત્ર ૪.

२. ज्ञानाज्ञानदर्शनलब्धयश्चतुस्त्रित्रिपञ्चभेदाः सम्यक्त्वचारित्रसंयमासंयमाश्च । तत्त्वार्थसूत्र, અ. ૨, સૂત્ર ૫.

३. गतिकषायलिङ्ग मिथ्यादर्शनाज्ञानासंयतासिद्धलेश्याश्चतुश्चतुस्त्र्यैकैकैकैकषट् भेदाः । तत्त्वार्थसूत्र, અ. ૨, સૂત્ર ૬.

४. जीवभव्याभव्यत्वानि । तत्त्वार्थसूत्र, અ. ૨, સૂત્ર ૭.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

૨. ઔદયિક ભાવનું સ્વરૂપ જાણવાથી એમ માલૂમ પડે છે કે જીવ અનાદિ-અનંત, શુદ્ધ, ચૈતન્યસ્વભાવી હોવા છતાં પણ એની અવસ્થામાં વિકાર છે, જડ કર્મની સાથે એને અનાદિકાલીન સંબંધ છે તથા જ્યાં સુધી આ જીવ પોતાના જ્ઞાતાસ્વભાવને સ્વયં છોડીને પર પદાર્થો તરફ વલણ રાખે છે ત્યાં સુધી વિકાર ઉત્પન્ન થતો રહે છે, કર્મને લીધે વિકાર થતો નથી.

૩. ક્ષાયોપશમિક ભાવથી એમ જાણ થાય છે કે જીવ અનાદિકાળથી વિકાર કરતો હોવા છતાં પણ જડ થઈ જતો નથી. એનાં જ્ઞાન, દર્શન, વીર્યનો આંશિક વિકાસ હંમેશાં બન્યો રહે છે અને સાચી સમજણ પછી તે જેમ-જેમ સત્ય પુરુષાર્થ વધારતો જાય છે, તેમ-તેમ મોહ અંશે દૂર થતો જાય છે.

૪. આત્માનું સ્વરૂપ યથાર્થપણે સમજીને જ્યારે જીવ પોતાના પારિણામિક ભાવનો આશ્રય લે છે ત્યારે ઔદયિક ભાવ દૂર થવાનો પ્રારંભ થાય છે. અને સૌ પ્રથમ શ્રદ્ધા ગુણનો ઔદયિક ભાવ દૂર થાય છે, એમ ઔપશમિક ભાવ બતાવે છે.

૫. અપ્રતિહત પુરુષાર્થ વડે પારિણામિક ભાવનો આશ્રય અતિશય વધારવાથી વિકારનો નાશ થાય છે, એમ ક્ષાયિક ભાવ સિદ્ધ કરે છે.

જિજ્ઞાસુ : શું આ પાંચે ભાવો બધા જ જીવોને હમેશાં હોય છે ?

પ્રવચનકાર : એક પારિણામિક ભાવ જ એવો છે જે બધા જીવોને સદાકાળ હોય છે. ઔદયિક ભાવ સમસ્ત સંસારી જીવોને તો હોય છે, પરંતુ મુક્ત જીવોને નથી હોતો. એ જ પ્રમાણે ક્ષાયોપશમિક ભાવ પણ મુક્ત જીવોને તો હોતો જ નથી, પરંતુ સંસારી જીવોમાં પણ તેરમા અને ચૌદમા ગુણસ્થાનવાળા જીવોને હોતો નથી.

જિજ્ઞાસુ : ક્ષાયિક ભાવ તો મુક્ત જીવોને હોય છે ?

પ્રવચનકાર : હા, મુક્ત જીવોને તો ક્ષાયિક ભાવ હોય છે. પરંતુ સમસ્ત સંસારી જીવોને નહીં. અભવ્યો અને મિથ્યાદૃષ્ટિઓને તો

ક્ષાયિક ભાવ હોવાનો પ્રશ્ન જ નથી. સમ્યક્ત્વી અને ચારિત્રવંત જીવોમાં પણ ક્ષાયિક સમ્યક્ત્વી અને ક્ષાયિક ચારિત્રવાન જીવો તથા અરહંતોમાં જ હોય છે. ઔપશમિક ભાવ તો માત્ર ઔપશમિક સમ્યક્ત્વી અને ઔપશમિક ચારિત્રવંતોને જ હોય છે. આ પ્રમાણે આપણે જોઈએ છીએ કે :-

૧. સૌથી ઓછી સંખ્યા ઔપશમિક ભાવવાળાઓની છે, કેમ કે ઔપશમિક સમ્યક્ત્વી અને ઔપશમિક ચારિત્રવંત જીવોનો જ એમાં સમાવેશ થાય છે.

૨. ઔપશમિક ભાવવાળાઓ કરતાં અધિક સંખ્યા ક્ષાયિક ભાવવાળા જીવોની છે. એમાં ક્ષાયિક સમકિતી, ક્ષાયિક ચારિત્રવંત જીવોનો તથા અરહંત અને સિદ્ધોનો સમાવેશ થાય છે.

૩. ક્ષાયિક ભાવવાળા જીવોથી અધિક સંખ્યા ક્ષાયોપશમિક ભાવવાળા જીવોની છે. એમાં એકથી શરૂ કરી બારમા ગુણસ્થાનવાળા જીવોનો સમાવેશ થાય છે.

૪. ક્ષાયોપશમિક ભાવવાળાઓથી પણ અધિક સંખ્યા ઔદયિક ભાવવાળા જીવોની છે. એમાં એકથી માંડીને ચૌદમા ગુણસ્થાનવર્તી જીવોનો સમાવેશ થાય છે.

૫. સૌથી અધિક સંખ્યા પારિણામિક ભાવવાળા જીવોની છે. એમાં નિગોદથી માંડીને સિદ્ધ સુધીના સર્વ જીવોનો સમાવેશ થાય છે.

આ ક્રમને ધ્યાનમાં રાખીને સૂત્રમાં ઔપશમાદિક ભાવોનો ક્રમ રાખવામાં આવેલો છે.

નિષ્કર્ષરૂપે આપણે એમ કહી શકીએ કે :-

૧. પારિણામિક ભાવ વિના કોઈ જીવ હોતો નથી.
૨. ઔદયિક ભાવ વિના કોઈ સંસારી નથી.
૩. ક્ષાયોપશમિક ભાવ વિના કોઈ છદ્મસ્થ નથી.
૪. ક્ષાયિક ભાવ વિના ક્ષાયિક સમકિતી, ક્ષાયિક ચારિત્રવંત અને અરહંત તથા સિદ્ધ નથી.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

૫. ઔપશમિક ભાવ વિના કોઈ ધર્મની શરૂઆતવાળો જીવ નથી.

જિજ્ઞાસુ : ક્યો ભાવ કેટલો કાળ રહે છે ?

પ્રવચનકાર : સાંભળો ! હું દરેકનો કાળ બતાવું છું -

૧. ઔપશમિક ભાવ સાદિ-સાંત હોય છે, કેમ કે એનો કાળ જ અન્તર્મુહૂર્ત માત્ર છે.

૨. ક્ષાયિક ભાવ સાદિ-અનન્ત છે [૧] અને સંસારમાં રહેવાની અપેક્ષાએ ઉત્કૃષ્ટ તેત્રીસ સાગરથી કાંઈક અધિક કાળ કહ્યો છે.

૩. ક્ષાયોપશમિક ભાવ -

અનાદિ-સાંત : જ્ઞાન, દર્શન, વીર્યની અપેક્ષાએ.

સાદિ-સાંત : ધર્મની પ્રગટ પર્યાય અપેક્ષાએ ઉત્કૃષ્ટ ૬૬ સાગરથી કાંઈક અધિક કાળ.

૪. ઔદયિક ભાવ -

અનાદિ-સાંત [૨] : ભવ્ય જીવોની અપેક્ષાએ.

અનાદિ-અનંત : અભવ્ય જીવો તથા દૂરાન્દૂરભવ્ય [૩] જીવોની અપેક્ષાએ.

૫. પારિણામિક ભાવ - અનાદિ - અનંત.

જિજ્ઞાસુ : આ તો સમજમાં આવી ગયું. હવે કૃપા કરીને એ બતાવો કે આ ભાવોમાંથી ગ્રહણ કરવા યોગ્ય અને ત્યાગ કરવા યોગ્ય

---

૧. પારિણામિક ભાવ સિવાયના બધા જ ભાવો પર્યાયરૂપે હોવાથી સાદિ-સાંત જ હોય છે, પરંતુ પર્યાયોના પ્રવાહરૂપ ક્રમની એકરૂપતાને લક્ષમાં રાખીને અહીં ક્ષાયિક ભાવને સાદિ-અનંત કહ્યો છે.

૨. જો કે ઔદયિક ભાવ પ્રવાહરૂપથી અનાદિને છે અને ધર્મી જીવને તેનો અંત પણ આવી જાય છે એ અપેક્ષાએ અનાદિ-સાંત કહ્યો છે, તેમ છતાં તેનો પ્રવાહ કોઈ જીવને એકરૂપ રહેતો નથી તે કારણે ઔદયિક ભાવને સાદિ-સાંત પણ કહેવામાં આવે છે.

૩. અભવ્ય જેવા ભવ્યોને દૂરાન્દૂરભવ્ય કહે છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ક્યા ક્યા ભાવો છે? કેમ કે કહ્યું છે કે - "બિન જાને તેં દોષગુણન કો, કૈસે તજીએ ગહિએ."

પ્રવચનકાર : આ તમે ખૂબ સારું પૂછ્યું, કેમ કે હેય, જ્ઞેય, ઉપાદેયને જાણ્યા સિવાય કોઈ જાણકારી પૂરી હોતી નથી.

૧. ઔદયિક ભાવ હેય, ઔપશમિક ભાવ તથા સાધક દશાનો ક્ષાયોપશમિક ભાવ અને ક્ષાયિક ભાવ પ્રગટ કરવાની અપેક્ષાએ ઉપાદેય અને પારિણામિક ભાવ આશ્રય કરવાની અપેક્ષાએ પરમ ઉપાદેય છે.

૨. ઔદયિક ભાવ વિકાર છે, સાધક માટે તે હેય છે, આશ્રય કરવા યોગ્ય નથી. ઔપશમિક ભાવ, સાધકનો ક્ષાયોપશમિક ભાવ સાદિ-સાંત છે અને એક સમયની પર્યાય છે; ક્ષાયિક ભાવ સાદિ-અનંત છે, પર્યાયરૂપ છે; તેથી તે આશ્રય કરવા યોગ્ય નથી. પારિણામિક ભાવ કે જે અનાદિ-અનંત છે તે એક જ આશ્રય કરવા યોગ્ય છે. સારાંશ એ છે કે જેમણે ધર્મ કરવો હોય, સુખી થવું હોય, એમણે ઔદયિકાદિ ચારે ભાવો પરથી દૃષ્ટિ ઉઠાવી લઈને માત્ર પરમ પારિણામિક-ભાવરૂપ ત્રિકાળી ભૂતાર્થ જ્ઞાયકસ્વભાવનો જ આશ્રય લેવો જોઈએ કેમ કે તેના આશ્રય વડે જ ધર્મની ઉત્પત્તિ, સ્થિતિ, વૃદ્ધિ અને પૂર્ણતા થાય છે.

**પ્રશ્ન :-**

૧. જીવના અસાધારણ ભાવો કેટલા છે? ક્યા ક્યા? નામ સાથે લખો.
૨. સૌથી અધિક સંખ્યા ક્યા ભાવવાળા જીવોની છે? અને શા માટે?
૩. ક્ષાયોપશમિક ભાવના કેટલા ભેદ છે? નામ સાથે લખો.
૪. શું અભવ્યોને ઔપશમિક ભાવ હોઈ શકે?
૫. સિદ્ધોને કેટલા ભાવો છે અને ક્યા ક્યા?
૬. પાંચ ભાવોમાં હેય, જ્ઞેય અને ઉપાદેય જણાવો.
૭. આચાર્ય ઉમાસ્વામીના વ્યક્તિત્વ અને કર્તૃત્વ સંબંધી પરિચય આપો.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# પાઠ - ૭

# ❋ ચાર અભાવ ❋

## આચાર્ય સમન્તભદ્ર
## (વ્યક્તિત્વ અને કર્તૃત્વ)

श्री मूलसंधव्योमेन्दुर्भारते भावितीर्थकृत।
देशे समन्तभद्राख्यो, मुनिर्जीयात्पदर्द्धिक: ॥

-કવિવર હસ્તિમલ

લોકેષણાથી દૂર રહેનાર સ્વામી સમંતભદ્રનું જીવન-ચરિત્ર એક રીતે અજ્ઞાત જ છે. જૈનાચાર્યોની આ એક વિશેષતા રહી છે કે મહાનમાં મહાન કાર્યો કર્યા પછી પણ તેમણે પોતાના લૌકિક જીવન સંબંધમાં ક્યાંય કશું પણ લખ્યું નથી. જે કાંઈ થોડા-વત્તા પ્રમાણમાં પ્રાપ્ત છે તે પૂરતું નથી.

પોતે કદંબ રાજવંશના ક્ષત્રિય રાજકુમાર હતા. તેમનું બાળપણમાં શાંતિ વર્મા નામ હતું. તેમનો જન્મ દક્ષિણ ભારતમાં કાવેરી નદીના કિનારે આવેલા ઉરગપુર નામના નગરમાં થયો હતો. તેઓશ્રી સવંત ૧૩૮ સુધી હયાત હતા.

તેમના કૌટુંબિક જીવન સંબંધી કાંઈપણ જાણવા મળતું નથી. તેમણે નાની વયમાં જ મુનિ-દીક્ષા ધારણ કરી લીધી હતી. દિગંબર જૈન સાધુ બનીને તેમણે ઘોર તપશ્ચરણ કર્યું અને અગાધ જ્ઞાન પ્રાપ્ત કર્યું.

તેઓ જૈન સિદ્ધાંતના તો અગાધ મર્મજ્ઞ હતા જ; સાથે સાથે તર્ક, ન્યાય, વ્યાકરણ, છંદ, અલંકાર, કાવ્ય અને કોષના પણ પંડિત હતા. તેમનામાં અદ્વિતીય વાદ-શક્તિ હતી. તેમણે કેટલીય વખત ઘૂમી-ઘૂમીને કુવાદીઓના ગર્વને ખંડિત કર્યો હતો. તેઓ પોતે જ લખે છે -



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

"वादार्थी विचरास्यहं नरपते, शार्दूल विक्रीडितम् ।"

હે રાજા ! હું વાદ માટે સિંહની જેમ વિચરણ કરી રહ્યો છું.

તેમના પછી થઈ ગયેલા અન્ય આચાર્યોએ પણ તેમનું સ્મરણ ખૂબ સન્માનપૂર્વક કરેલું છે. આચાર્ય જિનસેને આદિપુરાણમાં તેમનાં વચનોને કુવાદીરૂપી પર્વતોને છિન્ન-ભિન્ન કરવા માટે વજ્ર સમાન બતાવ્યા છે તથા તેમને કવિ, વાદી, ગમક અને વાગ્મિયોના ચૂડામણિ કહ્યા છે -

नमः समन्तभद्राय, महते कविवेधसे ।
यद्वचो वज्रपातेन, निर्भिन्नाः कुमताद्रयः ॥
कवीनां गमकानां च, वादीनां वाग्मिनामपि ।
यशः सामन्तभद्रीयं, मूर्ध्नि चूड़ामणीयते ॥

ગદ્ય ચિન્તામણિકાર વાદીભસિંહ સૂરિ લખે છે -

सरस्वतीस्वैरविहारभूमयः,
समन्तभद्रप्रमुखा मुनीश्वराः ।
जयन्ति वाग्वज्रनिपातपाटि -
प्रतीपराद्धान्तमहीध्रकोटयः ॥

ચંદ્રપ્રભચરિત્રકાર વીરનંદિ આચાર્ય "समन्तभद्रादिभवा च भारती" વડે કંઠ વિભૂષિત નરોત્તમોની પ્રશંસા કરે છે તો આચાર્ય શુભચન્દ્ર જ્ઞાનાર્ણવમાં એમનાં વચનોને અજ્ઞાનરૂપી અંધકારના નાશ માટે સૂર્ય સમાન સ્વીકાર કરતાં એમની તુલનામાં અન્યનાં (વચનોને) ખદ્યોતવત દર્શાવે છે. -

समन्तभद्रादिकवीन्द्रभास्वतां,
स्फुरंति यत्रामलसूक्तिरश्मयः ।
व्रजन्ति खद्योतवदेव हास्यतां,
न तत्र किं ज्ञानलवोद्धता जनाः ॥

તેઓ આદ્યસ્તુતિકાર તરીકે પ્રસિદ્ધ છે. તેમણે સ્તોત્ર-સાહિત્યને પ્રૌઢતા અર્પી છે. તેમની સ્તુતિઓમાં મહાન ગંભીર ન્યાયો ભરેલા હોય છે. તેમના વડે લખાયેલો "આપ્તમીમાંસા" ગ્રંથ એક સ્તોત્ર



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

જ છે જેને "દેવાગમ સ્તોત્ર" પણ કહે છે. તે એટલો ગંભીર અને અનેકાત્મક તત્ત્વથી ભરેલો છે કે તેની કેટલીય ટીકાઓ લખાઈ છે જે ન્યાય-શાસ્ત્રના અપૂર્વ ગ્રંથો છે. અકલંકની "અષ્ટશતી" અને વિદ્યાનંદિની "અષ્ટ સહસ્ત્રી" એની જ ટીકાઓ છે. આ "ચાર અભાવ" નામનો પાઠ ઉપરોક્ત આપ્તમીમાંસાની કારિકા નં. ૯, ૧૦, ૧૧નો આધાર લઈને જ લખાયેલો છે.

આ ઉપરાંત તેમણે તત્ત્વાનુશાસન, યુક્ત્યનુશાસન, સ્વયંભૂસ્તોત્ર, જિનસ્તુતિશતક, રત્નકરણ્ડશ્રાવકાચાર, પ્રાકૃત વ્યાકરણ, પ્રમાણ પદાર્થ, કર્મપ્રાભૃત ટીકા અને ગંધહસ્તિમહાભાષ્ય (અપ્રાપ્ય) નામના ગ્રંથોની રચના કરી છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# ચાર અભાવ

भावैकान्ते पदार्थानामभावानामपह्नवात् ।
सर्वात्मकमनाद्यन्तमस्वरुपमतावकम् ॥ ६ ॥
कार्यद्रव्यमनादि स्यात्, प्रागभावस्यनिन्हवे ।
प्रध्वंसस्य च धर्मस्य, प्रच्यवेऽनन्ततां ब्रजेत् ॥ १० ॥
सर्वात्मकं तदेकं स्यादन्यापोहव्यतिक्रमे ।
अन्यत्र समवाये न व्यपदिश्येत सर्वथा ॥ ११ ॥

-આપ્તમીમાંસા : આચાર્ય સમન્તભદ્ર

આચાર્ય સમન્તભદ્ર : વસ્તુસ્વરૂપ અનેકાન્તાત્મક છે. જે પ્રમાણે સ્વની અપેક્ષાએ ભાવ (સદ્‌ભાવ) પદાર્થનું સ્વરૂપ છે, તે જ પ્રમાણે પરની અપેક્ષાએ અભાવ પણ પદાર્થનો ધર્મ છે.[1]

જિજ્ઞાસુ : અભાવ કોને કહે છે ? તે કેટલા પ્રકારના હોય છે ?

આચાર્ય સમન્તભદ્ર : **એક પદાર્થનું બીજા પદાર્થમાં અસ્તિત્વ ન હોવું તેને અભાવ કહે છે.** અભાવ ચાર પ્રકારના હોય છે.- (૧) પ્રાગભાવ (૨) પ્રધ્વંસાભાવ (૩) અન્યોન્યાભાવ (૪) અત્યંતાભાવ.

જિજ્ઞાસુ : કૃપા કરીને ચારે ય પ્રકારના અભાવ સંક્ષેપમાં સમજાવી દો.

આચાર્ય સમન્તભદ્ર : **પૂર્વ પર્યાયમાં વર્તમાન પર્યાયનો અભાવ તે પ્રાગભાવ છે.** અથવા **કાર્ય (પર્યાય) થવા પહેલાં કાર્ય (પર્યાય) નું નહીં થવું તે જ પ્રાગભાવ છે.**[2] એ જ પ્રમાણે **વર્તમાન પર્યાયનો આગામી પર્યાયમાં અભાવ તે પ્રધ્વંસાભાવ છે.** જેમ કે દહીંની પૂર્વ પર્યાય દૂધ હતી. તેમાં દહીંનો અભાવ હતો. તેથી તે અભાવને પ્રાગભાવ કહેવાય અને છાસ દહીંની આગામી પર્યાય છે, તેમાં પણ વર્તમાન પર્યાય દહીંનો અભાવ છે, તેથી તે

---

૧. "भवत्यभावोऽपि च वस्तुधर्मो, भावान्तरं भाववदर्हतस्ते ।"
-યુક્ત્યનુશાસન : આચાર્ય સમન્તભદ્ર, કારિકા ૫૯.

૨. "कार्यस्यात्मलाभात्प्रागऽभवनं प्रागभावः ।" -અષ્ટસહસ્ત્રી : વિદ્યાનન્દિ, પૃષ્ઠ ૯૭.

અભાવને પ્રધ્વંસાભાવ કહેવાય.

જિજ્ઞાસુ : પૂજ્યવર ગુરુદેવ ! આપે દૂધ-દહીંનું ઉદાહરણ આપીને તો સમજાવી દીધું. કૃપા કરીને આત્મા પર ઘટાવીને વિશેષ સમજાવો.

આચાર્ય સમન્તભદ્ર : અંતરાત્મારૂપ પર્યાયનો બહિરાત્મારૂપ પૂર્વ પર્યાયમાં અભાવ તે પ્રાગભાવ અને પરમાત્મારૂપ આગામી પર્યાયમાં અભાવ તે પ્રધ્વંસાભાવ કહેવામાં આવે.

જિજ્ઞાસુ : અને અન્યોન્યાભાવ ?

આચાર્ય સમન્તભદ્ર : **એક પુદ્ગલ દ્રવ્યની વર્તમાન પર્યાયમાં બીજી પુદ્ગલ દ્રવ્યની વર્તમાન પર્યાયનો અભાવ તે અન્યોન્યાભાવ છે.** જેમ કે લીંબુની વર્તમાન ખટાશ ખાંડની વર્તમાન મીઠાશમાં નથી.

જિજ્ઞાસુ : આને પણ આત્મા પર ઘટાવીને બતાવો ને !

આચાર્ય સમન્તભદ્ર : આ આત્મા પર ઘટે નહીં. તમે પરિભાષા ધ્યાન દઈને સાંભળી નથી તેથી આવો પ્રશ્ન કરો છો. પરિભાષામાં સ્પષ્ટ કહ્યું છે કે એક પુદ્ગલ દ્રવ્યની વર્તમાન પર્યાયમાં બીજા પુદ્ગલ દ્રવ્યની વર્તમાન પર્યાયનો અભાવ તે અન્યોન્યાભાવ છે, તેથી આ માત્ર પુદ્ગલ દ્રવ્યમાં જ ઘટે છે અને તે પણ પુદ્ગલ દ્રવ્યોની માત્ર વર્તમાન પર્યાયમાં જ.

જિજ્ઞાસુ : અત્યન્તાભાવ કોને કહે છે ?

આચાર્ય સમન્તભદ્ર : **એક દ્રવ્યનો બીજા દ્રવ્યમાં અભાવ તેને અત્યન્તાભાવ કહે છે.** જેમ કે જીવ દ્રવ્ય અને પુદ્ગલ દ્રવ્યમાં પરસ્પર અત્યન્તાભાવ છે.

ધ્યાન રાખો કે અત્યન્તાભાવ છયે દ્રવ્યોમાંથી કોઈપણ બે દ્રવ્યોમાં ઘટે છે. અન્યોન્યાભાવ બે પુદ્ગલોની વર્તમાન પર્યાયોમાં ઘટિત થાય છે, પ્રાગભાવ છયે દ્રવ્યોમાંથી કોઈ એક દ્રવ્યની વર્તમાન અને પૂર્વ પર્યાયોમાં તથા પ્રધ્વંસાભાવ છયે દ્રવ્યોમાંથી કોઈ એક જ દ્રવ્યની વર્તમાન અને ઉત્તર પર્યાયોમાં ઘટિત થાય

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

છે. એક અત્યંતાભાવ દ્રવ્યસૂચક છે, બાકી ત્રણેય અભાવ પર્યાયસૂચક છે.

આ ચારેયને સંક્ષેપમાં એમ પણ કહી શકાય કે **જેનો અભાવ થતાં નિયમથી કાર્યની ઉત્પત્તિ થાય છે તેને પ્રાગભાવ કહે છે. જેનો સદ્ભાવ થતાં નિયમથી વિવક્ષિત કાર્યનો અભાવ (નાશ) થાય છે તેને પ્રધ્વંસાભાવ કહે છે. અન્ય (પુદ્ગલ) ના સ્વભાવ (વર્તમાન પર્યાય)માં સ્વ (પુદ્ગલ) સ્વભાવ (વર્તમાન પર્યાય)ની વ્યાવૃત્તિ અન્યોન્યાભાવ છે. તથા કાલત્રયની અપેક્ષાએ જે અભાવ હોય તે અત્યંતાભાવ છે.**

જિજ્ઞાસુ : કદાચિત્ આ ચારેય અભાવોને ન માનવામાં આવે તો શું દોષ આવે ?

આચાર્ય સમન્તભદ્ર : ૧. પ્રાગભાવ ન માનવાથી સમસ્ત કાર્ય (પર્યાયો) અનાદિ સિદ્ધ થાય.

૨. પ્રધ્વંસાભાવ ન માનવાથી સર્વ કાર્ય (પર્યાયો) અનંતકાળ સુધી રહે.

૩. અન્યોન્યાભાવ ન માનવાથી બધાં પુદ્ગલોની પર્યાયો મળીને એક થઈ જાય અર્થાત્ બધાં પુદ્ગલ સર્વાત્મક બની જાય.

૪. અત્યન્તાભાવ ન માનવાથી બધાં દ્રવ્યો અસ્વરૂપ થઈ જાય અર્થાત્ બધાં પોત-પોતાના સ્વરૂપને છોડી દે, પ્રત્યેક દ્રવ્યની વિભિન્નતા રહે નહીં, જગતનાં બધાં દ્રવ્યો એક થઈ જાય.

આશા છે કે ચાર અભાવોનું સ્વરૂપ તમારી સમજમાં બરાબર આવી ગયું હશે.

---

"यदभावे हि नियमत कार्यस्योत्पत्तिः स प्रागभावः
यद्भावे च कार्यस्य नियता बिपत्तिः स प्रध्वंसः
स्वभावान्तरात्स्वभावव्यावृत्तिरन्यापोहः कालत्रयापेक्षाऽभावोऽत्यन्ताभाव ।"
–અષ્ટસહસ્ત્રી : વિદ્યાનન્દિ, પૃષ્ઠ ૧૦૯.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

| | |
|---|---|
| જિજ્ઞાસુ | : જી હા, આવી ગયું. |
| આચાર્ય સમન્તભદ્ર | : જો આવી ગયું તો બતાવો કે શરીર અને જીવમાં ક્યો અભાવ છે? |
| જિજ્ઞાસુ | : અત્યંતાભાવ. |
| આચાર્ય સમન્તભદ્ર | : અત્યંતાભાવ કેમ? |
| જિજ્ઞાસુ | : કેમ કે એક પુદ્દગલ દ્રવ્ય છે અને બીજું જીવ દ્રવ્ય છે અને બે દ્રવ્યોની વચ્ચે જે અભાવ હોય તેને જ અત્યંતાભાવ કહે છે. |
| આચાર્ય સમન્તભદ્ર | : પુસ્તક અને ઘડામાં ક્યો અભાવ છે? |
| જિજ્ઞાસુ | : અન્યોન્યાભાવ, કેમ કે પુસ્તક અને ઘડો-બન્ને પુદ્દગલ દ્રવ્યની વર્તમાન પર્યાયો છે. |
| આચાર્ય સમન્તભદ્ર | : "આત્મા અનાદિ કેવલજ્ઞાનપર્યાયમય છે." એમ માનનારા ક્યો અભાવ માનતા નથી? |
| જિજ્ઞાસુ | : પ્રાગભાવ, કેમ કે કેવલજ્ઞાન જ્ઞાનગુણની પર્યાય છે, તેથી કેવલજ્ઞાન થવા પહેલાંની મતિજ્ઞાનાદિ પર્યાયોમાં તેનો અભાવ છે. |
| આચાર્ય સમન્તભદ્ર | : "આ વર્તમાન રાગ મને જીવનભર હેરાન કરશે" એમ માનનારાઓએ ક્યો અભાવ ન માન્યો? |
| જિજ્ઞાસુ | : પ્રધ્વંસાભાવ, કેમકે વર્તમાન રાગનો ભવિષ્યની ચારિત્ર-ગુણની પર્યાયોમાં અભાવ છે, તેથી વર્તમાન રાગ-દ્વેષ ભવિષ્યના રાગ-દ્વેષનું કારણ બની શકે નહીં. |
| શંકાકાર | : આ ચાર પ્રકારના અભાવોને સમજવાથી શું લાભ છે? |
| આચાર્ય સમન્તભદ્ર | : અનાદિથી મિથ્યાત્વાદિ મહાપાપ કરનાર આત્મા પુરુષાર્થ કરે તો વર્તમાનમાં તેનો અભાવ કરીને સમ્યક્ત્વાદિ ધર્મ-દશા પ્રગટ કરી શકે છે, કેમ કે વર્તમાન પર્યાયનો પૂર્વ પર્યાયોમાં અભાવ છે. તેથી પ્રાગભાવ સમજવાથી "હું પાપી છું, મેં ઘણાં પાપો કર્યાં છે, હું કેવી રીતે તરી શકું?" ઈત્યાદિ હીન ભાવના નીકળી જાય છે. એ જ પ્રમાણે પ્રધ્વંસાભાવ |



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

સમજવાથી એમ જ્ઞાન થઈ જાય છે કે વર્તમાનમાં ગમે તેવી દીન-હીન દશા હોય પણ ભવિષ્યમાં ઉત્તમમાં ઉત્તમ દશા પ્રગટ થઈ શકે છે, કેમકે વર્તમાન પર્યાયનો આગામી પર્યાયોમાં અભાવ છે, તેથી વર્તમાન પામરતા દેખીને ભવિષ્ય સંબંધી નિરાશ ન થતાં સ્વસન્મુખ થવાનો પુરુષાર્થ પ્રગટ કરવાનો ઉત્સાહ જાગૃત થાય છે.

જિજ્ઞાસુ : અન્યોન્યાભાવ અને અત્યંતાભાવ સમજવાથી શું લાભ છે ?

આચાર્ય સમન્તભદ્ર : એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કર્તા-હર્તા નથી કેમકે તેમનામાં પરસ્પર અત્યંતાભાવ છે. એમ સમજવાથી "બીજો મારું બૂરું કરી દેશે" એવો અનંત ભય નીકળી જાય છે અને "બીજા મારું ભલું કરી દેશે" એવી પરાધીનતાની વૃત્તિ નીકળી જાય છે. એ જ પ્રમાણે અન્યોન્યાભાવ જાણવાથી પણ સ્વાધીનતાનો ભાવ જાગૃત થાય છે, કેમકે જ્યારે એક પુદ્ગલની પર્યાય બીજા પુદ્ગલની પર્યાયથી પૂર્ણ ભિન્ન અને સ્વતંત્ર છે તો પછી આ આત્માથી તો ભિન્ન છે જ.

આ પ્રમાણે ચારેય અભાવોને સમજવાથી સ્વાધીનતાનો ભાવ જાગૃત થાય છે, પરની આશા સંબંધી ઈચ્છા નષ્ટ થઈ જાય છે, ભયનો ભાવ નીકળી જાય છે, ભૂતકાળ અને વર્તમાનનાં નબળાઈ અને વિકાર દેખીને ઉત્પન્ન થવાવાળી દીનતા સમાપ્ત થઈ જાય છે અને સ્વસન્મુખ થવાનો પુરુષાર્થ જાગૃત થાય છે.

આશા છે કે આ જાણવાથી શું લાભ છે તે તમારી સમજમાં આવી ગયું હશે.

જિજ્ઞાસુ : આવી ગયું ! ઘણી સારી રીતે સમજમાં આવી ગયું ! !

આચાર્ય સમન્તભદ્ર : આવી ગયું, તો બતાવો કે "શરીર જાડું-તાજું હોય તો અવાજ પણ બુલંદ હોય છે." એમ માનનાર શું ભૂલ કરે છે. ?

જિજ્ઞાસુ : તે અન્યોન્યાભાવનું સ્વરૂપ જાણતો નથી, કેમ કે શરીરનું જાડું-તાજું થવું-એ આહાર વર્ગણારૂપ પુદ્ગલનું કાર્ય છે અને

અવાજનું બુલંદ થવું-એ ભાષા વર્ગણાનું કાર્ય છે. આ પ્રમાણે અવાજ અને શરીરના જાડા થવામાં અન્યોન્યાભાવ છે.

આચાર્ય સમન્તભદ્ર : ''જ્ઞાનાવરણીય કર્મના ક્ષયને કારણે આત્મામાં કેવલજ્ઞાન થાય છે.'' એમ માનનારે શું ભૂલ કરી ?

જિજ્ઞાસુ : તેણે અત્યંતાભાવ જાણ્યો નહીં; કેમ કે જ્ઞાનાવરણીય કર્મ અને આત્મા એ બેમાં અત્યંતાભાવ છે, તો પછી એક દ્રવ્યના કારણે બીજા દ્રવ્યમાં કાર્ય કેવી રીતે થઈ શકે ?

શંકાકાર : શાસ્ત્રમાં એમ કેમ લખ્યું છે કે જ્ઞાનાવરણીય કર્મના ક્ષયથી કેવલજ્ઞાનની પ્રાપ્તિ થાય છે ?

આચાર્ય સમન્તભદ્ર : શાસ્ત્રમાં નિમિત્તનું જ્ઞાન કરાવવા માટે અસદ્ભૂત વ્યવહારનયથી એમ કહેવામાં આવે છે, પરંતુ વસ્તુતઃ (નિશ્ચય નયથી) વિચાર કરવામાં આવે તો એક દ્રવ્ય બીજા દ્રવ્યના કાર્યનો કર્તા થઈ જ શકતો નથી.

આ પ્રમાણે આપણે જોઈએ છીએ કે વસ્તુસ્વરૂપ તો અનેકાન્તાત્મક છે. એકલો ભાવ જ વસ્તુનું સ્વરૂપ નથી. અભાવ પણ વસ્તુનો ધર્મ છે, એને માન્યા સિવાય વસ્તુની વ્યવસ્થા બનતી નથી. તેથી ચાર અભાવોનું સ્વરૂપ બરાબર સમજીને મોહ-રાગ-દ્વેષાદિ વિકારોનો અભાવ કરવા પ્રત્યે સાવધાન થવું જોઈએ.

**પ્રશ્ન :**

૧. અભાવ કોને કહે છે ? તે કેટલા પ્રકારના હોય છે ? નામ સાથે લખો.
૨. નીચેનામાંથી પરસ્પર તફાવત બતાવો :-
   (ક) પ્રાગભાવ અને પ્રધ્વંસાભાવ.
   (ખ) અન્યોન્યાભાવ અને અત્યંતાભાવ.
૩. અભાવો સમજવાથી શું લાભ થાય ?
૪. અભાવોના સ્વરૂપના સંદર્ભમાં નીચેનાની સમીક્ષા કરો.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

(ક) જ્ઞાનાવરણીય કર્મના ક્ષયથી કેવલજ્ઞાન પ્રાપ્ત થાય છે.
(ખ) કર્મના ઉદયથી શરીરમાં રોગ થાય છે.
(ગ) આ માણસ ચોર છે કેમ કે એણે સ્કૂલમાં ભણતી વખતે મારું પુસ્તક ચોરી લીધું હતું.

૫. નીચે આપેલાં જોડકાંમાં પરસ્પર ક્યો અભાવ છે ?
(ક) ઈચ્છા અને ભાષા.
(ખ) ચશ્મા અને જ્ઞાન.
(ગ) શરીર અને વસ્ત્ર.
(ઘ) શરીર અને જીવ.

૬. આચાર્ય સમન્તભદ્રનાં વ્યક્તિત્વ અને કર્તૃત્વ સંબંધી પરિચય આપો.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# પાઠ - ૮

# ❋ પાંચ પાંડવો ❋

## આચાર્ય જિનસેન
## (વ્યક્તિત્વ અને કર્તૃત્વ)

પુરાણ ગ્રંથોમાં પદ્મપુરાણ પછી જૈન સમાજમાં જેનો સૌથી વધારે સ્વાધ્યાય થાય છે તે પ્રાચીન પુરાણ છે-હરિવંશપુરાણ. એમાં છાસઠ સર્ગ અને બાર હજાર શ્લોક છે. એમાં બાવીસમા તીર્થંકર ભગવાન નેમિનાથનું ચરિત્ર વિશદરૂપે વર્ણવેલું છે. તદુપરાંત કૃષ્ણ બલભદ્ર, કૌરવ-પાંડવો વગેરે અનેક ઈતિહાસ-પ્રસિદ્ધ મહાપુરુષોનું ચરિત્ર પણ અત્યંત ખૂબીપૂર્વક આલેખવામાં આવ્યું છે.

એના રચિયતા આચાર્ય જિનસેન છે. આચાર્ય જિનસેન મહાપુરાણના કર્તા ભગવત્ જિનસેનાચાર્યથી ભિન્ન છે. તેઓ પુન્નાટ સંઘના આચાર્ય હતા. પુન્નાટ કર્ણાટકનું પ્રાચીન નામ છે. આ સંઘ કર્ણાટક અને કાઠિયાવાડની નિકટ ૨૦૦ વર્ષ સુધી રહ્યો છે. આ સંઘ પર ગુજરાતના રાજવંશોની વિશેષ શ્રદ્ધા અને ભક્તિ રહ્યાં છે.

તેમના ગુરુનું નામ કીર્તિષેણ હતું અને વર્ધમાન નગરના નન્નરાજ વસતિ નામના મંદિરમાં રહીને તેમણે વિક્રમ સં. ૮૪૦ માં આ ગ્રંથ પૂરો કર્યો હતો. આ ગ્રંથ સિવાય તેમનો બીજો કોઈ ગ્રંથ ઉપલબ્ધ નથી અને બીજે ક્યાંય અન્ય ગ્રંથોમાં તેનો ઉલ્લેખ પણ મળતો નથી. તેમની અક્ષય કીર્તિ માટે આ એક મહાગ્રંથ પૂરતો છે.

હરિવંશપુરાણના ભાષા ટીકાકાર જયપુરના પ્રસિદ્ધ વિદ્વાન પં. દોલતરામજી કાસલીવાલ છે.

આ પાઠ તેમના ઉપરોક્ત સુપ્રસિદ્ધ ગ્રંથ હરિવંશપુરાણનો આધાર લઈને લખવામાં આવ્યો છે. પાંડવોના સંબંધમાં વિસ્તારથી માહિતી મેળવવા માટે હરિપુરાણ અને પાંડવપુરાણનું અધ્યયન કરવું જોઈએ.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# પાંચ પાંડવો

સુરેશ : આજે હું તને નહીં છોડું. જ્યાં સુધી પૈસા નહીં આપે ત્યાં સુધી છોડવાનો નથી.

રમેશ : કેમ નહીં છોડે ?

સુરેશ : જો પૈસા નહોતા તો શરત શા માટે લગાવી ?

રમેશ : મેં તો ખાલી એમ જ કહી દીધું.

સુરેશ : હું કાંઈ ન જાણું, પૈસા કાઢ.

રમેશ : પૈસા તો છે જ નહીં. ક્યાંથી કાઢું ?

સુરેશ : (ખમીશ પકડીને) તો પછી શરત શું કરવા લગાવી ?

અધ્યાપક : કેમ ભાઈ રમેશ-સુરેશ ! કેમ લડી રહ્યા છો ? સારા છોકરાઓ આ પ્રમાણે લડતા નથી. આપણે આપણાં બધાં કામ શાંતિથી પતાવવાં જોઈએ, લડી-ઝગડીને નહીં.

રમેશ : જુઓ સાહેબ ! આ મને નાહક જ હેરાન કરી રહ્યો છે.

સુરેશ : સાહેબ ! એ મારા પૈસા કેમ આપતો નથી ?

અધ્યાપક : કેમ રમેશ ! તમે એના પૈસા કેમ આપતા નથી ? સારાં બાળકો કોઈની પાસેથી ઉધાર લઈને તેને આ પ્રમાણે હેરાન ન કરે. તમારે તો માગ્યા વિના એના પૈસા પાછા આપી દેવા જોઈએ. આ પ્રસંગ જ ન આવવો જોઈએ.

રમેશ : ગુરુજી ! મેં એની પાસેથી પૈસા લીધા જ છે ક્યાં ?

અધ્યાપક : લીધા નથી, તો પછી એ માગે છે કેમ ?

સુરેશ : એણે પૈસા તો લીધા નથી પરંતુ શરત તો લગાવી હતી અને હારી પણ ગયો. હવે પૈસા કેમ ન આપે ?

અધ્યાપક : ઓહ ! તમે જુગાર રમો છો ? સારા છોકરાઓ જુગાર કદીય ન રમે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

સુરેશ : ના સાહેબ ! અમે તો શરત લગાવી હતી. જુગાર ક્યાં રમ્યા છીએ ?

અધ્યાપક : હાર-જીત પર નજર રાખીને રૂપિયા, પૈસા અથવા કોઈ પ્રકારના ધન વડે રમત રમવી અથવા શરત લગાવીને કોઈ કામ કરવું અથવા દાવ લગાવવો તે જ જુગાર તો છે. તે ખૂબ જ ખરાબ વ્યસન છે; એના ચક્કરમાં ફસાયેલા લોકોનું આત્મહિત તો બહુ દૂર રહ્યું પરંતુ લૌકિક જીવન પણ અસ્ત-વ્યસ્ત થઈ જાય છે. મહાપ્રતાપી પાંડવોને પણ તેના સેવનથી ઘણી જ મુશીબતો ઉઠાવવી પડી હતી. તેથી આજથી પ્રતિજ્ઞા કરો કે હવે ક્યારેય જુગાર નહીં ખેલીએ, શરત લગાવી કોઈ કામ નહીં કરીએ.

રમેશ : આ પાંડવો કોણ હતા ?

અધ્યાપક : ઘણાં વર્ષો પહેલાં આ ભારતવર્ષમાં કુરુજાંગલ દેશના હસ્તિનાપુર નગરમાં કુરુવંશી રાજા ધૃતરાજ રાજ્ય કરતા હતા. તેમને ત્રણ રાણીઓ હતી-અંબિકા-અંબાલિકા અને અંબા. ત્રણે રાણીઓથી ક્રમશઃ ધૃતરાષ્ટ્ર, પાંડુ અને વિદૂર નામના ત્રણ પુત્રો થયા. રાજા ધૃતરાજના ભાઈ રુકમણના પુત્રનું નામ ભીષ્મ હતું.

ધૃતરાષ્ટ્રને ગાંધારી નામની રાણીથી દુર્યોધન વગેરે સો પુત્રો ઉત્પન્ન થયા, જેમને કૌરવોના નામથી ઓળખવામાં આવે છે. પાંડુને કુન્તી અને માદ્રી નામની બે રાણીઓ હતી. કુંતીથી કર્ણ નામનો પુત્ર તો પાંડુના ગુપ્ત (ગાંધર્વ) લગ્નથી થયો, જેને અપયશના ભયથી અલગ કરી દેવામાં આવ્યો હતો અને તે અન્યત્ર પાલન-પોષણ મેળવી મોટો થયો તથા યુધિષ્ઠિર, ભીમ અને અર્જુન ત્રણ પુત્રો પછીથી થયા. માદ્રીથી નકુલ અને સહદેવ બે પુત્રો થયા. પાંડુના પાંચ પુત્રો યુધિષ્ઠિર, ભીમ, અર્જુન, નકુલ અને સહદેવ-પાંચ પાંડવોના નામથી ઓળખાય છે.

સુરેશ : અમે તો સાંભળ્યું છે કે કૌરવો અને પાંડવો વચ્ચે બહુ મોટું યુદ્ધ થયું હતું ?

અધ્યાપક : કૌરવો અને પાંડવોમાં રાજ્ય માટે પરસ્પર તંગદીલી વધી

ગઈ હતી, પરંતુ ભીષ્મ, વિદુર અને ગુરુ દ્રોણાચાર્યે વચ્ચે પડીને સમજુતી કરાવી હતી. અડધું રાજ્ય કૌરવોને અને અડધું રાજ્ય પાંડવોને અપાવ્યું, પરંતુ એમનું માનસિક દ્વન્દ્વ પૂરું થયું ન હતું.

રમેશ : ગુરુ દ્રોણાચાર્ય કોણ હતા ?

અધ્યાપક : શું તમે ગુરુ દ્રોણાચાર્યના સંબંધમાં પણ કાંઈ જાણતા નથી ? તેઓ ભાર્ગવવંશી ધનુર્વિદ્યામાં પ્રવીણ આચાર્ય હતા. તેમણે જ કૌરવો અને પાંડવોને ધનુર્વિદ્યા શીખવી હતી. એમનો પુત્ર અશ્વત્થામા હતો, જે એમના જેવો જ ધનુર્વિદ્યામાં પ્રવીણ હતો.

સુરેશ : જ્યારે સમજુતી થઈ ગઈ હતી તો પછી લડાઈ કેમ થઈ ?

અધ્યાપક : તમને કહ્યું હતું ને કે એમનાં મન સ્વચ્છ થયાં ન હતાં. એક વખતે જ્યારે પાંડવો પોતાના મહેલમાં સૂઈ રહ્યા હતા ત્યારે કૌરવોએ એમના ઘરમાં આગ લગાવી દેવડાવી.

રમેશ : શું આગ લગાવી દેવડાવી ? એ તો એમણે ઘણું ખરાબ કામ કર્યું. તો શું પાંડવો એમાં ખાખ થઈ મરી ગયા ?

અધ્યાપક : ના ભાઈ, ના. સાંભળો. એમણે ખરાબ કામ તો કર્યું જ. આ પ્રકારની હિંસાત્મક પ્રવૃત્તિઓથી જ તો દેશ અને સમાજ નાશ પામે છે. પાંડવો તો ભોંયરામાં થઈ બહાર નીકળી ગયા, પરંતુ લોકોએ એમ જાણ્યું કે પાંડવો બળી ખાખ થઈ ગયા. આ હત્યાકાંડથી લોકોમાં કૌરવોની ખૂબ નિન્દા થઈ, પરંતુ તેઓ ખુશ હતા. દુર્જનોની પ્રવૃત્તિ જ હિંસામાં આનંદ માણવાની હોય છે.

રમેશ : પછી પાંડવો ક્યાં ચાલ્યા ગયા ?

અધ્યાપક : કેટલોક સમય તો તેઓ ગુપ્તવાસમાં રહ્યા અને ફરતા-ફરતા રાજા દ્રુપદની રાજધાની માકન્દી પહોંચ્યા. ત્યાં રાજા દ્રુપદની પુત્રી દ્રૌપદીનો સ્વયંવર થઈ રહ્યો હતો. તેમાં ધનુષ્ય ચઢાવનારને જ દ્રૌપદી વરશે એવી ઘોષણા કરવામાં આવી હતી. ઉક્ત સ્વયંવરમાં દુર્યોધનાદિ કૌરવો પણ આવ્યા હતા, પરંતુ તે દેવોપુનીત ધનુષ્યને કોઈ પણ ચઢાવી શક્યું નહીં. છેવટે અર્જુને એને

સહજ રમતમાત્રમાં ચઢાવી દીધું અને દ્રૌપદીએ અર્જુનના ગળામાં વરમાળા પહેરાવી દીધી.

રમેશ : અમે તો સાંભળ્યું છે કે દ્રૌપદી પાંચેય પાંડવોને વરી હતી ?

અધ્યાપક: ના રે ભાઈ, દ્રૌપદી તો મહાસતી હતી. તેણીએ તો અર્જુનના ગળામાં વરમાળા પહેરાવી હતી. તેણી તો યુધિષ્ઠિર અને ભીમને જેઠ હોવાથી પિતા સમાન તથા નકુલ અને સહદેવને દિયર હોવાથી પુત્ર સમાન માનતી હતી.

સુરેશ : તો પછી લોકો એમ શા માટે કહે છે ?

અધ્યાપક: ભાઈ ! વાત એમ છે કે જ્યારે દ્રૌપદી અર્જુનના ગળામાં વરમાળા પહેરાવી રહી હતી ત્યારે વરમાળાનો દોરો તૂટી ગયો અને થોડાં ફૂલ વિખરાઈને પાસે ઊભેલા બાકીના ચાર પાંડવો પર પણ પડ્યાં અને તેમનાથી બળતરા રાખનારા તથા દ્રૌપદી પ્રાપ્ત કરવાની આશાથી આવેલા લોકોએ આ અપવાદ ફેલાવી દીધો કે તેણી તો પાંચેય પાંડવોને વરી છે.

પાંડવો બ્રાહ્મણ-વેશમાં હતા. તેથી ત્યાં ઉપસ્થિત રાજાગણ અને દુર્યોધનાદિ કૌરવો કોઈ પણ તેમને ઓળખી શક્યા નહીં. પરંતુ દુર્યોધનને એ ઠીક ન લાગ્યું કે તેમની હાજરીમાં એક સાધારણ બ્રાહ્મણ દ્રૌપદીને વરીને લઈ જાય. તેથી તેણે બધા રાજાઓને ઉશ્કેર્યા કે મહાપ્રતાપી રાજાઓની હાજરીમાં એક સાધારણ વિપ્રને દ્રૌપદી વરે-એ આ બધા રાજાઓનું અપમાન છે.

પરિણામે દુર્યોધન વગેરે ઉપસ્થિત તમામ રાજાગણ અને પાંડવો વચ્ચે ભયંકર યુદ્ધ થયું.

ધનુર્ધારી અર્જુનની સામે જ્યારે કોઈ ધનુર્ધારી ટકી શક્યો નહીં ત્યારે સ્વયં ગુરુ દ્રૌણાચાર્ય તેની સાથે યુદ્ધમાં ઉતર્યા. સામે ગુરુદેવને ઊભેલા જોઈ, અર્જુન વિનયથી નમ્રીભૂત થઈ ગયો અને ગુરુને નમસ્કાર કરી બાણ દ્વારા પોતાનો પરિચય-પત્ર ગુરુદેવની પાસે મોકલી આપ્યો.

ગુરુદ્રોણને જ્યારે ખબર પડી કે અર્જુન વગેરે પાંડવો હજુ જીવિત છે તો તેમને ખૂબ ખુશી થઈ અને તેમણે બધાને આ સમાચાર કહ્યા. એકવાર ફરીથી ગુરુદ્રોણ અને ભીષ્મ પિતામહે કૌરવો અને પાંડવોમાં મેળ-મેળાપ કરાવી દીધો.

આ પ્રમાણે ફરી પાછો કૌરવો અને પાંડવોનો મેળાપ થયો તથા તેઓ બીજીવાર અડધું અડધું રાજ્ય લઈને હસ્તિનાપુરમાં રહેવા લાગ્યા.

સુરેશ : ગુરુદેવ ! આપે તો પાંડવોની જુગાર રમવાની વાત કહી હતી, એ તો આ કથામાં ક્યાંય આવ્યું જ નહીં.

અધ્યાપક : હા, સાંભળો ! એક દિવસ દુર્યોધન અને યુધિષ્ઠિર શરત લગાવીને જુગાર રમી રહ્યા હતા. એમણે આ જુગારમાં જ ૧૨ વર્ષના રાજ્યને પણ દાવમાં લગાવી દીધું. દુર્યોધન કપટ વડે દાવ જીતી ગયો અને યુધિષ્ઠિર વગેરે પાંડવોને ૧૨વર્ષ માટે રાજ્ય છોડીને અજ્ઞાતવાસમાં રહેવું પડ્યું.

એટલે તો કહ્યું છે કે "શરત લગાવીને કોઈ કામ કરવું અથવા જુગાર રમવો એ બધાં અનર્થોનું મૂળ છે." આત્માનું હિત ઈચ્છનાર પુરુષે તેનાથી હમેશાં દૂર જ રહેવું જોઈએ. જુઓ ! મહાબળધારી અને તે જ ભવમાં મોક્ષ જવાવાળા યુધિષ્ઠિરાદિને પણ એના સેવનના ફળરૂપે ઘણી વિપદાઓનો સામનો કરવો પડ્યો.

રમેશ : તો પછી એ બાર વર્ષ સુધી ક્યાં રહ્યા ?

અધ્યાપક : કોઈ એક સ્થાન પર થોડાં જ રહ્યા, વેશ બદલીને જગા-જગાએ ફરતા રહ્યા.

સુરેશ : અમે સાંભળ્યું છે કે ભીમ ખૂબ બળવાન હતો. તેણે મહાબલી કીચકને ખૂબ માર માર્યો હતો.

અધ્યાપક : હા, આ ઘટના પણ એમના બારવર્ષીય ગુપ્તવાસના સમયમાં જ બની હતી. જ્યારે તેઓ વિચરતા-વિચરતા વિરાટનગર પહોંચ્યા તો ગુપ્તવેશે જ રાજા વિરાટને ત્યાં જુદી-જુદી કામગીરીઓ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

પર કામ કરવા લાગ્યા. યુધિષ્ઠિર પંડિત બનીને, ભીમ રસોયો બનીને, અર્જુન નર્તકી બનીને અને નકુલ તથા સહદેવ અશ્વશાળાના અધિકારી બનીને રહ્યા. દ્રૌપદી પણ માળણ બનીને રહેવા લાગી.

રાજા વિરાટની રાણીનું નામ સુદર્શન હતું અને તેનો ભાઈ કીચક હતો. એણે જ્યારે દ્રૌપદીને જોઈ તો તે તેના પર મોહિત થઈ ગયો. તેણે તો મહાસતી દ્રૌપદીને સાધારણ માળણ માની હતી, તેથી દ્રૌપદીને અનેક પ્રકારનો લોભ દેખાડીને તે પોતાનો ખરાબ ભાવ પ્રગટ કરવા લાગ્યો. દ્રૌપદીએ આ વાત પોતાના જેઠ ભીમને કહી. ભીમે તેને કહ્યું કે તમે એની સાથે બનાવટી સ્નેહભરી વાતો કરીને મળવાનું સ્થાન અને સમય નિશ્ચિત કરી લેજો. પછી બધું હું સંભાળી લઈશ. પાપી કીચકને પોતાના દુષ્ટ ભાવોની સજા મળવી જ જોઈએ.

રમેશ : પછી શું બન્યું ?

અધ્યાપક : પછી કહેવું શું ? દ્રૌપદીએ માયાવી સ્નેહ દ્વારા તેની સાથે રાત્રિનો સમય અને એકાન્ત સ્થાન નક્કી કરી લીધાં. પછી ભીમ દ્રૌપદીનાં કપડાં પહેરીને નક્કી કરેલા સ્થાન પર, નક્કી કરેલા સમય પહેલાં જ પહોંચી ગયા.

કામાંધ કીચક જ્યારે ત્યાં પહોંચ્યો તો દ્રૌપદીને ત્યાં આવેલી જાણીને ખૂબ પ્રસન્ન થયો અને તેની સાથે પ્રેમગોષ્ઠી કરવા લાગ્યો, પરંતુ પ્રેમાલાપની ચેષ્ટાઓનો જવાબ તે પાપીને જ્યારે ભીમના અતિ આકરા મુષ્ઠિ-પ્રહારોથી મળ્યો ત્યારે તે ચકિત થઈ વિહ્વળ બની ગયો. તેણે પોતાની શક્તિ અનુસાર પ્રતિકાર કરવાનો ઘણો પ્રયત્ન કર્યો પણ ભીમની આગળ તેનું કાંઈ ચાલ્યું નહીં અને તે નિર્મદ અને દીન-દુઃખી થઈ ગયો. એને દીન-દુઃખી દશામાં જોઈને દયાળુ ભીમે ભવિષ્યમાં આવું કામ નહીં કરવાની ચેતવણી આપીને છોડી દીધો. તેને પોતાનાં કરેલાં કામોની સજા મળી ગઈ.

સુરેશ : ત્યાર પછી પાંડવોનું શું થયું ?



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

અધ્યાપક : ત્યાર પછી તેઓ પોતાના મામાને ત્યાં દ્વારિકા જતા રહ્યા. દ્વારકાધીશ કૃષ્ણના પિતા વસુદેવ અને ભગવાન નેમિનાથના પિતા સમુદ્રવિજય પાંડવોના મામા થાય. તેમણે બહેન સાથે આવેલા પોતાના ભાણેજોનો બહુ આદર-સત્કાર કર્યો.

સુરેશ : ગુરુજી? કૌરવો અને પાંડવોને પરસ્પર બહુ મોટું યુદ્ધ પણ થયું હતું?

અધ્યાપક : હા, થયું હતું, પરંતુ તે યુદ્ધ માત્ર કૌરવો અને પાંડવોનું જ રહ્યું ન હતું. તે યુદ્ધમાં તો આખુંય ભારતવર્ષ સંડોવાયું હતું, કેમકે તે યુદ્ધમાં પાંડવોની સાથે નારાયણ શ્રીકૃષ્ણ અને કૌરવોની સાથે પ્રતિનારાયણ જરાસંઘ જોડાયા હતા, તેથી તે યુદ્ધે નારાયણ અને પ્રતિનારાયણના મહાયુદ્ધનું રૂપ લઈ લીધું હતું. જ્યારે એ યુદ્ધમાં નારાયણ શ્રીકૃષ્ણનો વિજય થયો અને તેઓ ત્રિખંડી અર્ધચક્રવર્તી રાજા થયા એટલે પાંડવોને સ્વાભાવિક રીતે જ હસ્તિનાપુરના મહામંડલેશ્વરનું પદ પ્રાપ્ત થયું. યુધિષ્ઠિર ગંભીર પ્રકૃતિના સહજ ધર્માનુરાગી ન્યાયવંત રાજા હતા, તેથી તેઓ ધર્મરાજ યુધિષ્ઠિરના નામથી ઓળખાય છે. ભીમમાં શારિરિક બળ અતુલ હતું તથા તેઓ મલ્લવિદ્યામાં અજોડ હતા અને અર્જુન પોતાની બાણવિદ્યામાં જગ-પ્રસિદ્ધ ધનુર્ધર હતા. તેઓ બહુ કાળ સુધી શાન્તિપૂર્વક રાજ્ય-સુખ ભોગવતા હતા.

રમેશ : પછી?

અધ્યાપક : પછી શું? ઘણા વખત પછી દ્વારિકા-દાહની ભયંકર ઘટનાથી એમનું હૃદય હચમચી ઊઠ્યુ અને એમનું ચિત્ત સંસારથી ઉદાસ થઈ ગયું. એક દિવસે તે વિરક્ત-હૃદય પાંડવો ભગવાન નેમિનાથની વંદના માટે પરિવાર સહિત તેમના સમવસરણમાં ગયા. ત્યાં ભગવાનની દિવ્ય-ધ્વનિ સાંભળીને એમનો વૈરાગ્ય વિશેષ પ્રબળ થયો. દિવ્ય-ધ્વનિમાં એમ આવી રહ્યું હતું કે ભોગોમાં સાચું સુખ નથી, સાચું સુખ આત્મામાં છે. આત્માનું હિત તો આત્માને સમજીને તેનાથી ભિન્ન સમસ્ત પર પદાર્થોથી મમત્વ હઠાવી જ્ઞાન-સ્વભાવી આત્મામાં

એકાગ્ર થવામાં છે. લૌકિક લાભ-હાનિ તો પુણ્ય-પાપનો ખેલ છે, એમાં આત્માનું હિત નથી. આ આત્મા વ્યર્થ જ પુણ્યના ઉદયમાં હર્ષ અને પાપના ઉદયમાં વિષાદ માને છે. મનુષ્યભવની સાર્થકતા તો સમસ્ત જગતથી મમત્વ હઠાવી આત્મકેન્દ્રિત થવામાં જ છે.

ભગવાનની દિવ્ય-વાણી સાંભળીને પાંચેય પાંડવોએ તે જ સમયે ભગવાન પાસે ભવભ્રમણનો નાશ કરનારી દિગંબરી દિક્ષા ધારણ કરી તથા તેમની માતા કુંતી, દ્રૌપદી, સુભદ્રા વગેરે અનેક રાણીઓએ આર્જિકા રાજમતી (રાજુલ)ની પાસે આર્જિકાનાં વ્રતનો સ્વીકાર કર્યો.

સુરેશ : પછી ?

અધ્યાપક : પછી શું ? પાંચેય પાંડવ-મુનિરાજ આત્મ-સાધનામાં તત્પર બની ઘોર તપશ્ચરણ કરવા લાગ્યા. એક દિવસે તેઓ શત્રુંજય પર્વત પર ધ્યાન-મગ્ન હતા. તે વખતે ત્યાં દુર્યોધનનો વંશજ યવરોધન આવ્યો અને પાંડવોને ધ્યાનાવસ્થ મુદ્રામાં જોઈ, તેનો ક્રોધ ભભૂકી ઊઠ્યો. તે વિચારવા લાગ્યો કે આ તે જ દુષ્ટ પાંડવો છે, જેમણે મારા પૂર્વજ દુર્યોધન વગેરે કૌરવોની દુર્દશા કરી હતી. હમણાં તેઓ નિઃસહાય છે, હથિયાર-વિહીન છે, આ સમયે એમનો બદલો લેવો જોઈએ અને એમને એમના કર્યાની મજા ચખાડવી જોઈએ. એમ વિચારીને તે દુષ્ટે લોઢાનાં ઘરેણાં બનાવીને તેને આગમાં તપાવી લાલચોળ કર્યાં અને પાંચેય પાંડવોને ધ્યાનાવસ્થામાં પહેરાવીને કહેવા લાગ્યો, દુષ્ટો ! તમારા કરેલાં કામની મજા ચાખો.

રમેશ : અરે ! શું કહ્યું ! એ દુષ્ટે પાંડવોને સળગાવી દીધા ?

અધ્યાપક : તે મુહામુનિ પાંડવોને તો શું સળગાવે, તે પોતે જ દ્વેષની આગમાં બળી રહ્યો હતો. તેણે પહેરાવેલાં ગરમ લોઢાનાં આભૂષણોથી પાંડવોની કાયા અવશ્ય બળી રહી હતી, પરંતુ તેઓ પોતે તો જ્ઞાનાનંદ - સ્વભાવી આત્મામાં લીન હતા અને આત્મ-

લીનતાની અપૂર્વ શીતળતામાં અનંત શાંત હતા તથા ધ્યાનની જ્વાળાથી શુભાશુભ ભાવોને ભસ્મ કરી રહ્યા હતા.

સુરેશ : પછી શું થયું ? શું તેઓ બળીને ખાખ થઈ ગયા ?

અધ્યાપક : હા, એમનો પાર્થિવ દેહ તો બળીને ખાખ થઈ ગયો. સાથે જ ત્રણ પાંડવો-યુધિષ્ઠિર, ભીમ અને અર્જુને તો ક્ષપક શ્રેણીએ આરોહણ કરી આઠ કર્મોને પણ ભસ્મ કરી દીધાં અને કેવળજ્ઞાન પામીને શત્રુંજય પર્વતથી સિદ્ધપદ પ્રાપ્ત કર્યું તથા નકુલ અને સહદેવે દેવાયુનો બંધ કરી સર્વાર્થસિદ્ધિ પ્રાપ્ત કરી. તેઓ પણ ત્યાંથી ચ્યવીને મનુષ્ય-ભવ ધારણ કરીને મોક્ષ પ્રાપ્ત કરશે.

રમેશ : ઠીક ! તો શત્રુંજય એટલા માટે સિદ્ધક્ષેત્ર કહેવાય છે, કેમ કે ત્યાંથી ત્રણ પાંડવો મોક્ષ પધાર્યા હતા. આ શંત્રુજય ક્યાં આવેલો છે ?

અધ્યાપક : હા ભાઈ, તે ગુજરાત રાજ્યના સૌરાષ્ટ્ર વિભાગમાં ભાવનગરની પાસે આવેલો છે. તેને પાલીતાણા પણ કહે છે.

સુરેશ : સોનગઢની પાસે. સોનગઢ તો હું ગયો હતો. ભાવનગરની પાસે જ તો સોનગઢ છે.

અધ્યાપક : હા, ભાઈ, સોનગઢથી કુલ ૨૨ કિલોમીટર દૂર શત્રુંજય પર્વત છે. તેની વંદના આપણે અવશ્ય કરવી જોઈએ તથા પાંડવોના જીવનમાંથી બોધ ગ્રહણ કરવો જોઈએ.

સુરેશ : હા, હવે હું સમજ્યો કે આત્મ-સાધના સિવાય લૌકિક હાર-જીતનું કાંઈ મહત્ત્વ નથી. આત્માની સાચી જીત તો મોહ-રાગ-દ્વેષને જીતવામાં છે.

રમેશ : અને જુગારના વ્યસનમાં પડીને મહાપરાક્રમી પાંડવોને પણ અનેક વિપત્તિઓ સહન કરવી પડી, તેથી આપણે કોઈ પણ કામ શરત લગાવીને નહીં કરવું જોઈએ.

અધ્યાપક : બહુ જ સરસ. આજે તમે સાચો અને સાર્થક પાઠ ભણ્યા.

પ્રતિજ્ઞા કરો કે આજથી કોઈ કાર્ય શરત લગાવીને નહીં કરીએ.


સુરેશ અને રમેશ : (એકી સાથે) હા, ગુરુદેવ ! અમે પ્રતિજ્ઞા કરીએ છીએ કે આજથી કોઈ પણ કામ અમે શરત લગાવીને નહીં કરીએ અને અમારા સાથીઓને પણ શરત લગાવીને કામ નહીં કરવાની પ્રેરણા આપીશું.

**પ્રશ્ન :-**

૧. પાંડવોની વાર્તા લખો. એથી આપણને શું બોધ મળે છે ?

૨. શું દ્રૌપદીને પાંચ પતિ હતા ? જો ના, તો પછી એમ શા માટે કહેવાય છે ?

**પાંચ પાંડવો**






Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# પાઠ - ૯

# ❋ ભાવના બત્રીસી ❋

## *આચાર્ય અમિતગતિ*[1]
## *(વ્યક્તિત્વ અને કર્તૃત્વ)*

વિક્રમની અગિયારમી સદીના પ્રસિદ્ધ આચાર્ય અમિતગતિને વાક્‌પતિરાજ મુંજની રાજસભામાં સન્માનની દૃષ્ટિથી જોવામાં આવતા હતા. રાજા મુંજ ઉજ્જૈનીના રાજા હતા, તેઓ પોતે મહાન વિદ્વાન અને કવિ હતા. આચાર્ય અમિતગતિ બહુશ્રુત વિદ્વાન અને વિવિધ વિષયોના ગ્રંથ-નિર્માતા હતા. તેમણે રચેલા બધા જ ગ્રંથો સંસ્કૃત ભાષામાં છે. તેમણે પોતાનો પ્રસિદ્ધ ગ્રંથ ''સુભાષિત રત્નસંદોહ'' વિ.સં. ૧૦૫૦માં તથા ''ધર્મપરીક્ષા'' વિ.સં. ૧૦૭૦માં પૂરા કર્યા હતા. તેમના ગ્રંથોની વિષયવસ્તુ અને ભાષા-શૈલી સરળ, સુબોધ અને રોચક છે. એમની નીચેની રચનાઓ ઉપલબ્ધ છે-સુભાષિત રત્ન સંદોહ, ધર્મપરીક્ષા, ભાવના-દ્વાત્રિશતિકા, પંચસંગ્રહ, ઉપાસકાચાર, આરાધના, સામાયિક પાઠ પણ એમની રચનાઓ છે.

''સુભાષિત રત્નસંદોહ'' એક સુભાષિત ગ્રંથ છે. એમાં ૩૨ પ્રકરણ અને ૯૨૨ છંદ છે. સુભાષિત નીતિ સાહિત્યમાં એનું મહત્ત્વપૂર્ણ સ્થાન છે. સુભાષિત પ્રેમીઓએ એનું અધ્યયન અવશ્ય કરવું જોઈએ.

''ધર્મ પરીક્ષા'' સંસ્કૃત સાહિત્યમાં પોતાની પદ્ધતિનો એક નિરાળો ગ્રંથ છે. એમાં પુરાણોની અટપટી અસંગત કથાઓ અને માન્યતાઓને મનોરંજક રૂપે રજૂ કરીને અવિશ્વસનીય સિદ્ધ કરી છે. આ ૧૯૪૫ છંદોનો ગ્રંથ છે. તત્ત્વ-પ્રેમીઓએ તેનું અધ્યયન અવશ્ય કરવું જોઈએ.

આ પાઠ તેમની ભાવના-દ્વાત્રિશતિકાનો હિંદીમાં પદ્યાનુવાદ છે અને તે પં. યુગલકિશોરજી 'યુગલ' કોટાવાળાએ કરેલો છે.

---

૧. જૈન સાહિત્ય અને ઈતિહાસ : નાથૂરામ પ્રેમી પૃષ્ઠ ૨૭૫



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# ભાવના બત્રીસી

પ્રેમ ભાવ હો સબ જીવોં સે, ગુણી જનોં મેં હર્ષ પ્રભો;
કરુણા-સ્ત્રોત બહે દુઃખિયોં પર, દુર્જન મેં મધ્યસ્થ વિભો. ૧.

યહ અનંત બલ-શીલ આતમા, હો શરીર સે ભિન્ન પ્રભો;
જ્યોં હોતી તલવાર મ્યાન સે, વહ અનંત બલ દો મુઝકો. ૨.

સુખ-દુઃખ વૈરી-બન્ધુ વર્ગ મેં, કાંચ-કનક મેં સમતા હો;
વન-ઉપવન પ્રાસાદ[૧]-કુટી મેં, નહીં ખેદ નહીં મમતા હો. ૩.

જિસ સુંદરતમ પથ પર ચલકર, જીતે મોહ માન મન્મથ[૨];
વહ સુંદર પથ હી પ્રભુ! મેરા, બના રહે અનુશીલન પથ. ૪.

એકેન્દ્રિય આદિક પ્રાણી કી, યદિ મૈંને હિંસા કી હો;
શુદ્ધ હૃદય સે કહતા હૂઁ વહ, નિષ્ફલ હો દુષ્કૃત્ય પ્રભો. ૫.

મોક્ષમાર્ગ પ્રતિકૂલ[૩] પ્રવર્ત્તન, જો કુછ કિયા કષાયોં સે;
વિપથ[૪]-ગમન સબ કાલુષ મેરે, મિટ જાવેં સદ્‌ભાવોં સે. ૬.

ચતુર વૈદ્ય વિષ વિક્ષત[૫] કરતા, ત્યોં પ્રભુ! મૈં ભી આદિ ઉપાઁત;
અપની નિંદા આલોચના સે, કરતા હૂઁ પાપોં કો શાંત. ૭.

સત્ય અહિંસાદિક વ્રત મેં ભી, મૈંને હૃદય મલિન કિયા;
વ્રત વિપરીત-પ્રવર્ત્તન કરકે, શીલાચરણ[૬] વિલીન[૭] કિયા. ૮.

કભી વાસના[૮] કી સરિતા કા, ગહન[૯] સલિલ મુઝ પર છાયા;
પી પીકર વિષયોં કી મદિરા, મુઝમેં પાગલપન આયા. ૯.

---

૧. મહલ, ૨. કામદેવ, ૩. વિરુદ્ધ, ૪. ખોટો માર્ગ, ૫. નષ્ટ, ૬. સદાચાર
૭. લોપ, ૮. ઈંદ્રિય-વિષયોકી ચાહ, ૯. ગહરા.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

મૈંને છલી ઔર માયાવી, હો અસત્ય-આચરણ કિયા;
પર-નિંદા ગાલી ચુગલી જો, મુહ પર આયા વમન કિયા. ૧૦.

નિરભિમાન ઉજ્જવલ માનસ હો, સદા સત્ય કા ધ્યાન રહે;
નિર્મલ-જલ કી સરિતા સદૃશ, હિય મેં નિર્મલ જ્ઞાન બહે. ૧૧.

મુનિ ચક્રી[૧] શક્રી[૨] કે હિય મેં, જિસ અનંત કા ધ્યાન રહે;
ગાતે વેદ પુરાણ જિસે વહ, પરમ દેવ મમ હૃદય રહે. ૧૨.

દર્શન-જ્ઞાન સ્વભાવી જિસને, સબ વિકાર હી વમન કિયે;
પરમ ધ્યાન ગોચર પરમાતમ, પરમ દેવ મમ હૃદય રહે. ૧૩.

જો ભવ-દુઃખ કા વિધ્વંસક હૈ, વિશ્વ-વિલોકી [૩] જિસકા જ્ઞાન;
યોગી-જન કે ધ્યાનગમ્ય વહ, બસે હૃદય મેં દેવ મહાન. ૧૪.

મુક્તિ-માર્ગ કા દિગ્દર્શક હૈ, જન્મ મરણ સે પરમ અતીત; [૪]
નિષ્કલંક ત્રૈલોક્ય-દર્શી વહ, દેવ રહે મમ હૃદય સમીપ. ૧૫.

નિખિલ વિશ્વ કે વશીકરણ વે, રાગ રહે ના દ્વેષ રહે;
શુદ્ધ અતીન્દ્રિય જ્ઞાનસ્વરૂપી, પરમ દેવ મમ હૃદય રહે. ૧૬.

દેખ રહા જો નિખિલ વિશ્વ કો, કર્મ-કલંક-વિહીન વિચિત્ર;
સ્વચ્છ વિનિર્મલ નિર્વિકાર વહ, દેવ કરે મમ હૃદય પવિત્ર. ૧૭.

કર્મ-કલંક અછૂત ન જિસકા, કભી છૂ સકે દિવ્ય પ્રકાશ;
મોહ તિમિર કો ભેદ ચલા જો, પરમ શરણ મુઝકો વહ આપ્ત [૫]. ૧૮.

જિસકી દિવ્ય જ્યોતિ કે આગે, ફીકા પડતા સૂર્ય પ્રકાશ;
સ્વયં જ્ઞાનમય સ્વપર-પ્રકાશી, પરમ શરણ મુઝકો વહ આપ્ત. ૧૯.

જિસકે જ્ઞાનરૂપ દર્પણ મેં, સ્પષ્ટ ઝલકતે સભી પદાર્થ;
આદિ અંત સે રહિત શાંત શિવ, પરમ શરણ મુઝકો વહ આપ્ત. ૨૦.

---

૧. ચક્રવર્તી, ૨. ઈન્દ્ર, ૩. સંપૂર્ણ વિશ્વ કો જાનનેવાલા, ૪. રહિત, ૫. દેવ.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

જૈસે અગ્નિ જલાતી તરુ કો, તૈસે નષ્ટ હુએ સ્વયમેવ;
ભય-વિષાદ ચિંતા સબ જિસકેં, પરમ શરણ મુઝકો વહ દેવ. ૨૧.

તૃણ ચૌકી શિલ[1] શૈલ-શિખર[2] નહિ, આત્મ-સમાધિ કે આસન;
સંસ્તર પૂજા સંઘ સમ્મિલન, નહીં સમાધિ કે સાધન. ૨૨.

ઈષ્ટ-વિયોગ[3] અનિષ્ટ-યોગ[4] મેં, વિશ્વ મનાતા હૈ માતમ;[5]
હેય[6] સભી હૈ વિશ્વ-વાસના, ઉપાદેય[7] નિર્મલ આતમ. ૨૩

બાહ્ય જગત કુછ ભી નહીં મેરા, ઔર ન બાહ્ય જગત કા મૈં;
યહ નિશ્ચય કર છોડ બાહ્ય કો, મુક્તિ હેતુ નિત સ્વસ્થ રમેં. ૨૪.

અપની નિધિ તો અપને મેં હૈ, બાહ્ય વસ્તુ મેં વ્યર્થ પ્રયાસ;
જગ કા સુખ તો મૃગતૃષ્ણા હૈ, ઝૂઁઠે હૈં ઉસકે પુરુષાર્થ. ૨૫

અક્ષય હૈ શાશ્વત[8] હૈ આત્મા, નિર્મલ જ્ઞાનસ્વભાવી હૈ;
જો કુછ બાહર હૈ સબ પર હૈ, કર્માધીન વિનાશી હૈ. ૨૬.

તન સે જિસકા ઐક્ય નહીં, હો સુત તિય મિત્રોં સે કૈસે;
ચર્મ દૂર હોને પર તન સે, રોમ-સમૂહ રહેં કૈસે. ૨૭.

મહા કષ્ટ પાતા જો કરતા, પર પદાર્થ જડ-દેહ સંયોગ;
મોક્ષ-મહલ કા પથ હૈ સીધા, જડ[9] ચેતન કા પૂર્ણ વિયોગ[10]. ૨૮.

જો સંસાર પતન કે કારણ, ઉન વિકલ્પ જાલોં કો છોડ;
નિર્વિકલ્પ નિર્દ્વંદ્વ[11] આત્મા, ફિર ફિર લીન ઉસી મેં હો. ૨૯.

સ્વયં કિયે જો કર્મ શુભાશુભ, ફલ નિશ્ચય હી વે દેતે;
કરે આપ ફલ દેય અન્ય* તો સ્વયં કિયે નિષ્ફલ હોતે. ૩૦.

---

૧. શિલા, ૨. પર્વત કી ચોટી હોના, ૩. પ્રિય પદાર્થો કા બિછુડ જાના, ૪. અપ્રિય પદાર્થો કા સંયોગ, ૫. ચોક, ૬. ત્યાજ્ય, ૭. ગ્રહણ કરને યોગ્ય, ૮. સતત રહનેવાલા, ૯. અજીવ શરીરાદિક, ૧૦. અલગ હો જાના, ૧૧. સંસાર કે ઝગડોં સે રહિત

* કાર્ય સ્વયં કરે અને પોતે કરેલાં કર્મો (કાર્યો)નું ફલ બીજાને આધીન હોય તો સંસારમાં પુરુષાર્થ કરવાનું કાંઈ મહત્ત્વ રહેતું નથી.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

અપને કર્મ સિવાય જીવ કો, કોઈ ન ફલ દેતા કુછ ભી;
'પર દેતા હૈ' યહ વિચાર તજ, સ્થિર હો છોડ પ્રમાદી બુદ્ધિ. ૩૧.

નિર્મલ સત્ય શિવં સુંદર હૈ, 'અમિતગતિ' વહ દેવ મહાન;
શાશ્વત નિજ મેં અનુભવ કરતે, પાતે નિર્મલ પદ નિર્વાણ. ૩૨.

**પ્રશ્ન :-**

૧. ઉપરોક્ત ભાવનાંમાંથી આપને મનપસંદ એવા કોઈ પણ બે છંદ અર્થસહિત લખો.
૨. આચાર્ય અમિતગતિનાં વ્યક્તિત્વ અને કર્તૃત્વ સંબંધી પરિચય આપો.